MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૩-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 દુનિયાભરમાં કોરોનાના ૨૫ લાખથી વધુ કેસઃ ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

3 પ્રેસની સ્વતંત્રતા મામલે વિશ્વના ૧૮૦ દેશોમાંથી ભારત ૧૪૨માં ક્રમે

7 અમદાવાદમાં કોરોનાના નવા ૬૧ કેસ નોંધાયા, કુલ સાજા થનારા દર્દી સામે મૃત્યુઆંક વધ્યો

12 રાજપીપળા માં વીજ કર્મીઓને સુરક્ષાના સાધનોનો અભાવ..?!: જીવના જોખમે બળબળતા તાપમાં લોખંડના પોલ પર કામ કરતા બે કર્મચારીઓ

ભારતમાં કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર

૨૪ કલાકમાં ૧,૩૮૩ નવા કેસ, ૫૩ લોકોનાં મોત

કુલ મૃત્યુઆંક ૬૪૫ને પાર,સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા એક હજારથી વધુ,મહારાષ્ટ્ર-ગુજરાતમાં સૌથી વધુ મોત : ડોકટરોની આજની એક દિવસની હડતાળ મોકૂફ રહી, અમિત શાહે ડોક્ટર્સને વિશ્વાસ અપાવ્યો

ન્યુ દિલ્હી

દુનિયાભરમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના મહામારીએ ભારતમાં પણ ચિંતાજનક પરસ્થિતિનું નિર્માણ કર્યું હોય તેમ સમગ્ર દેશમાં કોરોનાવાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. કોરોના ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૨૦ હજારને પાર કરી ગઇ છે. દેશમાં આ વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૨૦,૦૮૦ થઈ છે. તેમાંથી, ૧૫,૪૬૦ સક્રિય કેસ છે જ્યારે ૩,૯૭૫ દર્દીઓ સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી આ વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૬૪૫ પર પહોંચી ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૮૩ નવા કેસ નોંધાયા છે અને ૫૩ લોકોનાં મોત નીપજ્યાં છે. તે સાથે, દેશભરમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા વધીને ૧૯,૯૮૪ થઈ છે, જેમાંથી ૧૫,૪૭૪ સક્રિય છે, ૩,૮૭૦ લોકો સ્વસ્થ થયા છે અથવા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા છે અને ૬૪૦ લોકો મૃત્યુ પામ્યા છે. દરમ્યાનમાં ડોક્ટરો દ્વારા આવતીકાલ ૨૩મીની એક દિવસની પ્રતિક હડતાલ કેન્દ્ર સરકારના ગૃહમંત્રી અમિત શાહની સમજાવટ અને સુરક્ષાની ખાતરીના પગલે મોકૂફ રાખવામાં આવી છે. ડોક્ટરો પર હાલમાં વધી રહેલા હુમલાઓને લઈને ડોક્ટરોના સંગઠન દ્વારા ૨૩મીએ એક દિવસની હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સૌથી વધુ મોત થયા છે એમ કહીને સૂત્રોએ કહ્યું કે, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કોરોનાવાયરસથી સૌથી વધુ મૃત્યુ થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૫૧ લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે રાજ્યમાં કોવિડ -૧૯ ચેપના ૫,૨૧૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ, ગુજરાતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો હતો અને ચેપગ્રસ્તની સંખ્યા વધીને ૨,૧૭૮ થઈ ગઈ છે. અહીં સુધીમાં ૯૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે જ સમયે, મધ્યપ્રદેશના કિસ્સામાં, કોવિડ-૧૯ ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૫૫૨ થઈ છે જ્યારે મૃત્યુઆંક ૮૦ છે.

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૨૦,૩૨૮ થઈ ગઈ અને ૬૫૨ લોકોના મોત થયા છે. હવે ભારત અમેરિકા, સ્પેન, ઈટલી, ફ્રાન્સ, જર્મની, બ્રિટન સહિત એ ૧૭ દેશમાં સામેલ થઈ ગયું છે, જયા સંક્રમણના ૨૦ હજારથી વધારે કેસ છે. બુધવારે મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેના આવાસ પર તહેનાત એક પોલીસકર્મી કોરોના પોઝિટિવ મળી આવ્યો છે. રાજસ્થાનમાં ૬૪ અને ઓરિસ્સામાં ૩ નવા દર્દી મળ્યા છે. દેશમાં મંગળવાર રાત સુધી ૧૫૩૭ નવા દર્દી સામે આવ્યા હતા. આ સંખ્યા સતત ચોથા દિવસે ૧ હજારથી વધારે છે. ગઈકાલે રેકોર્ડ ૭૦૨ દર્દી સાજા થયા છે.

બુધવારે પંજાબથી ૨૪૩ NRIને લઈને કતાર એરવેઝનું વિમાન રવાના થયું છે. આ વિમાન પહેલા દોહા અને પછી કેનેડા જશે. દિલ્હીમાં આઝાદપુર શાકભાજી મંડી ખોલવામાં આવી છે. અહીંયા મંગળવાર રાત ૧૦ વાગ્યાથી બુધવાર સવાર સુધી વાહનોની અવર જવર ચાલું રહેશે, આનાથી મંડીની આસપાસના વિસ્તારમાં જામ લાગી ગયો છે. મંડીમાં શાકભાજી અને

અનુ. પાના નં. ૬ પર

કુલ મૃત્યુઆંક ૪૫૦૦૦ને પાર,આઠ લાખથી વધુ લોકો સંક્રમિત

અમેરિકામાં કોરોનાનું વાવાઝોડુઃ ૨૪ કલાકમાં ૨૭૦૦થી વધુ લોકોના મોત

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસનો કહેર ચાલુ છે. આ વાયરસને કારણે દરરોજ હજારો લોકો મરી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં યુએસમાં કોરોના વાયરસને કારણે ૨૭૦૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ સાથે યુ.એસ. માં કોરોના વાયરસને કારણે ૪૫,૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૮,૦૦,૦૦૦ ને વટાવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૪૦ હજાર નવા કોરોના વાયરસ સંક્રમણનાં કેસ નોંધાયા છે. વળી, કોરોના વાયરસથી દેશમાં આર્થિક મંદીનાં કારણે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનકાર્ડ પર ૬૦ દિવસ માટે પ્રતિબંધ લગાવી દીધો છે.

જહોન હોપકિન્સ યુનિવર્સિટીનાં ડેટા અનુસાર, યુ.એસ.માં કોવિડ-૧૯ રોગચાળાનાં ૮,૦૦,૦૦૦ પુષ્ટિ થયેલા કેસો નોંધાયા છે, જ્યારે ૪૪,૮૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સોમવાર અને મંગળવારની વચ્ચે એક જ સમયમાં આશરે ૪૦,૦૦૦ નવા કોરોના કેસ નોંધાયા હતા. અમેરિકામાં કોરોનાથી વિશ્વનાં સૌથી વધુ લોકો ચેપગ્રસ્ત થયા છે અને અહી સૌથી વધુ મોત પણ થઇ છે. વિશ્વની મહાસત્તા અમેરિકામાં અત્યાર સુધીમાં ૮,૦૨,૧૫૯ લોકોને ચેપ લાગ્યો છે, જ્યારે ૪૪,૮૪૫ લોકોનાં મોત નીપજ્યાં છે. યુ.એસ. માં ૭૨,૯૮૫ લોકો ઠીક પણ થયા છે. ઈટાલી, દેશમાં મૃત્યુ પછી સૌથી વધુ અસરગ્રસ્ત યુરોપિયન દેશ છે, જેમાં અત્યાર સુધીમાં ૨૪,૬૬૮ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧,૮૩,૯૫૭ લોકોને ચેપ લાગ્યો છે.

સેનેટમાં ૪૮૦ અબજ ડોલરનું રાહત પેકેજ પાસ : અમેરિકા સેનેટમાં ૪૮૦ અબજ ડોલરનું ઈમરજન્સી

અનુ. પાના નં. ૬ પર

મુખ્યમંત્રીના નિવાસસ્થાન વર્ષામાં તૈનાત સુરક્ષાકર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

મહારાષ્ટ્રમાં સ્થિતિ ગંભીરઃ ૫૫૨ પોઝિટિવ કેસ સાથે આંકડો ૫૨૧૮ને પાર

એકલા મુંબઈમાં જ સંક્રમણના ૩૪૦૦થી વધુ કેસ,રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૫૧

મુંબઈ

કોરોના પોઝિટીવ કેસની બાબતમાં દેશમાં મહારાષ્ટ્ર પ્રથમ નંબરે આવે છે. જ્યાં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ૫૨૧૮ થઈ ગઈ છે. આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના નિવાસ સ્થાન વર્ષામાં તૈનાત સુરક્ષાકર્મીનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. અન્ય ૬ લોકોને પણ કોરન્ટાઈન કરાયા છે. મંગળવારે પણ ૫૫૨ નવા કેસ આવ્યા હતા. જ્યારે ૧૯ લોકોના મોત થયા હતા. એકલા મુંબઈમાં જ અત્યાર સુધીમાં સંક્રમણના ૩૪૪૬ કેસ આવ્યા છે. જ્યારે ૧૫૦ લોકોના મોત પણ થયા છે. સમગ્ર મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાથી ૨૫૧ લોકોના મોત થયા છે.

દેશની આર્થિક રાજધાની મુંબઈ સહિત મહામુંબઈ અને પુણેમાં કોરોના વાયરસનો ખતરો વધતો જાય છે. આ જોતા સરકારે સોમવારે રોજ લોકડાઉનમાં છૂટ આપવાની નિર્ણય પાછો ખેંચતા બે શહેરોમાં હાઈરેડ ઝોનમાં નાખી દીધા છે.

અનુ. પાના નં. ૬ પર

સૌથી વધુ અમદાવાદમાં ૬૧ કેસ પોઝિટિવ મળ્યા તો બીજા નંબરે સુરતમાં ૧૭ કેસ

રાજ્યમાં વધુ ૯૪ પોઝિટિવ કેસઃ પાંચના મોત સાથે મૃત્યુઆંક ૯૫એ પહોંચ્યો

કુલ સંક્રમિતોનો આંકડો ૨૨૭૨ થયો,હવેથી દરરોજ ગુજરાતમાં ૨૦૦૦ લોકોના જ કોરોના ટેસ્ટ કરવામાં આવશેઃ જયંતિ રવિ

ગાંધીનગર

ગુજરાતમાં આજેય કોરોના પોઝિટીવના નવા કેસથી હાહાકાર મચેલો છે. આજે પણ રાજ્યમાં નવા ૯૪ કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં કુલ આંકડો ૨૨૭૨ થયો છે. આ ઉપરાંત આજે વધુ ૫ લોકોના મોત થવાની સાથે જ રાજ્યમાં કુલ મૃત્યુઆંક વધીને ૯૫ પર પહોંચ્યો છે. આજે હોટસ્પોટ અમદાવાદમાં ૬૧ અને સુરતમાં ૧૭ કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં વધુ પાંચ દર્દીઓના મોત નિપજયા છે. રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની વાત કરીએ તો, કુલ ૨૦૨૦ લોકોની તબિયત સ્ટેબલ છે અને ૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ એક આશ્ચર્યજનક નિવેદન આપીને લોકોને આશ્ચર્યમાં મૂક્યા હતા.

જયંતિ રવિએ એક આશ્ચર્યજનક નિવેદનમાં જણાવ્યું હતું કે, હવેથી દરરોજ ગુજરાતમાં ૨૦૦૦ જ લોકોના કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે, આ સિવાય રાજ્યમાં રહેલા પોઝિટિવ દર્દીના પણ કેટલાક ટેસ્ટ કરાશે તેના સિવાય વધારાના કોઈ ટેસ્ટ કરવામાં આવશે નહીં. આ નિવેદન બાદ લોકોના મનમાં સવાલ ઉભો થઈ રહ્યો છે કે, રાજ્યમાં કોરોનાના વધુ દર્દીઓ હોવા છતાં ટેસ્ટ ઘટાડવાનો નિર્ણય આશ્ચર્યજનક છે. લક્ષણો હોય તેવા દર્દીના ટેસ્ટ વધુ કરાશે. તો ગુજરાતમાં લક્ષણો વગરના પોઝિટિવ કેસની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

અનુ. પાના નં. ૬ પર

બિહારમાં હોમગાર્ડ જવાનને ઉઠક-બેઠક કરાવનાર કૃષિ અધિકારી સસ્પેન્ડ

પટણા

બિહારના અરરિયામાં હોમગાર્ડ જવાન સાથે ઉઠક બેઠક કરનાર કૃષિ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. નીતીશ સરકારે એએસઆઈ ગોવિંદસિંહને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. આ પછી, નીતીશ સરકારે તપાસના આદેશ આપ્યા હતા. હાલમાં દેશના ઘણા વિસ્તારોમાંથી લોકડાઉન ઉલ્લંઘનના તમામ અહેવાલો વચ્ચે બિહારથી એક ચોંકાવનારી તસવીર સામે આવી છે. અરરિયામાં રસ્તામાં કોઈ અધિકારીને રોકવા માટે હોમગાર્ડ જવાનને મોંઘુ પડ્યું હતું. આ અધિકારીએ તેની સામે ઉઠક-બેઠક કરવાની હોમગાર્ડ જવાનથી માફી મંગાવી હતી.

મળતી માહિતી પ્રમાણે બિહારના અરરિયામાં હોમગાર્ડ જવાનથી ઉઠક-બેઠક કરાવનાર કૃષિ અધિકારીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. નીતિશ સરકારે એએસઆઇ ગોવિંદ સિંહને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. બિહારનો એક વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયો અરરિયાનો હતો. જ્યાં કૃષિ અધિકારી મનોજ કુમાર હોમગાર્ડ જવાનને ધમકાવી રહ્યા છે. સજા ભોગવનારા આ જવાનની ભૂલ માત્ર એટલી કે લોકડાઉનમાં કૃષિ અધિકારીની ગાડી રોકી દીધી. તે બાદ જવાનથી ઉઠક-બેઠક

અનુ. પાના નં. ૬ પર

ડોક્ટરો પર થતા હુમલા રોકવા મોદી સરકારે નવો વટ હુકમ બહાર પાડ્યો

આરોગ્ય કર્મચારીઓ પર હુમલા બદલ સાત વર્ષની સજાઃ ૫ લાખનો દંડ

મેડિકલ કર્મચારીઓ પર હુમલો કરનારાઓને જમાત નહિ મળે, ૩૦ દિવસની અંદર તપાસ પૂરી થશે,ગંભીર કેસમાં ૫૦ હજારથી ૨ લાખનો દંડ પણ વસૂલવામાં આવશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનાં મહાસંકટની વચ્ચે સ્વાસ્થ્ય કર્મચારીઓ પર સતત થઈ રહેલા હુમલા પર મોદી સરકારે મોટો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારનાં કેન્દ્રિય કેબિનટની બેઠકમાં એક વટહુકમ પાસ કરવામાં આવ્યો છે, ત્યારબાદ હવે સ્વાસ્થ્ય કર્મચારીઓ પર હુમલો કરનારાઓની વિરુદ્ધ કડક પગલા લેવામાં આવશે. આમાં ૩ મહિનાથી ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જેલની સજા ઉપરાંત રૂપિયા એક લાખથી રૂપિયા પાંચ લાખનો દંડ કરવાની પણ જોગવાઈ રજૂ કરવામાં આવી છે. કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે કેબિનેટ બેઠકમાં લીધેલા નિર્ણયોની જાણકારી આપી.

સ્વાસ્થ્ય કર્મચારીઓ પર હુમલો થશે તો કાયદો આ રીતે કામ કરશે

- આરોગ્ય કર્મચારી પર હુમલો અને બિનજામીનપાત્ર ગુનો માનવામાં આવશે
- તપાસ અધિકારીએ ૩૦ દિવસમાં તપાસ પૂરી કરવાની રહેશે
- આ પ્રકારના ગુનામાં ૩ મહિનાથી ૫ વર્ષની સજા તથા ૫૦ હજારથી ૨ લાખ સુધી દંડ થઈ શકે છે
- ગંભીર ઈજાની સ્થિતિમાં ૬ મહિનાથી ૭ વર્ષની સજા અને એક લાખથી ૫ લાખ સુધીની સજા
- આરોગ્ય કર્મચારીના વાહન અથવા ક્લિનિકને નુકસાન થતા માર્કેટ વેલ્યુના બે ગણી રકમ હુમલાખોરો પાસેથી વસુલ કરવામાં આવશે

કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, "આજે અનેક ડૉક્ટરોની વિરુદ્ધ હુમલાની જાણકારી સામે આવી રહી છે. સરકાર આને સહન નહીં કરે. સરકાર આને

અનુ. પાના નં. ૬ પર

કોરોનાની રફતારઃ ૧૦ હજારથી ૨૦ હજાર કેસ થવામાં ફક્ત ૮ દિવસ લાગ્યાં

ન્યુ દિલ્હી

આજે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા આજે ૨૦ હજારની નજીક પહોંચી ગઈ છે. તે જ સમયે, મૃત્યુઆંક પણ વધીને ૬૪૦ થઈ ગયો છે. મોટી વાત એ છે કે દેશમાં કોરોના વાયરસના કેસો ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા આઠ દિવસમાં ચેપના કેસો દસ હજારથી વધીને વીસ હજાર થઈ ગયા. એટલે કે, માત્ર ૧૦ દિવસમાં આ સંખ્યા બમણી થઈ ગઈ.

દેશમાં ચેપનો પહેલો કેસ ૩૦ જાન્યુઆરીએ કેરળમાં જોવા મળ્યો હતો. આ પછી, કેસ દિવસેને દિવસે વધતા ગયા. ૧૪ એપ્રિલના રોજ દેશમાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૦ હજારને વટાવી ગઈ હતી અને ૩૩૯ લોકોનાં મોત નીપજ્યાં હતાં. દેશમાં દસ હજાર કેસ પહોંચવામાં ૭૪ દિવસનો સમય લાગ્યો હતો. આજે ૨૨ એપ્રિલના રોજ માત્ર આઠ દિવસમાં આ કેસ વધીને ૨૦ હજાર થઈ ગયા છે.

તે જ સમયે, આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, આઠ દિવસમાં ૩૦૧ લોકોનાં મોત નીપજ્યાં છે. આનો અર્થ એ કે મૃત્યુ પામેલા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે દર્દીઓના સ્વસ્થ થવાની ટકાવારી ૧૪.૭૫ થી વધીને

અનુ. પાના નં. ૬ પર



દેશમાં કોરોના વાઈરસને લીધે ૩ મે સુધી લોકડાઉન હોવા છતાં પણ લોકો ઘરની બહાર બહાના કાઢીને ઉપડી પડે છે. મહારાષ્ટ્રમાં થાણે શહેરમાં પોલીસે મોર્નિંગ વોક કરવા નીકળેલા લોકોને ઝડપી પાડ્યા હતા અને લોકડાઉનના નિયમોનો ભંગ કરનારાઓની આરતી ઉતારી હતી જેથી તેમને બધા વચ્ચે શરમ આવે.

ફેસબુકે જિયોમાં ૯.૯૯% હિસ્સો ખરીદ્યો

લોકડાઉનમાં મોટી ડીલ, ફેસબુકે જિયોમાં ૪૩ હજાર કરોડનું રોકાણ કર્યું

જિયો અને ફેસબુક વચ્ચેની ભાગીદારી ભારતને ડિજિટલ સોસાયટીમાં અગ્રેસર બનાવશેઃ મુકેશ અંબાણી

ભારતનાં લોકો માટે રોજગાર પેદા કરશેઃ માર્ક ઝકરબર્ગ

મુંબઇ

અમેરિકાની જગવિખ્યાત ટેક્નોલોજી, સોશિયલ મિડિયા કંપની ફેસબુકે રિલાયન્સ જિયોમાં ૯.૯૯% હિસ્સો ખરીદ્યો છે. એ માટે તેણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ટેલિકોમ કંપનીને રૂ. ૪૩,૫૭૪ કરોડ ચૂકવ્યા છે. ૫.૭ અબજ ડોલરના આ સોદા સાથે ફેસબુક જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડમાં સૌથી મોટી માઈનોરિટી શેરહોલ્ડર બની છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે દુનિયાભરમાં કોઈ ટેક્નોલોજી કંપનીએ આટલી મોટી રકમમાં માઈનોરિટી હિસ્સો ખરીદ્યો હોય એવો આ પહેલો જ પ્રસંગ છે. ભારતમાં ટેક્નોલોજી સેક્ટરમાં પણ આ સૌથી મોટું એફડીઆઈ મૂડીરોકાણ છે.

ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે રિલાયન્સ જિયો અને ફેસબુક મળીને ભારતમાં લોકોને બિઝનેસની નવી તકો પૂરી પાડશે. ફેસબુક સાથેની આ ભાગીદારીને કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પર દેવાનો બોજો હળવો થશે. જ્યારે ફેસબુકને ભારતમાં ઝડપથી વિકાસ પામતી અને વિશાળ-ધરખમ માર્કેટમાં અંકુશ જમાવવાની તક પૂરી પાડશે.

ફેસબુક કંપની તાજેતરના વર્ષોમાં ભારતમાં એક જબરદસ્ત માર્કેટ તરીકે ઉભરી આવી છે. દુનિયાના કોઈ પણ દેશ કરતાં ભારતમાં ફેસબુકના વધારે યુઝર્સ છે. તેની સેટ સર્વિસ વોટ્સએપ તો ભારતમાં ૩૪ કરોડ યુઝર્સ ધરાવે છે.

ફેસબુકે કહ્યું છે કે ભારતમાં નાના વેપારીઓ એકબીજા સાથે આસાનીથી જોડાઈ શકે એ માટે તે પોતાના મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને રિલાયન્સની ઈ-કોમર્સ કંપની જિયોમાર્ટ સાથે સહયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઈન્ફોસિસના ચેરમેન મુકેશ અંબાણીએ ફેસબુક સાથેની ભાગીદારી અંગે કહ્યું છે કે ૨૦૧૬માં જ્યારે રિલાયન્સે જિયોની સ્થાપના કરી હતી ત્યારે અમે પ્રત્યેક ભારતીયનું જીવનધોરણ સુધારવા માટે અને ભારતને વિશ્વના ડિજિટલ સમાજમાં મોખરાનું સ્થાન અપાવવા ભારતના 'ડિજિટલ સર્વોદય'નું સપનું સેવ્યું હતું. તેથી ભારતની ડિજિટલ ઈકોસિસ્ટમનો વિકાસ કરવા અને તમામ ભારતીયોને લાભ અપાવવા માટે રિલાયન્સમાં અમે સૌ ફેસબુકને અમારા લોન્ગ-ટર્મ ભાગીદાર તરીકે આવકારીએ છીએ.

જમ્મૂ-કાશ્મીરમાં સેનાને મોટી સફળતાઃ ચાર આતંકવાદી ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં બુધવારે થયેલા એક્રાઉન્ટરમાં સુરક્ષાદળોને ચાર આતંકવાદીઓને ઠાર કર્યા છે. જમ્મુ-કાશ્મીરના પોલીસે આની જાણકારી આપી છે. ત્યાંજ રાજ્યના પોલીસ પ્રમુખ દિલબાગ સિંહે મંગળવારે જણાવ્યું કે, જ્યારે સમગ્ર દુનિયા કોરોના વાયરસ મહામારીનો સામનો કરી રહી છે ત્યારે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી આ કેન્દ્ર શાસિત પ્રદેશમાં શાંતિ ભંગ કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

પોલીસ વડાએ જણાવ્યું છે કે, હાલની એક રિપોર્ટ જણાવે છે કે પાકિસ્તાનમાં આતંકવાદી ટ્રેનિંગ સેન્ટર કેન્દ્રો અને પીઓકેમાં અનેક આતંકવાદી કોરોના વાયરસથી સંક્રમિત છે. પાકિસ્તાની એજન્સીઓ આતંકવાદીઓને આંતરરાષ્ટ્રીય સરહદ અને એલઓસી પાર કરાવવામાં મદદ કરી રહી છે.

દિલબાગ સિંહ અને જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ જીસી મુર્મૂના સલાહકાર આરઆર ભટનાગરે કાશ્મીર ખીણમાં સુરક્ષાની સ્થિતિ અને કોવિડ-૧૯ પર ચર્ચા કરવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સાથે મંગળવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી બેઠક કરી હતી.

કેરળની મહિલાનો રિપોર્ટ ૧૯ વાર કોરોના પોઝિટિવ...!!

તિરુવનંતપુરમ્

કેરળની એક મહિલાનો રિપોર્ટ ૧૯ વાર કોરોના પોઝિટિવ આવ્યો છે. મહિલાને માર્ચમાં ઈટાલીથી પરત આવેલા પરિવારથી ચેપ લાગ્યો હતો. તે પછી, મહિલાની હોસ્પિટલમાં ૪૨ દિવસથી સારવાર કરવામાં આવી રહી છે.

દક્ષિણ કેરળના પઠાણમથીટ્ટાની ૬૨ વર્ષીય મહિલાનો ૧૯ વાર કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાને ૧૦ માર્ચે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ચોંકાવનારી ઘટના બાદ ડોક્ટરો પણ વાયરસના જોખમી સ્વરૂપથી ચોંકી ગયા છે. જિલ્લા મેડિકલ ઓફિસર ડો.એન. શીજા કહે છે કે તેમાં ઘણાં લક્ષણો જોવા મળ્યાં નથી. હાલમાં તેમણે આ અંગે રાજ્યના મેડિકલ બોર્ડની સલાહ માગી છે.

સારવાર કરી રહેલા ડોક્ટરે કહ્યું કે મહિલા Asymtomatic છે. પીડિત મહિલામાં અન્યને ચેપ લગાડવાની ક્ષમતા છે. તેમણે કહ્યું કે ઘણી પ્રકારની મિશ્રિત દવાઓ આપવામાં આવી છે. જો મહિલાના ટેસ્ટનું પરિણામ આગામી ટેસ્ટમાં પણ પોઝીટીવ આવે છે, તો તેણીને કોટ્ટયમ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવશે.

માર્ચ ક્વાર્ટરમાં વોડા-આઈડિયાએ સરકારને રૂપિયા ૧,૩૬૭ કરોડ ચૂકવ્યા

ન્યુ દિલ્હી

ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયાએ માર્ચ ક્વાર્ટરમાં લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ વપરાશ ચાર્જ હેઠળ સરકારને આશરે ૧,૩૬૭ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, ટેલી કોમ્યુનિકેશન્સ વિભાગને આ અઠવાડિયે આ રકમ મળી છે. અન્ય ઓપરેટરોએ તેમની ચુકવણી પહેલાથી જ કરી લીધી હતી. વોડા-આઈડિયાના પ્રવક્તાએ તેના માટેના નવીનતમ ચુકવણી અથવા ભંડોળ વિશે કંઈપણ કહેવાથી ઈન્કાર કર્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રિલાયન્સ જિયો અને ભારતી એરટેલે ઉપરના ક્વાર્ટરની લાઈસન્સ ફી અને એસયુસી માટે અનુક્રમે રૂ. ૧,૬૦૦ કરોડ અને રૂ. ૧,૪૪૦ કરોડ ચૂકવ્યા છે. નિયમ પ્રમાણે, કંપનીઓએ વર્ષ ૨૦૧૯-૨૦ના ચોથા ત્રિમાસિકગાળા માટેના અંદાજિત આવકના આધારે ૨૫ માર્ચ સુધીમાં લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ વપરાશ ચાર્જ (આવકનો હિસ્સો) ચૂકવવો જરૂરી હતો.

નિયમ પ્રમાણે, કંપનીઓએ ૨૦૧૯-૨૦ના ચોથા ત્રિમાસિકગાળા માટેના અંદાજિત આવકના આધારે ૨૫ માર્ચ સુધીમાં લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ વપરાશ ચાર્જ (આવકનો હિસ્સો) ચૂકવવો જરૂરી હતો.

જર્મનીમાં ૧.૪૮ લાખ કેસ નોંધાયા,બર્લિન મેરેથોન સ્થગિત

દુનિયાભરમાં કોરોનાના ૨૫ લાખથી વધુ કેસઃ ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

વોશિંગ્ટન

વિશ્વભરમાં કોરોનાના ૨૫.૫૭ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧.૭૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૬ લાખ ૯૦ હજાર ૪૪૫ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

અમેરિકાની વાત કરીએ તો અમેરિકામાં ૮.૧૯ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે. ૪૫ હજાર ૩૪૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૮૦૪ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકામાં ૬૦ દિવસ સુધી પ્રવાસીઓને આવવા ઉપર પ્રતિબંધ રહેશે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૫૯૮૫ કેસ નોંધાયા છે. વોશિંગ્ટન પોસ્ટ મુજબ ફોર ડિસિસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડાયરેક્ટર રોબર્ટ રેડફિલ્ડે ચેતવણી આપી છે કે કોરોનાની બીજી લહેર વધારે વિનાશકારી હશે. બીજી સંભાવા એછેકેઆગામીઠંડીનીમોસમમાં આપણે ફરી મહામારીના ભરડામાં આવી જશું.

જર્મનીઃ બર્લિન મેરેથોન સ્થગિત

ભીડ ભેગી ન કરવાના જર્મની સરકારના પ્રતિબંધના કારણે ૨૭ સપ્ટેમ્બરના રોજ યોજાનાર બર્લિન મેરેથોનને સ્થિગિત કરવાનો નિર્ણય કરાયો છે. જર્મનીમાં કોરોનાના કુલ કેસ ૧ લાખ ૪૮ હજાર ૪૫૩ નોંધાયા છે અને ૫ હજાર ૮૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. જર્મનીમાં ૯૫ હજાર ૨૦૦ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. હાલ એક્ટિવ કેસ અહીં ૪૮ હજાર ૧૬૭ છે.

ચીનમાં ૩૦ નવા કેસ નોંધાયા

ચીનમાં મંગળવારે ૩૦ નવા કેસ નોંધાયા છે. જેમાં ૨૩ કેસ બહારથી આવ્યા હતા. ચીનમાં હાલ એક હજાર પાંચ એક્ટિવ કેસ છે. અહીં કોરોનાના કુલ ૮૨ હજાર ૭૮૮ કેસ નોંધાયા છે.હતા અને ૪૬૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.

રશિયાની રાજધાની મોસ્કોમાં ૨૪ કલાકમાં ૨૮ લોકોના મોત થયા છે. રશિયામાં ૫૨ હજાર ૭૬૩ કેસ નોંધાયા છે અને ૪૫૬ લોકોએ જીવ ગુમાવ્યા છે.

ઓક્સફર્ડ યુનિવર્સિટીએ કરી લીધી તૈયારી

બ્રિટનમાં આજથી માણસ પર કોવિડ-૧૯ વેક્સીનનું ટ્રાયલ શરૂ થશે

લંડન

બ્રિટનમાં આવતી કાલ એટલે કે ગુરુવારથી કોરોના વાયરસ વિરુદ્ધ રસીની ટ્રાયલ શરૂ કરવા જઈ રહ્યું છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીએ આ રસી તૈયાર કરી છે આ માટે બ્રિટિશ સરકારે મંગળવારે ૨૦ કરોડ પાઉન્ડ (૧૮૯ કરોડ રૂપિયા) ખર્ચ કરવાની જાહેરાત કરી છે.

બ્રિટનના આરોગ્ય સચિવ મૈટ હેનકોકે કહ્યું કે આરોગ્ય મંત્રાલય આ રસી તૈયાર કરવા માટે જે પણ કરવુ પડે તે માટે તૈયાર છે. કારણ કે આ કોરોના વાયરસ સામે લડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. હેનકોકે વધુમાં કહ્યું કે, બ્રિટિશ સરકાર ઈમ્પિરિયલ કોલેજ લંડનને આગામી તબક્કાની તૈયારી માટે આપશે. આ વેક્શીન માટે ૨૨.૫ મિલિયન સંશોધન કરવા માટે ખર્ચ કરશે.

તેમણે કહ્યું, 'આ રસી તૈયાર કરવામાં વર્ષો લાગ્યા હોત. પરંતુ બ્રિટન આ રોગચાળા સામે લડવામાં મોખરે છે. કોઈપણ દેશની સરખામણીમાં સૌથી વધુ પૈસા ખર્ચવામાં આવે છે. વેક્સીન ઉત્પાદન ટ્રાયલ અને ભૂલો માટે તૈયાર છે કેમકે આ વેક્સીનની ટ્રાયલમાં ભૂલ થાય તો મોટુ નુકસાન થશે. અને તે માટે પણ તૈયાર છે.

બ્રિટિશ સરકારની જાહેરાત પહેલાં, બ્રિટનમાં કોરોના વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૭,૩૩૭ થઈ ગઈ છે. મંગળવારે આરોગ્ય મંત્રાલય અને ૮૨૮ લોકોના મોતની જાણકારી આપી. તેજ સમયે, બ્રિટેનમાં અત્યાર સુધીમાં ૧,૨૫,૮૫૬ લોકોને કોવિડ-૧૯ નો ચેપ લાગ્યો છે.

પાકિસ્તાનમાં ફરી એક વખત ૧૪ વર્ષીય હિંદુ સગીરાનું અપહરણ, ધર્માંતરણ બાદ નિકાહ

ઈસ્લામાબાદ

વિશ્વમાંથી કોરોના મહામારીનો કોઈ એક દિવસે અંત આવશે તેવી આશા છે પરંતુ પાકિસ્તાનમાં બળજબરીપૂર્વક હિંદુ યુવતીઓના ધર્માંતરણનું ક્રૂર કામ ક્યારે અટકશે તે એક સવાલ છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી વધુ એક વખત બળજબરીપૂર્વકના ધર્માંતરણનો કેસ સામે આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં સતત હિંદુ સગીરાઓ અને યુવતીઓનું અપહરણ કરીને તેમને ધર્મપરિવર્તન કરાવીને મુસ્લિમ યુવકો સાથે શાદી માટે મજબૂર કરવામાં આવે છે. તાજેતરમાં એક ૧૪ વર્ષીય હિંદુ સગીરાને અપહરણ બાદ બળજબરીપૂર્વક મુસ્લિમ ધર્મ અપનાવવા ફરજ પાડવામાં આવી હતી. ત્યાર બાદ ૪૦ વર્ષીય અપહરણકર્તાએ સગીરાની મરજીવિરુદ્ધ સિંધના ચુંડિકો વિસ્તારમાં તેના સાથે શાદી કરી લીધી હતી. પાકિસ્તાનમાં આ પ્રકારની ઘટનાઓ હવે ખૂબ જ સામાન્ય બની રહી છે. થોડા મહીના પહેલા એક ૨૪ વર્ષીય હિંદુ યુવતીને લગ્નના મંડપમાંથી ઉઠાવી લેવામાં આવી હતી અને બળજબરીપૂર્વક ધર્માંતરણ બાદ સ્થાનિક પોલીસ અધિકારીઓની હાજરીમાં મુસ્લિમ વ્યક્તિ સાથે તેની શાદી કરાવાઈ હતી.

સર્વે અનુસાર મોદીની લોકપ્રિયતા ૬૮ ટકા દર્શાવાઇ

કોરોના સંકટ વચ્ચે વડાપ્રધાન મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા

ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ૩ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના મહાસંકટ દરમિયાન લોકપ્રિયતાની દ્રષ્ટિએ, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, વિશ્વના નેતાઓને હરાવીને પ્રથમ સ્થાન પર પહોંચી ગયા છે. તાજેતરના એક સર્વેમાં પીએમ મોદીની લોકપ્રિયતા ૬૮ ટકા હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ૩ ટકાનો ઘટાડો થયો છે. યુએસ સ્થિત ગ્લોબલ ડેટા ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે પોલિટિકલ ઈન્ટેલિજન્સ અનુસાર, ૧૪ એપ્રિલે પીએમ મોદીનું રેટિંગ ૬૮ ટકા હતું, જે વર્ષની શરૂઆતમાં ૬૨ ટકા હતું.

પીએમ મોદીના રેટિંગમાં સુધારાનું કારણ એ છે કે તે કોરોના વાયરસ સામે લડવાને લઈને તેમની તૈયારી છે. તેઓએ ૨૫ માર્ચે દેશમાં લોકડાઉન કરવાની ઘોષણા કરી હતી જે ૧૪ એપ્રિલના રોજ ૧૯ દિવસ માટે લંબાવવામાં આવી હતું. તે જ સમયે, તેમણે રોગચાળા સાથે સંકળાયેલા વૈશ્વિક નેતાઓને એક કરવા પ્રયાસ કર્યો. વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા સાર્ક દેશોની મીટિંગ હોય કે જી-૨૦ દેશોની બેઠક યોજવાની પહેલ.


આ બધા કારણોથી મોદીની લોકપ્રિયતામાં વધારો થયો છે. આ ઉપરાંત, તેમણે આવશ્યક દવાઓના નિકાસમાંથી પ્રતિબંધ દૂર કરવાની પહેલ કરી છે, જેને વિશ્વભરના દેશોએ સ્વીકાર્યું છે. તાજેતરના ગેલપ પોલ મુજબ, મધ્ય માર્ચમાં યુ.એસ. માં લાદવામાં આવેલા લોકડાઉન સમયે ટ્રમ્પની લોકપ્રિયતા ૪૯ ટકા હતી, જે હવે ઘટીને ૪૩ ટકા થઈ ગઈ છે. કોરોના વાયરસથી યુ.એસ. માં અત્યાર સુધીમાં ૪૦,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે અને ટ્રમ્પ પ્રશાસન આલોચનાના કેન્દ્રમાં છે. કોરોના સંકટ પણ બીજી વખત રાષ્ટ્રપતિ બનવાના રસ્તામાં પણ આવી રહ્યું છે. જાપાનના પીએમ શિંઝો આબે સૌથી નીચે છે. બીજા નંબર પર મેક્સિકોના રાષ્ટ્રપતિ આન્દ્રે મેન્યુઅલ લોપેજ ઓબ્રાદાર છે.

કોરોનાઃ નાગરિક ઉડ્ડયન મંત્રાલયના રાજીવ ગાંધી ભવનને સીલ કરાયુ

ન્યુ દિલ્હી

નાગરિક ઉડ્ડયન મંત્રાલયનો એક કર્મચારી કોરોનાની ઝપટમાં આવ્યો છે. આ અંગે મંત્રાલયે જણાવ્યું હતું કે, ૧૫ એપ્રિલના રોજ કાર્યાલયમાં આવેલો એક કર્મચારી કોરોના સંક્રમિત હતો. મંત્રાલયે જણાવ્યુ છે કે, આ કર્મચારીના સંપર્કમાં આવેલા તમામ લોકોને કોરન્ટાઈન કરાયા છે. આ કર્મચારી ૨૧ એપ્રિલના રોજ કોરોના પોઝિટીવ આવ્યો હતો. આ ઘટના બાદ મંત્રાલયમાં કડક આદેશનું પાલન અને ચકાસણી વધારી દીધી છે. સાથે નાગરિક ઉડ્ડયન મંત્રાલયના રાજીવ ગાંધી ભવનને સીલ કરી દેવામાં આવ્યું છે.

આ અંગે ઉડ્ડયન મંત્રીએ એક ટ્વીટ કરી જણાવ્યું છે કે, અમે મંત્રાલયના તમામ નાગરિકો સાથે છીએ, જે કોરોના પોઝિટીવ કર્મચારી આવ્યો છે, તેના જરૂરી તમામ મદદ અને સારવાર માટે મદદ કરવામાં આવી રહી છે.



નોર્વે સતત ચોથા વર્ષે ટોપ પર,નો.કોરિયા અંતિમ સ્થાને

પ્રેસની સ્વતંત્રતા મામલે વિશ્વના ૧૮૦ દેશોમાંથી ભારત ૧૪૨માં ક્રમે

ન્યુ દિલ્હી

રિપોર્ટર્સ વિદાઉટ બોર્ડર્સ દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલા વાર્ષિક વિશ્લેષણ રિપોર્ટ પ્રમાણે, વૈશ્વિક પ્રેસ સૂચકાંકમાં ૧૮૦ દેશોમાં ભારત બે ક્રમ નીચે ઉતરીને ૧૪૨ ક્રમે આવી ગયો છે. જ્યારે નોર્વે સતત ચાથા વર્ષે આ યાદીમાં સૌથી ઉપર છે અને નોર્થ કોરિયા અંતિમ સ્થાન પર છે.

''ધી વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ-૨૦૨૦'' અનુસાર, ભારતમાં ૨૦૧૯માં કોઈ પણ પત્રકારની હત્યા નથી થઈ. આ રીતે દેશના મીડિયા માટે સુરક્ષાની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૮માં ૬ પત્રકારોની હત્યા કરવામાં આવી હતી. જો કે રિપોર્ટ કહે છે કે, સતત પ્રેસની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. જેમાં પત્રકારો વિરૂદ્ધ પોલીસની કાર્યવાહી, રાજનીતિક કાર્યકર્તાઓ પર હુમલો, અસામાજિક તત્વો અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા બદલાનાં હિંસા વગેરે સામેલ છે.

કાશ્મીરની સ્થિતિએ આ વર્ષના રિપોર્ટને ઘણી પ્રભાવિત કરી છે. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ નાબૂદ કર્યા હાદ ત્યાં સ્થિતિ તનાવપૂર્ણ છે. જમ્મુ-કાશ્મીરમાં ઐતિહાસિક નિર્ણય લેતા પહેલા સરકારે ત્યાં સેનાના જવાનોનો કાફલો ખડકી દીધો, ઈન્ટરનેટ અને ફોનની સેવાઓ સ્થગિત કરી દીધી અને અનેક કાશ્મીરીઓની એટકાયત કરી. જેમાં રાજકીય નેતા, કાર્યકર્તા, પત્રકારો અને વકીલો વગેરે સામેલ હતા.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સરકારે એવી સ્થિતિ સર્જી નાંખી કે, પત્રકારો માટે એ જગ્યાએ જઈને કવરેજ કરવું અશક્ય નહી ગયું હતું.

આ એક આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંગઠન છે. જે પ્રેસની સ્વતંત્રતા પર નજર રાખે છે. આ સંગઠન જાહેર હિતમાં યુનાઈટેડ નેશન્સ, યુનેસ્કો અને યુરોપિયન યુનિયન જેવા આંતરરાષ્ટ્રીય સંગઠન અને માનવાધિકારો પર સલાહકારની ભૂમિકા ભજવે છે.

મહામારીના કારણે દુષ્કાળનું જોખમઃ યુએનની ચેતવણી

યુએન

સંયુક્ત રાષ્ટ્રે ચેતવણી આપી છે કે મહામારીના કારણે વિશ્વમાં ઘણા દેશોમાં દુષ્કાળ પડવાનું જોખમ છે. વિશ્વ ખાદ્ય કાર્યક્રમના પ્રમુખ ડેવિડ બેસ્લેએ કહ્યું હતું કે ૩૦થી વધારે વિકાસશીલ દેશોએ દુષ્કાળને રોકવા માટે કાર્યવાહી કરવી જોઈએ. આ સંકટના કારણે લગભગ ૨૬.૫ કરોડ લોકોએ ભુખમરીનો સામનો કરવો પડી શકે છે. ફૂડ ક્રાઈસિસના ચોથા રિપોર્ટમાં યમન, કોંગો, અફઘાનિસ્તાન, વેનેઝુએલા, ઈથિયોપિયા, દક્ષિણ સુદાન, સીરિયા, નાઈઝીરીયા અને હૈતીનો સમાવેશ કરાયો છે.

મહામારી પહેલા પણ પૂર્વ આફ્રિકા અને દક્ષિણ એશિયાના અમુક ભાગમાં દુષ્કાળથી ગંભીર ખાદ્ય સંકટ હતું. એક વીડિયો કોન્ફરન્સ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના બેસ્લેએ કહ્યું કે વિશ્વએ બુદ્ધિથી અને ઝડપથી કામ કરવું પડશે. વાસ્તવિકતા એ છે કે આપણી પાસે વધુ સમય નથી. થોડા મહિના પછી આપણી સામે દુષ્કાળ જેવી સ્થિતિ હશે.



લૉકડાઉનને કારણે માર્ગો પર નાગરિકોની ચહલપહલ ઓછી હોવાથી મુંબઈ, થાણે, નવી મુંબઈ અને સોલાપુરના ઉજની ડેમ પરિસરમાં ફ્લેમિંગો છેક માનવવસતિ નજીક પણ છૂટથી વિહાર કરતાં નજરે પડી રહ્યાં છે. તાજેતરનાં કેટલાંક વર્ષોમાં પહેલી વાર આવું દૃશ્ય જોવા મળી રહ્યું હોવાનો દાવો પક્ષીવિદોએ કર્યો છે.

આઈએમએ સરકાર સમક્ષ કાયદો બનાવવાની માંગ કરી

ગૃહમંત્રી શાહે ડોક્ટરો સાથે ચર્ચા કરી સુરક્ષાની ખાતરી આપી

શાહે આપેલી ખાતરી બાદ ડોક્ટરો નહીં કરે વિરોધ પ્રદર્શન

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન(આઈએમએ) અને ડોક્ટર્સ સાથે વાતચીત કરી છે અને સાંકેતિક વિરોધ પ્રદર્શન ન કરવાની અપીલ કરી છે. તેમણે ડોક્ટરોને વિશ્વાસ દાખવ્યો કે સરકાર તેમની સાથે છે. અમિત શાહ સાથે વાતચીત કર્યા પછી IMAએ પ્રદર્શન કરવાનો નિર્ણય પરત લઈ લીધો છે.

મીડિયા રિપોર્ટ મુજબ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધને આજે વીડિયો કોન્ફરેન્સિંગના માધ્યમથી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ડોક્ટરો સાથે વાતચીત કરી. અમિત શાહે ડોક્ટરોની સુરક્ષાની ખાતરી આપી અને અપીલ કરી કે તેમના દ્વારા પ્રસ્તાવિત પ્રતિકાત્મક વિરોધ ન કરે, સરકાર તેમની સાથે છે.

ઉલ્લેખનીય છે કે કોરોના સામેની લડાઈમાં પોતાનો જીવ જોખમમાં રાખી ડોક્ટર્સ અને નર્સ પોતાની ફરજ બજાવી લોકોના જીવ બચાવી રહ્યા છે. પરંતુ તેમ છતાં દેશના કેટલાક વિસ્તારોમાંથી ડોક્ટર્સ અને નર્સ પર હુમલો થવાની હચમચાવે એવી ઘટનાઓ સામે આવી છે. આઈએમએ છેલ્લા ઘણા સમયથી ડોક્ટરોથી મારપીટ કરવા સામે કડક કેન્દ્રીય કાયદો બનાવવાની માગ કરી રહ્યું છે. આપણે જણાવી દઈએ કે સ્વાસ્થ્ય મંત્રાલયે ૨૦૧૯માં એક ડ્રાફ્ટ જાહેર કરી ડોક્ટરો પર હુમલાના આરોપીને ૧૦ વર્ષની જેલ અને ૧૦ લાખ રૂપિયાના દંડની જોગવાઈ પણ કરી હતી.

અમેરિકાએ ચીન વિરૂદ્ધ કોરોના ફેલાવવાના આરોપસર ફરિયાદ નોંધાવી

અમેરિકા વાયરસમુક્ત થઈ જશે ત્યાર બાદ ચીન સરકારને જવાબ આપવા મજબૂર કરશે

કોલંબિયા

કોરોના મામલે મોડી કાર્યવાહી કરવાને લઈ અમેરિકાએ ચીન વિરૂદ્ધ દાવો માંડ્યો છે. અમેરિકાના કહેવા પ્રમાણે વાયરસ મામલે ચીનની આ નીતિના કારણે લગભગ તમામ દેશોએ વૈશ્વિક મંદીનો સામનો કરવો પડી રહ્યો છે. આટલું જ નહીં વાયરસે વિશ્વમાં ૧.૭ લાખથી વધારે લોકોનો ભોગ લીધો છે.

મિસૌરી રાજ્યના એટર્ની જનરલ એરિક સ્કમિટે જિલ્લા અદાલતમાં ચીનની સરકાર, સત્તામાં બેઠેલી કમ્યુનિસ્ટ પાર્ટી તથા અન્ય ચીની અધિકારીઓ અને સંસ્થાઓ વિરૂદ્ધ દાવો માંડ્યો છે. ચીન પર મહામારીની શરૂઆતમાં પોતાની જનતાને અંધારામાં રાખવાનો, મહત્વની જાણકારીઓ છુપાવવાનો, માહિતી આપનારાઓની ધરપકડ કરવાનો, પુરાવા હોવા છતા સંક્રમણની વાત ગુમ રાખવાનો, મેડિકલ સંશોધનો નષ્ટ કરવાનો, લાખો લોકોને વાયરસનો ભોગ બનાવવાનો અને જરૂરી પીપીઈ કીટનો સંગ્ર કરવાનો આરોપ લગાવાયો છે.

એરિકે મિસૌરીમાં વાયરસના કારણે જે સ્થિતિ સર્જાઈ તેના માટે ચીનને જવાબદાર ગણાવ્યું હતું અને જવાબની માંગણી કરી હતી. સીનેટ સિલેક્ટ કમિટિના સદસ્ય સેનેટર બેને આ દાવાનું સ્વાગત કર્યું હતું અને ચીન સરકાર પર સાયન્ટિફિક ડેટા ગુમ રાખવાનો આરોપ લગાવ્યો હતો. તેમના કહેવા પ્રમાણે અમેરિકા આ વાયરસ પર કાબુ મેળવી લેશે ત્યાર બાદ ચીનની ભ્રષ્ટાચારી સરકાર પાસેથી જવાબ લેવામાં આવશે.

દેશની ૮૭ પ્રાઈવેટ લેબમાં થશે કોરોના વાયરસનો ટેસ્ટ

ન્યુ દિલ્હી

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે કોરોના વાયરસના ટેસ્ટ કરવા માટે ૮૭ જેટલી પ્રાઈવેટ લેબનું લિસ્ટ જાહેર કર્યું છે. ૧૫ રાજ્યોમાં સ્થાપિત ૮૭ જેટલી લેબમાંથી સૌથી વધારે ૨૦ કોરોના વાયરસ ટેસ્ટ લેબ મહારાષ્ટ્રમાં છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના સંક્રમિત કેસોની સંખ્યામાં મહારાષ્ટ્ર દેશમાં સૌથી વધારે પ્રભાવિત રાજ્યો પૈકી એક છે.મહારાષ્ટ્ર સિવાય ૧૨ લેબ તેલંગાણા, ૧૧ લેબ દિલ્હીમાં, ૧૦ તમિલનાડુમાં, ૭ હરિયાણામાં, પશ્ચિમ બંગાળમાં ૬, કર્ણાટકમાં ૫, ગુજરાતમાં ૪, અને કેરળ, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશમાં ૨ અને ઉત્તરાખંડ તેમજ ઓડિશામાં એક-એક લેબ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, ૨૧ એપ્રીલના રોજ રાત્રે ૯ વાગ્યા સુધી દેશમાં ૪ લાખ ૪૭ હજાર ૮૧૨ વ્યક્તિઓના કુલ ૪,૬૨,૬૨૧ જેટલા સેમ્પલનું પરિક્ષણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આ સિવાય ૨૧ એપ્રીલના રોજ રાત્રે ૯ વાગ્યા સુધી ૨૬,૯૪૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. કોવિડ-૧૯ ની સારવાર માટે સાજા થઈ ચૂકેલા દર્દીઓના લોહીના પ્લાઝમા થેરેપીનનો ઉપયોગ કરવામાં કોઈ ભારતીય સંસ્થાનોએ રુચી દેખાડી છે. આઈસીએમઆરને આવી ૯૯ જેટલી અરજીઓ મળી છે કે જે સારવારને વધારે નિયંત્રિત અને સુરક્ષિત વાતાવરણમાં પ્રયોગ કરીને જોવામાં સહયોગ કરવામાં ઈચ્છુક છે.

પાક.વડાપ્રધાન કોરોના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા હતા

ઈમરાન ખાન સેલ્ફ આઈસોલેશનમાં, કોરોના વાયરસનો ટેસ્ટ કરાવ્યો

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનનો કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. તેઓ એક વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. જે કોરોનો પોઝિટિવ હોવાનું બહાર આવતા પાકિસ્તાનની સરકારમાં હડકંપ મચ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઈમરાનને સેલ્ફ આઈસોલેશનમાં મોકલવામાં આવ્યા છે.

ઈમરાન ૧૫ એપ્રિલે પાકિસ્તાનના પ્રસિદ્ધ એધી ફાઉન્ડેશનના ચીફ અબ્દુલ સત્તાર એધીના પુત્ર ફૈસલ એધી સાથે મુલાકાત કરી હતી. ફૈસલ બાદ કોરોનાનો રિપોર્ટ આવ્યો છે. આને જોઈને ઈમરાને ટેસ્ટ કરાવવાનો નિર્ણય લીધો છે. તેમની ઓફિસમાંથી સેમ્પલ લેવામાં આવ્યો છે અને બુધવારે તેમનો ટેસ્ટ રિપોર્ટ આવશે. હાલ તેમને સેલ્ફ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

ફૈસલની સાથે સંપર્કમાં આવેલા બીજા લોકોની ઓળખ કરીને તેમનો પણ કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવામાં આવશે. પાકિસ્તાનમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૯૦૦૦ને પાર થઈ ગઈ છે અને દેશમાં ૨૦૯ લોકોના મોત થઈ ગયા છે.

એઈમ્સના ડોક્ટરોના અહેવાલને આધારે આપેલો ચુકાદો

દિલ્હી હાઈકોર્ટે ૨૩ સપ્તાહના ગર્ભને સમાપ્ત કરવાની મંજૂરી આપી

ન્યુ દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે એક મહિલાને તેના ૨૩ સપ્તાહના ગર્ભને પાડી દેવાની મંજૂરી આપી છે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું છે કે ભ્રૂણમાં અનેક વિષમતાઓ જોવા મળી હોવાથી બાળકના જન્મની સાથે જે તેની સર્જરી કરાવવી પડતી. આ બાબતને ધ્યાનમાં રાખીને જ ગર્ભપાતને મંજૂરી આપવામાં આવી છે.

ન્યાયમૂર્તિ હેમા કોહલી અને ન્યાયમૂર્તિ એસ પ્રસાદની ખંડપીઠે જણાવ્યું હતું કે આ વાતની સંપૂર્ણ શક્યતા હતી કે જન્મ પછી બાળકમાં અનેક જટિલતાઓ જોવા મળી હોત અને તેના કારણે તેને સામાન્ય જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવાનો થાત.

ખંડપીઠે વધુમાં જણાવ્યું છે કે મેડિકલના માપદંડોને આધારે ભ્રૂણની સ્થિતિને ધ્યાનમાં લેતા અમારું માનવું છે કે ગર્ભપાત સંબધી કાયદાની જોગવાઈઓમાં રાહત આપીને ગર્ભવતી મહિલાની એ અપીલને સ્વીકારી લેવામાં આવે જેમાં તેણે પોતાના ગર્ભને સમાપ્ત કરવાની માગ કરી છે.

ખંડપીઠે આ આદેશ મહિલાની તપાસ માટે એઈમ્સ દ્વારા રચાયેલ મેડિકલ બોર્ડના અહેવાલને આધારે આપ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગર્ભાવસ્થામાં માતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય કોઈ નુકસાન થશે નહીં પણ જન્મ પછી બાળકની અનેક વખત સર્જરી કરાવવી પડશે.

નરોત્તમ મિશ્રાને મળ્યા ગૃહ અને આરોગ્ય વિભાગ

શિવરાજસિંહ કેબિનેટના મંત્રીઓના વિભાગની વહેંચણી

ભોપાલ

મધ્યપ્રદેશમાં મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણના મંત્રીમંડળમાં શામેલ મંત્રીઓને તેમના વિભાગ સોંપવામાં આવ્યા છે. નરોત્તમ મિશ્રાને ગૃહ અને આરોગ્ય વિભાગ, કૃષિ મંત્રાલય તરીકે કમલ પટેલ, જળ સંસાધન તરીકે તુલસી સિલાવત, ફૂડ પ્રોસેસીંગ તરીકે ગોવિંદસિંહ રાજપૂત અને આદિજાતિ કલ્યાણ વિભાગ તરીકે મીનાસિંહની જવાબદારી સોંપવામાં આવી છે.

આપને જણાવી દઈએ કે મંગળવારે રાજભવનમાં શપથ ગ્રહણ સમારોહમાં ૫ મંત્રીઓએ શપથ લીધા હતા. ભાજપના વરિષ્ઠ ધારાસભ્યો નરોત્તમ મિશ્રા, કમલ પટેલ અને મીના સિંહ મંત્રી બન્યા. જ્યારે તુલસી સિલાવત અને ગોવિંદસિંહ રાજપૂતે જ્યોતિરાદિત્ય સિંધિયા જૂથના પ્રધાન તરીકે શપથ લીધા હતા.

કોને શુ મળ્યું

૧. નરોત્તમ મિશ્રા - ગૃહ અને આરોગ્ય વિભાગ

૨. તુલસી સિલાવટ- જળ સંસાધન વિભાગ

૩. કમલ પટેલ- કૃષિ વિભાગ

૪. ગોવિંદ સિંહ- ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ

૫. મીના સિંહ- આદી જાતિ કલ્યાણ વિભાગ

હવે રાજ્યો પણ શેરડીની લઘુત્તમ ખરીદ કિંમત નક્કી કરી શકશેઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે શેરડીની ખરીદ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોર્ટના નિર્ણય મુજબ હવે જે તે રાજ્યો પણ શેરડીની લઘુતમ ખરીદ કિંમત નક્કી કરી શકે છે. જો તે કેન્દ્ર દ્વારા નક્કી કરવામાં આવેલા ભાવ કરતા વધારે પણ હોય તો તેમાં કોઈ સમસ્યા નથી. ૨૦૦૫માં દાખલ કરેલી એક અરજી પર સુનાવણી દરમિયાન આ નિર્ણય કરવામાં આવ્યો છે.

મિલ માલિકોએ જણાવ્યું હતું કે ભાવ નક્કી કરવાનો અધિકાર ફક્ત કેન્દ્ર પાસે છે. કેન્દ્ર સરકાર શેરડીના એફઆરપી નક્કી કરે છે. આંધ્રપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં એફઆરપી આપવામાં આવે છે. જ્યારે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણામાં રાજ્ય સરકાર રાજ્ય સમર્થિત ભાવ નક્કી કરે છે. એસએપી સામાન્ય રીતે એફઆરપી કરતા વધારે હોય છે. આ કારણોસર વેસ્ટ ઉત્તર પ્રદેશ સુગર મિલ્સ એસોસિએશને ૨૦૦૫માં એક અરજી દાખલ કરી હતી. તેના પર સુપ્રીમ કોર્ટ ચુકાદો આપી કહ્યું છે કે હવે દરેક રાજ્ય શેરડીના લઘુત્તમ ખરીદ કીંમતનો નિર્ણય કરી શકે છે.

ગૃહમંત્રી અનિલ દેશમુખે ૧૦૧ આરોપીઓનું લિસ્ટ જાહેર કર્યું

પાલઘરમાં સાધુઓના લિન્ચિંગમાં એક પણ મુસ્લિમ સામેલ નથી

મુંબઈ

પાલઘર મોબ લિંચિંગ ઘટના પર રાજનીતિ હાલ પણ યથાવત છે. ત્યારે હવે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે પાલઘર મામલે ધરપકડ થયેલ ૧૦૧ આરોપીઓનું લિસ્ટ જાહેર કરી છે. અનિલ દેશમુખે કહ્યું કે આ લિસ્ટ એટલા માટે જાહેર કરવામાં આવું છે કારણે કે આ મુદ્દાને હવે સાંપ્રદાયિક રીતે રજૂ કરવામાં આવી રહ્યો છે. આપણે જણાવી દઈએ કે પાલઘરમાં બે નિર્દોષ સાધુઓ અને તેમના ડ્રાઈવરને મારી-મારી હત્યા કરવામાં આવી હતી.

લિસ્ટ જાહેર કરતા પહેલા ગૃહમંત્રી અનિલ દેશમુખે કહ્યું હતું કે,'સીઆઈડીમાં એક ખાસ આઈજી સ્તરના અધિકારી આ મામલે તપાસ કરી રહ્યા છે. પરંતુ હું જણાવવા માંગું છું કે પોલીસે ઘટનાના માત્ર ૮ કલાકની અંદર ૧૦૧ લોકોની ધરપકડ કરી છે. અમે આજે વોટ્સએપના માધ્યમથી આરોપીઓના નામ જાહેર કરી રહ્યા છીએ. આ લિસ્ટમાં કોઈ મુસ્લિમ નથી.' મીડિયા રિપોર્ટ મુજબ આ સિવાય તેમણે કહ્યું કે,'મોબ લિંચિંગ દરમિયાન એક વીડિયોમાં સંભળાયું કે 'ઓએ બસ'. લોકોએ આને ઓનલાઈન વાયરલ કર્યો અને અમુક લોકોએ આને 'શોએબ બસ' કહ્યું.'

રિપોર્ટ પ્રમાણે અનિલ દેશમુખે કહ્યું કે,'દરેક રાજ્ય હાલ મહામારીથી લડી રહ્યું છે. પરંતુ કેટલાક લોકો આ પરિસ્થિતમાં પણ પાલઘર ઘટનાને સાંપ્રદાયિક એંગલ આપવાની કોશિશ કરી રહ્યા છે. અફવા ફેલાવનારાઓ પર કડક કાર્યવાહી કરવામાં આવશે.

અલીગઢમાં બજાર બંધ કરાવવા ગયેલી પોલીસ પર હુમલોઃ ભીડે ઈંટ-પથ્થર ફેંક્યા

અલીગઢ

ઉત્તર પ્રદેશ સહિત દેશભરમાં લોકડાઉન છે ત્યારે અવાર નવાર પોલીસ પર હુમલાની ઘટનાઓ સામે આવતી રહે છે. અલીગઢના ભુજપુરા વિસ્તારમાં પોલીસ ટીમ પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. જાણકારી અનુસાર પોલીસ આ વિસ્તારમાં બજાર બંધ કરાવવા ગઈ હતી. આ દરમિયાન અહી જમા ભીડ ઉગ્ર બની ગઈ હતી અને ભીડે પોલીસ કર્મીઓ પર હુમલો કર્યો હતો.

પોલીસ પર હુમલાનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં નજરે પડી રહ્યું છે કે લોકોની ભીડ પોલીસ પર અંધાધુધ ઈટ-પથ્થર ફેકી રહી છે. પોલીસ લોકોને પાછળ ખસેડવાનો પ્રયાસ કરી રહી છે.લોકડાઉન દરમિયાન સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી જ બજાર ખોલવાની પરવાનગી તંત્ર દ્વારા આપવામાં આવી છે પરંતુ નક્કી સમય કરતા વધુ સમય સુધી બજાર ખુલ્લુ રહ્યા બાદ પોલીસ અહી બજાર બંધ કરાવવા પહોચી હતી. પોલીસે અહી શાકભાજી અને અન્ય સામાન વેચી રહેલા દુકાનદારોને દુકાન બંધ કરાવવાનું કહ્યા બાદ વિવાદ થયો હતો.



કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક દુકાનદારો સાથે પોલીસનો ઝઘડો પણ થયો હતો અને અચાનક અહી શાકભાજી વગેરે વેચનારાઓની ભીડે પોલીસ પર પથ્થર મારવાનું શરૂ કર્યું હતું. હુમલા દરમિયાન એક પોલીસ કર્મીના માથા પર પથ્થર લાગતા ઈજાગ્રસ્ત થયો હતો. ભીડ પોલીસ કર્મીઓને નિશાન બનાવી પથ્થર વરસાવતી રહી હતી. સુચના મળ્યા બાદ આ વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરી દેવામાં આવ્યો હતો. પોલીસે ભીડને શાંત કરાવી હતી. બજારમાં રહેલા દુકાનદાર પોલીસને ભારે પડતા જોઈ દુકાન છોડીને જતા રહ્યા હતા. પોલીસે સ્થિતિને કાબુમાં કરી લીધી છે.

તંત્રી લેખ

નેટ ગતિનુ મહત્વ વધુ

ઈન્ટરનેન્ટની દુનિયાની સૌથી મહત્વપૂર્ણ બાબત તેની ગતિશીલતા છે. તેમાં તમામ જે નવી ચીજો હોય છે તે ઝડપથી જુની થઈ જાય છે. આમાં નવી નવી સંભાવનાના દ્વાર હમેંશા ખુલતા રહે છે. સોશિયલ મિડિયાના પ્લેટફોર્મ દરરોજ નવા રંગ રૂપમાં આવી રહ્યા છે. તેમાં નવા નવા ફિચર્સ ઉમેરવામાં આવી રહ્યા છે. આ કવાયતનો મુખ્ય હેતુ વધુને વધુ લોકોને પોતાના મંચ તરફ આકર્ષિત કરવાનો હોય છે. આનુ કારણ ઈન્ટરનેટના માધ્યમથી થઈ રહેલી જંગી આવક પણ છે. સંખ્યાબળના કારણે આવક વધે છે. વિડિયો તેમાં એક મોટી ભૂમિકા અદા કરે છે. આનો એક મોટો હિસ્સો ગુગલની કંપની યુટ્યુબના હિસ્સામાં આવે છે. આની બિલકુલ વિરુદ્ધમાં હવે ફોટો શેયરિંગ માટે લોકપ્રિય ફેસબુકની કંપની ઈન્સ્ટાગ્રામની લોકપ્રિયતા પણ હવે વધી રહી છે. ઈન્સ્ટાગ્રામે પણ ધીમે ધીમે વિડિયોલાઈનમાં એન્ટ્રી કરી દીધી છે. યુવા પેઢીમાં તેની લોકપ્રિયતા સતત વધી રહી છે. ઈન્ટરનેટ પર બાદશાહતને લઈને જારી રહેલી આ લડાઈના કારણે સામાન્ય લોકોને વધારે ફાયદો થઈ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ વધારે ફાયદો થનાર છે. આ હલચલના કેન્દ્રમાં પણ ફેસબુક અને ગુગલ જ છે. ગુગલ એકબાજુ યુટ્યુબ મારફતે વિડિયો બજારના એક મોટા હિસ્ સ પર પ્રભુત્વ જમાવે છે. જ્યારે બીજી બાજુ તેને ટક્કર આપવા માટે ફેબબુક ઈન્સ્ટાગ્રામમાં નવા નવા સુધારા કરે છે અને નવા નવા ફિચર્સ ઉમેરે છે. વિડિયો બજારમાં આને કારણે મોટા ફેરફાર થવાના સંકેતો દેખાઈ રહ્યા છે. ફોટો અને વિડિયો શેયરિંગ એપ ઈન્સ્ટાગ્રામ કંપનીને વર્ષ ૨૦૧૨માં ફેસબુકે એક અબજ ડોલરમાં ખરીદી લીધી લીધી હતી. આની કિંમત આજે વધીને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. બ્લુમબર્ગ ઈન્ટેલિજન્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઈન્સ્ટાગ્રામના હાલમાં એક અબજ એક્ટિવ યુજર છે. જેની સંખ્યા ટુંક સમયમાં વધીને બે અબજ સુધી પહોંચી જશે. આગામી પાંચ વર્ષના ગાળામાં જ તેના ગ્રાહકોની સંખ્યા ફેસબુક જેટલી પહોંચી જાય તેવી શક્યતા છે. અન્ય સોશિયલ મિડિયા સાઈટ્સની જેમ ઈન્સ્ટાગ્રામ પણ પોતાના ઈન્ટરફેસને સતત બદલે છે. જેમ કે ફોટોગ્રાફિક્સ ફિલ્ટર્સ, ,સ્ટોરીઝ, નાના વિડિયો, ઈમોજી, હેશટેગ જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભવિષ્યની રણનિતીને ધ્યાનમાં લઈને ઈન્સ્ટાગ્રામે એક નવ શરૂઆત કરી છે. તે છે આઈજી ટીવી. આના મારફતે કોઈ પણ યુઝર એક કલાક સુધીના લાંબા વિડિયો અપલોડ કરી શકે છે. લાંબા વિડિયોનો અર્થ છે કે યુઝર વધારે સમય સુધી ઈન્સ્ટાગ્રામ પર સક્રિય રહેશે. સ્વાભાવિક છે કે આ લક્ષ્ય આર્થિક અએને વ્યવહારિક દ્રષ્ટિકોણથી એપ તૈયાર કરનાર દરેક કંપની હાંસલ કરવા માટે ઈચ્છુક હોય છે. આનો સીધો ફાયદો ફેસબુકને મળશે. હજુ સુધી લોકો યુટ્યુબના પોતાના વિડિયોને ફેસબુકના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને લોકપ્રિય બનાવી રહ્યા હતા. જેથી તેને જોવા માટે ગ્રાહકો ફેસબુકને છોડીને યુટ્યુબના પ્લેટફોર્મ પર જતા રહેતા હતા. જેથી ફેસબુકને વધારે લાભ થઈ રહ્યા ન હતા. તસ્વીરનો એક હિસ્સો એ પણ છે કે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર, સ્લેપચૈટ અને યુટ્યુબ જેવી ઓનલાઈન સોશિયલ મિડિયા પ્લેટફોર્મના વધતા પ્રભાવના કારણે વ્યવહારિક કંપનીનુ વલણ સીધી રીતે જાહેરાતના બદલે ઈન્ફ્લુએન્સર માર્કેટિંગની તરફ ગયુ છે.

સોશિયલ મિડિયા દરરોજ નવા રંગરૂપમાં આવે છે : ગળા કાપ સ્પર્ધા હમેંશા રહે છે

કોરોના સંકટ વચ્ચે વૈશ્વિક લોકડાઉનના લીધે કિંમતે નેગેટિવ ઝોનમાં

તેલ ખરીદવા હાલ કોઈ તૈયાર નથી

કોરોના સંકટની ઘેરી માર વચ્ચે ક્રુડ ઓઈલની કિંમત વૈશ્વિક બજારમાં ખુબ નીચી સપાટી પર પહોંચી ગઈ છે. વાયદા બજારમાં સોમવારના દિવસે તેની કિંમત ઐતિહાસિક નીચી સપાટી પર પહોંચી ગઈ હતી. કિંમતો સોમવારના દિવસે ઈતિહાસમાં પ્રથમ વખત શુન્યથી ૩૬ ડોલર નીચે પહોંચી ગઈ હતી. અમેરિકી વાયદા બજારમાં ક્રુડ તેલ ઘટીને નેગેટિવ ઝોનમાં પહોંચી જતા તેની ચર્ચા રહી હતી. શુન્યથી ૩૬ ડોલર નીચે ભાવ પહોંચી ગયા હતા. અમેરિકી બેન્ચમાર્ક ક્રુડ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટના વાયદા બાવ મે ડિલિવરી માટે માઈનસ ૩૭.૬૩ ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો. ક્રુડ ઓઈલની કિંમત માઈનસમાં પહોંચી જવાનો અર્થ એ છે કે આજે અથવા તો કાલે તેલ ખરીદવા પર તેને વેચનાર આપને બદલામાં કેટલાક પૈસા પણ આપશે. હકીકતમાં મે મહિનામાં ક્રુડ ઓઈલના સપ્લાય માટે જે કોન્ટ્રાક્ટ આપવામાં આવે છેતે હવે નેગેટિવમાં જતા રહ્યા છે. તેલ ઉત્પાદક દેશ દુનિયાના બીજા દેશોને તેલ ખરીદી કરવા માટે કહી રહ્યા છે. જો કે વૈશ્વિક લોકડાઉનના કારણે કોઈ દેશ દ્વારા તેલની ખરીદી કરવામાં આવી રહી નથી. જેથી તેલ કિંમતોમાં જોરદાર ઘટાડો થઈ રહ્યો છે. સ્થિતી અહીં સુધી પહોંચી ગઈ છે કે તેલ ઉત્પાદક દેશ હવે ખરીદારોને પૈસા આપીને તેલ ખરીદી કરવા માટે કહી રહ્યા છે. કારણ કે તેમને ડર છે કે જો તેલનુ વેચાણ થશે નહીં તો તેમની સામે સ્ટોરેજની સમસ્યા આવી શકે છે. વાસ્તવિકતા એ છે કે હાલમાં કોરોના વાયરસના કારણે દુનિયાભરમાં લોકડાઉન છે. લોકો ઘરમાં કેદ છે. ગાડીઓ ચાલી રહી નથી. વિમાનો ઉડાણ ભરી રહ્યા નથી. કારખાના પણ ઠપ્પ થયેલા છે. જેના કારણે ક્રુડની માંગ અભૂતપૂર્વ રીતે ઘટી ગઈ છે. સાઉદી અરેબિયા અને રશિયા વચ્ચે ચાલી



ક્રુડ ઓઈલની કિંમત માઈનસમાં જવાનો અર્થ એ છે કે ઉત્પાદકો ખરીદી કરનારને પૈસા ચુકવી રહ્યા છે : અખાત દેશો પર ગંભીર સંકટ

રહેલા પ્રાઈસ વોરના કારણે તેલની કિંમતો પહેલાથી જ ઉથલપાથલની સ્થિતી વચ્ચે છે. હવે તેલ ઉત્પાદક દેશોની સામે તેલ રાખવા માટેની વિકરાળ સમસ્યા ઉભી થઈ રહી છે. જેને ધ્યાનમાં લઈને કેટલીક તેલ કંપનીઓ તો વિશાળ ટેન્કર શિપભાડામાં લઈ રહી છે. વધારાના જથ્થાને તેમાં રાખી શકાય તે માટે આ ખરીદી કરવામાં આવી રહી છે. અમેરિકા માટે આ માથાના દુખાવાની બાબત મોટી રહેલી છે.કારણ કે શેલ ઓઈલ કંપનીઓને આ વાત સમજાઈ રહી નથી કે આ સ્થિતીનો સામનો કઈ રીતે કરવામાં આવે. કેટલીક કંપનીઓ તો આગામી મહિનાઓ સુધી દેવાળુ ફુકી શકે છે. જેથી ત્યાં બેરોજગારીની ગંભીર સમસ્યા પણ સપાટી પર આવનાર છે. ક્રુડ ઓઈલની કિંમતે રેકોર્ડ નીચી સપાટી પર પહોંચી જવાથી ભારત પર અસર થનાર છે. ક્રુડ ઓઈલમાં ઘટાડાના કારણે કેટલાક અખાત દેશોની આર્થિક સ્થિતી ખરાબ થઈ શકે છે. કારણ કે તેમના મોટા ભાગના જીડીપી તેલમાંથી આવે છે. આ દેશોમાં આશરે ૮૦ લાખ લોકો કામ કરી રહ્યા છે. જે દર વર્ષે આશરે ૫૦ અબજ ડોલરની રકમ ભારતમાં મોકલે છે. અખાતના દેશોમાં અર્થતંત્ર ભાંગી પડવાનો અર્થ એ રહેશે કે તેમાંથી મોટા ભાગના લોકો બેરોજગાર થઈ જશે. આ ઉપરાંત ભારતની નિકાસ પણ મોટા ભાગે અખાતી દેશોમાં પહોંચે છે. જેના પર નવી આફત આવી શકે છે. સંકટમાંથી પસાર થઈ રહેલા ભારત માટે આ નવી આફત રહી શકે છે. કોરોના મહામારીના કારણે હાલત ખરાબ થઈ ગઈ છે. વિશ્વના દેશો મુશ્કેલીમાં છે. તેલ કિંમતો રેકોર્ડ નીચી સપાટી પર પહોંચી ગઈ છે. હાલત ખુબ ખરાબ થયેલી છે. ખાસ કરીને તેલ ઉત્પાદક દેશો વિકટ સ્થિતીમાં મુકાઈ ગયા છે. તેમની સામે કોઈ વિકલ્પ દેખાઈ રહ્યા નથી. દુનિયાના દેશોમાં તમામ પ્રવૃતિ હાલમાં ઠપ્પ થયેલી છે. જેથી તેલની માંગ નહીંવત જેટલી બનેલી છે. તેન કિંમતના કારણે દુનિયાના ઉત્પાદક દેશ કોરોના વાયરસની સ્થિતી પહેલા આના કારણે જોરદાર ઉત્સાહના માહોલમાં હતા. જો કે હવે તેમની હાલત સૌથી ખરાબ દેખાઈ રહી છે. સાથે સાથે અખાત દેશોમાં રહેલા ભારતના ૮૦ લાખ લોકોની રોજગારી પર પણ સંકટના વાદળો છે. તેમની સ્થિતી પણ આગામી દિવસોમાં વધારે ખરાબ થઈ શકે છે. કોરોના મહામારીના કારણે દુનિયાના દેશોના આર્થિક તંત્ર સંપૂર્ણ પણે ભાંગી પડવાની નજીક પહોંચી ગયા છે.

કોરોના સંકટ બાદ હવે દુનિયા બદલાઈ જવાના સંકેત તો છે...

કોરોના પર પણ કાબુ તો મેળવાશે

માનવી ઈતિહાસ અદમ્ય જીવનની એક વાર્તા તરીકે છે. જેથી વિપરિત સ્થિતીઓ હોવા છતાં એટલુ તો કહી શકાય છે કે ભુતકાળની જેમ કોરોના પર પણ બીજી મહામારીઓની જેમ જ અંકુશ તો મેળવી જ લેવાશે. મહામારીની વાર્તામાં નવી વૈશ્વિક વ્યવસ્થાની નવી મહાગાથા પણ સંભળાય છે. આવી સ્થિતામાં સવાલ એ થાય છે કે શુ કોરોના સંકટ પૂર્ણ થયા બાદ પણ ધરતી અથવા તો દુનિયા પહેલા જેવી રહેશે. સમગ્ર દુનિયામાં આશરે એક તૃતિયાશ વસ્તી મહાબંધી અથવા તો લોકડાઉનમાં આવી ગયા બાદ જમીન તેના વાયુમંડળ અને માનવીય વિચારધારામાં દેખાઈ રહેલા ફેરફારને જોઈ શકે છે. એક બાબત તો નિશ્ચિત દેખાઈ રહી છે કે કોરોના વાયરસ માનવતા પર માત્ર ઘેરા ઘા છોડીને જ જશે નહીં બલ્કે આ દુનિયાના શક્તિ સંતુલન અને વિશ્વ વ્યવસ્થામાં મોટા ફેરફાર કર્યા વગર જનાર નથી. પ્લેગની મહામારીના કારણે એકબાજુ યુરોપને અંધારામાંથી બહાર લાવવામાં ભૂમિકા અદા કરી હતી. દુનિયાને સીવર સિસ્ટમની અવધારણા આપી હતી. વિશ્વ યુદ્ધના પરિણામ અને તેના કારણે ઉભી થયેલી મહામારીના કારણે દુનિયાના બે ધ્રુવોને વિભાજિત કરવા, રાષ્ટ્રોની સરહદોને બંધ કરવા અને વર્તમાન લોકશાહી વ્યવસ્થાની વૈશ્વિક સ્વીકાર્યતા રચી હતી. કેટલાક એવા જ અંદાજમાં કોરોનાની ભયાનકતા પણ કામ કરનાર છે. કોલ્ડ વોર બાદથી અમેરિકા દુનિયાના દાદા બનીને ફરવાની ટેવ હતી. રશિયા એક હદ સુધી મર્યાદિત થઈ ગયા બાદ ચીન તેને પડકાર ફેંકવા માટે સતત મથામણ કરે છે. જો કે હવે ચીન બચાવના મુડમાં છે. કારણ કે તેના વુહાન શહેરમાંથી



કોરોના વાયરસ માનવતા પર ઘેરી ચોંટ આપીને જ નહીં જાય બલ્કે તે વિશ્વ વ્યવસ્થામાં મોટા ફેરફારો કરીને પણ જનાર છે

નિકળલે કોવિડ-૧૯થી સમગ્ર દુનિયા હચમચી ઉઠી છે. લાપરવાહી દાખવવા અને માહિતી છુપાવવાનો આરોપ તેના પર થઈ રહ્યો ચે. સમગ્ર દુનિયા આને માટે ચીનને દોષિત ગણે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તો તેને ચીની વાયરસ કહે છે. બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયાનુ વલણ પણ આવુ જ રહ્યુ છે. આના પર કેટલીક વખત ચીન ગુસ્સામાં તો કેટલીક વખત બચાવના મુડમાં દેખાય છે. સાફ છે કે તે કોરોનાને એક તક તરીકે નિહાળે છે. ઈચ્છતુ નથી કે તેની તીખી પ્રતિક્રિયાના કારણે દુનિયાના દેશો તેની સામે એકમત થઈ જાય. આના કારણે ચીન સાવધાનીપૂર્વક નિવેદન કરી રહ્યુ છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની જેવા દેશો કોરોના કારણે હચમચી ઉઠયા છે. જેથી તેમના પ્રથમ પ્રયાસ તો પોતાની શક્ય તેટલી વધુ જનતાને આ રોગથી બચાવી લેવાની રહેલી છે. જેથી તે હાલમાં સંપૂર્ણ ધ્યાન આ કોરોનાની સામે રોકવા માટે લગાવી રહ્યા છે. જો કે એક બાબત તો નક્કી છે કે આના પર કાબુ મેળવી લેવામાં આવ્યા બાદ ચીનને ઘેરી લેવાના પ્રયાસ કરનાર છે. આંતરરાષ્ટ્રીય કોર્ટમાં તેની સામે કેસ ચલાવવા માટેની તૈયારી પણ ચાલી રહી છે. આ દેશોના નાગરિકો તરફથી આવી માંગ ઉઠી રહી છે. આ વર્ષના અંતમાં અમેરિકામાં પ્રમુખની ચૂંટણી યોજાનાર છે. જો તેમને ફરી તક મળી જશે તો તેઓ ચીનની સાથે હિસાબને ચુકતો કરવાના ભરપુર પ્રયાસ કરી શકે છે. જો આવુ થશે તો અમેરિકાની સાથે દુનિયાના મોટા ભાગના દેશો આવી જશે.જો કે ચીનની આર્થિક તાકાતના કારણે અમેરિકી વિરોધી દેશો ચીનની સાથે રહી શકે છે. ચીન પહેલાથી જ આ સ્થિતીને સમજે છે. જેથી તે કોરોનાગ્રસ્ત ઈટાલીને સહાયતા મોકલી છે. યુરોપના બીજા દેશમાં માસ્ક પહોંચાડી દીધા છે. ઓસ્ટ્રેલિયાએ તો તેના માસ્કને ખરાબ હોવાની વાત કરીને પરત કરી દીધા છે. આ તમામ પ્રકારની સ્થિતીમાં ચીનમાં થનાર રોકાણ પર માઠી અસર થનાર છે. ચીનની નિકાસ ઘટી શકે છે. આનો લાભ ભારત ઉઠાવી શકે છે. કોરોના બાદ વૈશ્વિક વ્યવસ્થામાં ચીનના બદલે ભારત આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે પસંદગીના દેશ તરીકે રહી શકે છે. આના માટે ભારતે તૈયારી રાખવાની રહેશે. દેશના આશરે ૫૦ કરોડ યોગ્ય હાથોને કામ આપવા માટે તેની પાસે તક રહેશે. પરંતુ આ તમામ બાબતો ચીનની વૈશ્વિક ઘેરાબંધી અને અન્ય બાબતો પર આધારિત રહેશે.

ફરી પ્રમુખ બન્યા તો હિસાબ ચુકતે કરશે જ

ચીનને લઈને ટ્રમ્પ ગુસ્સામાં

વર્ષના અંતમાં અમેરિકામાં પ્રમુખની ચૂંટણી યોજાનાર છે. જો તેમને ફરી તક મળી જશે તો તેઓ ચીનની સાથે હિસાબને ચુકતો કરવાના ભરપુર પ્રયાસ કરી શકે છે. જો આવુ થશે તો અમેરિકાની સાથે દુનિયાના મોટા ભાગના દેશો આવી જશે.જો કે ચીનની આર્થિક તાકાતના કારણે અમેરિકી વિરોધી દેશો ચીનની સાથે રહી શકે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તો તેને ચીની વાયરસ કહે છે. બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયાનુ વલણ પણ આવુ જ રહ્યુ છે. કોરોના વાયરસ સંકટ ખતમ થઈ ગયા બાદ અમેરિકાના નેતૃત્વમાં કેટલાક દેશો ચીન પર જોરદાર રીતે તુટી પડવા માટેની તૈયારી કરી શકે છે. તેના મામલે પોતાના દેશોની નિતીને વધારે કઠોર કરી શકે છે. બીજી બાજુ કેટલાક દેશો ચીનની મદદમાં પહોંચી શકે છે. કેટલાક યુરોપિયન દેશ ચીનની નજીક જતા દેખાઈ રહ્યા છે. ચીન દ્વારા રશિયાની પણ હાલમાં મદદ કરવામાં આવી રહી છે. આર્થિક પ્રતિબંધોનો સામનો કરી રહેલા ઈરાનને પણ ચીન દ્વારા મદદ કરવામાં આવી રહી છે. અલબત્ત ભારતીય ફાર્માની દવાઓ પણ ઈરાનમાં પહોંચે છે. વૈશ્વિક આર્થિક તાકાત વચ્ચે ભારત, બ્રાઝિલ, રશિયા અને ચીને સમાંતર આર્થિક ગ્રુપ બ્રિક્સની રચના કરેલી છે. કોરોના બાદની સ્થિતીમાં આમાં ચીનની ભૂમિકા નબળી પડી શકે છે. જે રીતે આના સભ્ય દેશ બ્રાઝિલે ચીન પર પ્રહારો કર્યા છે તે જોતા ચીનને મુશ્કેલ પડનાર છે. ભારતને તો પોતાના આંતરરાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં લઈને બ્રાઝિલની સાથે જ રહેવાની જરૂર રહેશે. ચીન પહેલાથી જ આ સ્થિતીને સમજે છે. જેથી તે કોરોનાગ્રસ્ત ઈટાલીને સહાયતા મોકલી છે. યુરોપના બીજા દેશમાં માસ્ક પહોંચાડી દીધા છે. ઓસ્ટ્રેલિયાએ તો તેના માસ્કને ખરાબ હોવાની વાત કરીને પરત કરી દીધા છે. આ તમામ પ્રકારની સ્થિતીમાં ચીનમાં થનાર રોકાણ પર માઠી અસર થનાર છે. ચીનની નિકાસ ઘટી શકે છે. આનો લાભ ભારત ઉઠાવી શકે છે. કોરોના બાદ વૈશ્વિક વ્યવસ્થામાં ચીનના બદલે ભારત આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે પસંદગીના દેશ તરીકે રહી શકે છે. આના માટે ભારતે તૈયારી રાખવાની રહેશે. દેશના આશરે ૫૦ કરોડ યોગ્ય હાથોને કામ આપવા માટે તેની પાસે તક રહેશે. પરંતુ આ તમામ બાબતો ચીનની વૈશ્વિક ઘેરાબંધી અને અન્ય બાબતો પર આધારિત રહેશે.

કોરોના બાદ ચીન કરતા ભારતનુ મહત્વ દુનિયામાં વધશે

ફાયદો : યાદશક્તિ વધારી દેવામાં ઉપયોગી છે

ફિશ ઓઈલના અનેક ફાયદા

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફિશ ઓઈલ યાદશક્તિમાં ૧૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરે છે. આ ઉપરાંત ઘણી તકલીફોને પણ દૂર કરે છે. સોલમન અને ટ્રોટ જેવી ઓઈલી ફિશને ડાઈટમાં લેવાથી યાદશક્તિ સુધારે છે.હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં મેસી યુનિવર્સિટીમાંથી વેલેમાં સ્ટોન હાઉસ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. આ ટીમે ડીએચએ ધરાવતાં ઘટક તત્ત્વો પણ ઉપલબ્ધ કરાવ્યા છે. સોલમન જેવી ફૂડ વસ્તુઓમાં ઓમેગા-૩ ફેટ્ટી એસિડના તત્ત્વો જોવા મળ્યા છે. આમા જણાવવામાં આવ્યું છે કે ૧૭૬ સ્વસ્થ પુખ્તવયના લોકોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર યાદશક્તિ જ નહીં બલ્કે હાડકાઓને મજબૂત કરવામાં પણ ફિશ ઓઈલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારવાર બાદ જાણવા મળ્યું કે દરેકની યાદશક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત શરીરના અન્ય ઘટકોની તાકાત પણ વધે છે. પ્રથમ વખત અભ્યાસમાં આ બાબત જાણવા મળી છે ડીએચએ ઘટક તત્ત્વોથી યુવા સ્વસ્થ પુખ્તવયના લોકોની યાદશક્તિમાં સુધારો થાય છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે સ્ટોન હાઉસને ટાકીને આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે બ્રેઈનને મજબૂત રાખવા અને ડિમાંગ વધુ કુશળતા સાથે કામ કરે તે માટે ફિશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તારણો બાદ ફિશ ઓઈલને લઈને વધુ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે.

પહેલીવાર સ્ટેટ ટીમમાં રિજેક્ટ થતા આખી રાત રોયો અને હેરાન થયો હતોઃ વિરાટ કોહલી



નવી દિલ્હી

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી આજે વિશ્વના સૌથી સફળ ક્રિકેટર્સમાંથી એક છે. પરંતુ એક સમય એવો પણ હતો જ્યારે તેનું ઘણું સ્ટ્રગલ કરવું પડ્યું હતું. 'અનએકેડેમી' ઓનલાઈન કલાસમાં કોહલી અને તેની પત્ની અનુષ્કા શર્માએ સંઘર્ષ વિશે ખુલીને વાત કરી હતી. કોહલીએ કહ્યું કે, એક વાર સ્ટેટ ટીમમાં પસંદગી થઈ નહોતી. ત્યારે તે ઘણો હેરાન થયેલો અને આખી રાત રોયો હતો. કોહલીની કપ્તાનીમાં ભારતે ૨૦૦૮માં અંડર-૧૯ વર્લ્ડ કપ જીત્યો હતો. તેણે ૮૬ ટેસ્ટમાં ૭૨૪૦, ૨૪૮ વનડેમાં ૧૧૮૬૭ અને ૮૨-૨૦માં ૨૭૯૪ રન કર્યા છે.

કોહલીએ કહ્યું, સ્ટેટ ટીમમાં પસંદગી દરમિયાન મને પહેલીવાર રિજેક્ટ કરવામાં આવ્યો હતો. મને યાદ છે, પછી હું આખી રાત રડતો રહ્યો. હું એકદમ નિરાશ હતો અને રડતાં રડતાં રાતના ત્રણ વાગી ગયા હતા. મને મારી જાત પર વિશ્વાસ નહોતો કે હું રિજેક્ટ થઈ ગયો" કોહલીએ ૨૦૦૬ માં હોમ ટીમ દિલ્હીથી શરૂઆત કરી હતી. ૨ વર્ષ બાદ તેને ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી. તેણે શ્રીલંકા સામે વનડેમાં ડેબ્યુ કર્યું હતું.

ભારતીય કેપ્ટને કહ્યું કે, મેં તમામ મેચોમાં સારો દેખાવ કર્યો હતો. બધું બરાબર ચાલતું હતું. લોકો પણ મારા પ્રદર્શનથી ખુશ હતા. મેં દરેક સ્તરે સારું પ્રદર્શન કર્યું. આ છતાં હું રિજેક્ટ થઈ ગયો. મેં આ વિશે મારા કોચ સાથે ૨ કલાક વાત કરી. મને તે વિશે હજી કઈ ખબર નથી પડી. હું માનું છું કે જ્યાં ધૈર્ય અને પ્રતિબદ્ધતા હોય છે, ત્યાં પ્રેરણા આપમેળે આવે છે અને સફળતા મળે છે. કોહલીએ કહ્યું, 'આ સંકટનો એક સકારાત્મક ભાગ એ છે કે આપણે બધા એક સમાજ તરીકે વધુ ઉદાર બની ગયા છે. આપણે કોરોના સામે લડતા બધા યોદ્ધા પોલીસ, ડોકટરો અથવા નર્સો પ્રત્યેનો આભાર વ્યક્ત કરી રહ્યા છીએ. આશા છે કે, આ ભાવના સંકટમાંથી બહાર નીકળ્યા પછી પણ કાયમ રહેશે. જીવન વિશે કશું કહી શકાય નહિ. જે પણ તમને ખુશ કરે છે તે કરો અને બધા સમયની તુલના કરતા ન રહો. આ મહામારી પછી જીવન ખૂબ બદલાશે.

કોરોના સંકટમાં રોહિત શેટ્ટીએ મુંબઈ પોલીસ માટે આઠ હોટલની વ્યવસ્થા કરી



મુંબઈ

બોલિવૂડ ડિરેક્ટર રોહિત શેટ્ટીએ મુંબઈ પોલીસ માટે આઠ હોટલની વ્યવસ્થા કરી છે. અહીંયા પોલીસકર્મીઓ આરામ કરી શકશે અને તેમના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.મુંબઈ પોલીસે રોહિત શેટ્ટીનો આભાર માનતી એક ટ્વીટ કરી હતી. મુંબઈ પોલીસે કહ્યું હતું, રોહિત શેટ્ટી મુંબઈની આઠ હોટલમાં ઓન ડ્યૂટી પોલીસકર્મીઓ માટે આરામ, શાવર-ચેન્જ કરવા માટે, બ્રેકફાસ્ટ તથા ડિનર માટેની વ્યવસ્થા કરી છે. અમે આ પ્રકારના સહયોગ માટે, કોરોના સામે લડવામાં તથા મુંબઈને સલામત રાખવા માટે મદદ કરવા બદલ રોહિતનો આભાર.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં રોહિત શેટ્ટીએ ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝમાં ૫૧ લાખ રૂપિયા દાનમાં આવ્યા હતાં. આટલું જ નહીં રોહિત શેટ્ટીએ ફોટોગ્રાફર્સના અકાઉન્ટમાં દસ-દસ હજાર રૂપિયા જમા પણ કરાવ્યા હતાં.

રોહિત શેટ્ટી પહેલાં સોનુ સુદે પોતાની હોટલ મેડિકલ સ્ટાફ માટે આપી હતી. ઉર્વશી શર્માના પતિ સચિન જોષીએ તથા આયેશા ટાકિયાના પતિ ફરહાન આઝમીએ પોતાની હોટલ ક્વૉરન્ટીન સુવિધા માટે મુંબઈ કોર્પોરેશનને આપી હતી. શાહરુખ ખાને પોતાની ચાર માળની ઓફિસ ક્વૉરન્ટીન સુવિધા માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપી છે.

દેવોલિના, સિદ્ધાર્થ શુક્લા અને રશ્મિ દેસાઈને મળી જાનથી મારી નાખવાની ધમકી



મુંબઈ

ટીવી અભિનેત્રી ગોપી બહુ એટલે દેવોલીના ભટ્ટાચારજીને તાજેતરમાં જ તેને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકી આપનાર વ્યક્તિએ માત્ર દેવોલિના જ નહીં સિદ્ધાર્થ શુક્લા અને રશ્મિ દેસાઈને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી છે. આ ધમકી બાદ દેવોલિનાએ મુંબઈ પોલીસ અને સાયબર સેલને ટેગ કર્યા હતા અને ટ્વિટ કરીને તેના પર કાર્યવાહી કરવાનું કહ્યું હતું. દેવોલિનાએ સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું હતું કે એક મહિલાએ ફોન પર સંદેશ મોકલીને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. દેવોલિના ભટ્ટાચારજીએ તેના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર ધમકીભર્યો સંદેશ શેર કર્યો છે. તેમણે પોતાના ટ્વિટમાં મુંબઈ પોલીસ અને સાયબર સેલને ટેગ કરીને મહિલા મેસેજિંગ સામે કાર્યવાહી કરવાની અપીલ કરી હતી. જે મહિલાએ આ ધમકી આપી છે,

તે બિગ બોસ ૧૩ ની સ્પર્ધક અરહાન ખાનની ચાહક લાગી રહી છે. મહિલાએ દેવોલિના ભટ્ટાચારજીને સંદેશમાં લખ્યું કે, 'તમે વારંવાર અરહાનને અપમાનિત કરી રહ્યા છો અને તમે આ બધી બાબતો કરી રહ્યા છો, એક વાત યાદ રાખજો, તમારી અને તે બન્નેની લાશ પણ કોઈને મળશે. હું રશ્મિ અને સિદ્ધાર્થ શુક્લાની વાત કરી રહી છું. આજ બાદ તમારું મોં બંધ રાખજો. આજ પછી ડો અરહાન વિરુદ્ધ કઈ પણ વાત કરી તો તે તમારો છેલ્લો દિવસ હશે. આ મેસેજનો સ્ક્રીનશોટ સાથે દેવોલિનાએ ટ્વિટ કરીને લખ્યું કે, મુંબઈ પોલીસ અને મહારાષ્ટ્ર સાયબર સેલ કૃપા કરીને મેસેજ જુઓ, જેમાં મને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. હું તમને વિનંતી કરું છું કે જલ્દીથી આના પર પગલા લેવામાં આવે.

સોશિયલ મીડિયા પર દેવોલીના ભટ્ટાચારજીનું આ ટ્વિટ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. આ અંગે સોશ્યલ મીડિયાના બધા વપરાશકારો અને તેમના ચાહકો પણ પ્રતિક્રિયા આપી રહ્યા છે. આપને જણાવી દઈએ કે દેવવીલાના ભટ્ટાચારજી, રશ્મિ દેસાઈ અને તેમના બોયફ્રેન્ડ અરહાન ખાન અને સિદ્ધાર્થ શુક્લા ટીવી રિયાલિટી શો બિગ બોસના સીઝન ૧૩ નો ભાગ હતા. શોમાં દેવોલિના અરહાનની હકીકત જાણ્યા બાદ તે તેની વિરુદ્ધ જોવા મળી હતી. તેણે રશ્મિને અરહાનથી દૂર રહેવા કહ્યું હતું.

પતિથી અલગ થઈ બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણ, આઠ વર્ષનું લગ્નજીવન થયું વેર-વિખેર

મુંબઈ

બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણ હાલ પોતાના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. ખબર છે કે તે અને તેનો પતિ હિતેશ સોનિક એક બીજાથી અલગ થઈ ગયા છે. તેમના આઠ વર્ષ જુનાં લગ્ન આ લોકડાઉન દરમિયાન સમાપ્ત થયાં. સુનિધિ અને હિતેશ છેલ્લા કેટલાક દિવસથી અલગ રહેતા હતા. પરંતુ તે આ વાત લોકો સમક્ષ લાવ્યા નહીં. હવે જ્યારે તેમને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે આ અંગે કંઈ પણ કહેવાની ના પાડી.



તાજેતરમાં સુનિધિ હિતેશ અને તેમના મિત્રો સાથે ગોવા ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા પછી, તેમની વચ્ચેની વાતચીત ખૂબ જ ખરાબ થઈ ગઈ. એક સુત્ર દ્વારા આ બાબતે માહિતી આપવામાં આવી હતી. સુનિધિ અને હિતેશનાં લગ્ન આઠ વર્ષ થયાં છે. એકબીજાને બે વર્ષ ડેટ કર્યા બાદ તેઓએ ૨૦૧૨ માં લગ્ન કર્યા. લગ્ન ગોવામાં ભવ્ય રિસેપ્શન સાથે થયાં હતાં.

સુનિધિએ લગ્નના પાંચ વર્ષ પછી જાન્યુઆરી ૨૦૧૮ માં એક પુત્રને જન્મ આપ્યો હતો. તે ઘણીવાર સોશ્યલ મીડિયા પર પોતાના દીકરા સાથે ફોટા શેર કરે છે. આ સિવાય તે મોટાભાગની પ્રોફેશનલ લાઈફ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર શેર કરે છે. ખબર છે કે સુનિધિના આ બીજા લગ્ન છે. સિંગરે આ પહેલા ૧૮ વર્ષની ઉંમરે ૨૦૦૨ માં લગ્ન કર્યા હતા. તેના પ્રથમ લગ્ન કોરિયોગ્રાફર બોબી ખાન સાથે હતા. લગ્ન ના લગભગ એક વર્ષ પછી બંને અલગ થઈ ગયા.

અનુરાગ કશ્યપ સાથે જીમમાં વર્કઆઉટ કરતો વિડીયો તાપસી પન્નુએ કર્યો શેર



નવી દિલ્હી

બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુએ ઈન્સ્ટાગ્રામ પર એક થ્રોબેક વીડિયો શેર કર્યો જેમાં તે ફિલ્મ નિર્માતા અનુરાગ કશ્યપની સાથે જીમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. તાપસીએ વીડિયોના કેપ્શનમાં લખ્યું કે ડાઈરેક્ટર-એક્ટર જે સાથે વર્કઆઉટ કરે છે તેઓ સાથે મજેદાર સ્ટોરીઝ કરે છે અને સાથે જ સારી યાદો પણ ઘડે છે. કાશ હું તમને અહીં એ સમજાવી શકત પરંતુ હવે જલદી રાતના ભોજનનો સમય થશે અને કેટલાક લોકોના પાચન માટે આ સારું નથી. આથી હાલ હું એમ જ કહી શકું કે તમને જલદી જીમમાં મળીશ અનુરાગ કશ્યપ...ટ્રાઈસેપ્સ વર્સિસ ક્વાડ્રીસેપ્સ...ચજલો આ ખેલને શરૂ કરીએ. આ વીડિયો જ્યારે અનુરાગ કશ્યપે જોયો તો તેણે જવાબ આપ્યો કે તું બહુ ખરાબ છે. હવે આ વીડિયો જલદી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બંનેએ એક સાથે ૨૦૧૮માં આવેલી ફિલ્મ મનમર્ઝિયામાં કામ કર્યું હતું. આ ફિલ્મમાં વિક્કી કૌશલ અને અભિષેક બચ્ચન પણ હતાં.

કોરોના સંકટ વચ્ચે ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન અને ચેઝ.કોમ ઓનલાઈન નેશન્સ કપનું આયોજન કરશે

વિશ્વનાથન આનંદ અને ગૈરી કાસ્પરોવ જેવા દિગ્ગજો રમતમાં લેશે ભાગ



નવી દિલ્હી

કોરોનાવાયરસ (કોવિડ-૧૯) ને કારણે જૂન સુધી રમતજગતની લગભગ તમામ ટૂર્નામેન્ટ્સ સ્થગિત અથવા રદ કરવામાં આવી છે. મહામારી વચ્ચે ચેસ એકમાત્ર એવી રમત છે જે ઘરે અને ઓનલાઈન રમવામાં આવે છે. ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન અને ચેઝ.કોમ ઓનલાઈન નેશન્સ કપનું આયોજન કરશે. તેમાં ભારત, રશિયા, અમેરિકા, ચીન સહિત ૬ ટીમો સામેલ થશે. આ ટૂર્નામેન્ટમાં પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ ભારત તરફથી રમશે. તેની ઈનામની રકમ ૧૮૦,૦૦૦ ડોલર (લગભગ ૧.૩૮ કરોડ રૂપિયા) છે. નિવૃત્ત દિગ્ગજ ખેલાડીઓ ગેરી કાસ્પારોવ અને વ્લાદિમીર પણ ટૂર્નામેન્ટમાં જોડાશે. જે અનુક્રમે યુરોપ અને ભારતીય ટીમના કેપ્ટન રહેશે. આનંદ, જે એક સમયે તેમના પ્રતિસ્પર્ધી હતા, તે પ્રથમ બોર્ડમાં ભારત તરફથી રમશે. ૫ વખતના વર્લ્ડ ચેમ્પિયન આનંદ કોરોના ફ્લાઈટ સર્વિસ રદ થવાને કારણે જર્મનીમાં ફસાયેલા છે. આનંદ ફેબ્રુઆરીમાં બુંડેસ્લિગા ચેઝ ટૂર્નામેન્ટ રમવા માટે જર્મની ગયા હતા. આ સિવાય ઘણા દિગ્ગજો ટૂર્નામેન્ટમાં સામેલ થશે. પ્રથમ તબક્કામાં ૬ ટીમો એકબીજાને ડબલ રાઉન્ડ રોબિનમાં રમશે. આ મેચો ૯ મે સુધી રમાશે. આ પછી, પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર રહેલી બંને ટીમો ૧૦ મેના રોજ સુપર ફાઈનલ્સ રમશે. દરેક ખેલાડીને ૨૫ મિનિટ અને ૧૦ સેકન્ડનો વધારાનો સમય આપવામાં આવશે. તેજ સમયે, એફઆઈડીઈના જનરલ ડિરેક્ટર ઈમિલ સુતોસ્કીએ કહ્યું છે કે વિશ્વની અનેક અગ્રણી મહિલા ખેલાડીઓએ પણ ટૂર્નામેન્ટમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

હેશટેગ સોનુ નિગમ તુમ કહા હો ટ્વિટરમાં ટ્રેન્ડ થયું

સોનુ નિગમ ભૂતકાળમાં કરેલી અજાન પરની ટ્વીટને કારણે ફરી થયા ટ્રોલ



મુંબઈ

દેશમાં હાલમાં કોરોનાવાઈરસને અટકાવવા માટે ત્રણ મે સુધી લૉકડાઉન જાહેર કરવામા આવ્યું છે. લૉકડાઉનને કારણે જે જ્યાં છે, ત્યાં જ ફસાઈ ગયા છે. સોનુ નિગમ દુબઈ ગયો હતો અને લૉકડાઉનને કારણે તે ભારત આવી શકે તેમ નથી. જોકે, મંગળવાર (૨૧ એપ્રિલ)એ અચાનક જ સોનુ નિગમ તુમ કહા હો હેશટેગ ટ્વિટર પર ટ્રેન્ડ થવા લાગ્યું હતું, જેમાં સોનુ નિગમે વર્ષ ૨૦૧૭માં અજાનને લઈને કરેલી ટ્વીટ વાયરલ થઈ હતી. આ હેશટેગ સાથે યુઝર્સે દુબઈ પોલીસને પણ ટેગ કરી હતી અને સોનુ નિગમની ધરપકડની માગણી કરી હતી. સોનુએ વર્ષ ૨૦૧૭માં સવારે અજાનને લઈ ટ્વીટ કરી હતી. તે સમયે સોનુએ કહ્યું હતું કે તે મુસ્લિમ ના હોવા છતાંય તેણે અજાનના અવાજથી સવારે જાગવું પડે છે. આ ધાર્મિકતા ભારતમાં ક્યારે પૂરી થશે. સોનુની આ ટ્વીટ બાદ ઘણો જ વિવાદ થયો હતો. ટ્વિટર પર ફરીવાર ટ્રોલ થયા બાદ સોનુએ ટ્વિટર અકાઉન્ટ ડીએક્ટિવેટ કરી નાખ્યું હતું. હંસરાજ મીણાએ આ ટ્રેન્ડ ટ્વિટર પર શરૂ કરાવ્યો હતો. તેની ટ્વીટ બાદ બે મિનિટની અંદર જ આ હેશટેગ ટ્રેન્ડિંગમાં આવી ગયો હતો. હંસરાજે બે ટ્વીટ કરી હતી, જેમાં તેણે કંગનાની બહેન રંગોલી ચંદેલ તથા સોનુને આડેહાથ લીધા હતાં અને કહ્યું હતું કે ટ્વિટર પર કટ્ટરતાનો ક્યારેય સ્વીકાર કરવામાં આવ્યો નથી. હંસરાજની ટ્વિટર પ્રોફાઈલ પ્રમાણે તે રાઈટર, બ્લોગર તથા સોશિયો-પોલીટિકલ એક્ટિવિસ્ટ છે.

કોરોનામાં તમન્નાએ પણ જરૂરિયાતમંદો માટે મદદનો હાથ લંબાવ્યો



મુંબઈ

કોવિડ-૧૯ની મહામારીના પગલે લાગું કરવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉનમાં માઈગ્રન્ટ વર્કર્સને મદદ કરનારી લેટેસ્ટ સેલિબ્રિટી તમન્ના ભાટિયા છે. તમન્નાએ ૫૦ ટન ફૂડ પ્રોડક્ટ્સ તૈયાર કરી છે અને એનજીઓ લેટ્સ ઓલ હેલ્પની સાથે મળીને તે મુંબઈમાં વૃદ્ધાશ્રમો અને ઝૂપડપટ્ટી સહિત જુદા જુદા એરિયાઝમાં દસ હજાર જરૂરિયાતમંદોને ભોજન પૂરું પાડી રહી છે. તમન્નાએ કહ્યું હતું કે, 'લેટ્સ ઓલ હેલ્પ અને મેં સંકલ્પ કર્યો છે કે આ લોકડાઉન દરમિયાન કોઈ પણ વ્યક્તિ ભૂખી સુઈ નહીં જાય. હું દરેકને ઉદાર હાથે દાન આપવાની અપીલ કરું છું.

કપિલ દેવે માથુ મુંડાવતા અનુપમ ખેરે કહ્યું- ગંજો કી મહફિલ મે આપકા સ્વાગત હૈ..'

નવી દિલ્હી

દેશમાં હાલ લૉકડાઉનની સ્થિતિ ચાલુ છે, ત્યારે સેલેબ્સ ઘરમાં બેઠાં બેઠાં નવા નવા અખતરા કરી રહ્યાં છે. આ દરમિયાન પૂર્વ ક્રિકેટરે બાલ્ડ લૂક કરાવ્યુ તો એક્ટર અનુપમ ખેરે તેમની તસવીર પર ચૂટકી લઈ લીધી. આ તસવીર અને કૉમેન્ટ હાલ ખુબ વાયરલ થઈ રહી છે. ખરેખરમાં, કપિલ દેવે પોતાનુ માથુ મુંડાવી નાંખ્યુ છે, અને ટકુ કરાવીને એક તસવીર પૉસ્ટ કરી છે, જેમાં તે એક ખાસ અંદાજમાં દેખાઈ રહ્યાં છે. આ તસવીર પર એક્ટર



અનુપમ ખેરે ચૂટકી લેતા કપિલ દેવને પોતાના ક્લબમાં સામેલ થવા પર સ્વાગત કર્યુ હતુ.અનુપમ ખેરે ટ્વીટ લખ્યું- તો હવે મારો પ્યારો દોસ્ત કપિલ દેવ પણ ગંજો થઈ ગયો છે, ફેશનેબલી શેવ્ડ પણ કહી શકાય છે, મેં હંમેશાથી કહ્યું કે આ દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે, ગંજા અને ભવિષ્યના ગંજા. ક્લબમાં તમારુ સ્વાગત છે સર. ગંજો કી મહફિલમાં આપકા બાલો રહિત સ્વાગત હૈ. કપિલ દેવના બાલ્ડ લૂકની ફેન્સ પણ પ્રસંશા કરી રહ્યાં છે, ફેન્સ તરફથી ઢગલાબંધ કૉમેન્ટો આવી રહી છે.

સચિન તેંડુલકરની સલાહથી હું આજે ટીમ ઈન્ડિયામાં પહોંચ્યો છે: પૃથ્વી શો

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના અન્ય ક્રિકેટરોની જેમ યુવા બેટ્સમેન પૃથ્વી શોને પણ સોશ્યલ મીડિયા પર ચાહકો મળી ગયા. તેની આઈપીએલ ટીમ દિલ્હી કેપિટલ્સનું લાઈવ સેશન યોજાયું જેમાં શોએ સચિન તેંડુલકરને તેના આદર્શ ગણાવ્યા. વળી, તેણે કહ્યું કે તે હંમેશા સચિનની જેમ રમવાનો પ્રયત્ન કરે છે. શોએ કહ્યું કે સચિન તેંડુલકરની સલાહથી તે આજે ટીમ ઈન્ડિયા પહોંચ્યો છે. જમણા હાથના ઓપનર પૃથ્વી શોએ ચાહકોને કહ્યું કે તેના આદર્શ સચિન તેંડુલકરે હંમેશાં તેને સ્વાભાવિક રમત રમવા માટે સલાહ આપી છે. આ સાથે જ સચિને શોને ગ્રાઉન્ડની બહાર પણ શાંત રહેવાનું કહ્યું છે. શોએ કહ્યું, સચિનનો મારા પર મોટો પ્રભાવ છે. જ્યારે હું ૮ વર્ષનો હતો, ત્યારે હું તેમને પ્રથમ વખત મળ્યો.



તેમણે હંમેશા મને સ્વાભાવિક રમત રમવા માટે મને સલાહ આપી. સચિને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મને બેટિંગ કરવાનું કહ્યું. સચિને મને ગ્રાઉન્ડની બહાર પણ શાંત રહેવાનું કહ્યું હતું. પૃથ્વી શોએ જણાવ્યું હતું કે ઘણા કોચ તેમને બેટિંગ ગ્રિપ બદલવાની સલાહ આપતા હતા પરંતુ સચિન તેંડુલકરે તેને આવું કરવાનો ઈનકાર કરી દીધો હતો. શોએ કહ્યું કે, હું બેટિંગ દરમિયાન મારા જમણા હાથનો વધુ ઉપયોગ કરું છું. સચિન તેંડુલકરે કહ્યું કે તમારે ક્યારેય ગ્રિપ બદલવી જોઈએ નહીં. હું જ્યારે નાનો હતો ત્યારે કોચના કહેવાથી ગ્રિપ બદલાતી હતી,

પરંતુ સચિન સર પછી મેં એવું કર્યું નહીં. જ્યારે પૃથ્વી શોને સૌરવ ગાંગુલી પર પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે તેમણે દાદાને પ્રેરણાદાયી વ્યક્તિ ગણાવ્યા. ગયા વર્ષે, સૌરવ ગાંગુલી દિલ્હી રાજધાનીના માર્ગદર્શક હતા, શો તેમની સાથે સમય પસાર કર્યો હતો. શોએ કહ્યું, 'મારે ગાંગુલી સાથે એક મહાન અનુભવ હતો, તેણે મને ખૂબ મદદ કરી. તેઓ યુવા ખેલાડીઓને કેવી રીતે પ્રેરણા આપશે તે જાણે છે. શોએ શિખર ધવનને તેનો પ્રિય ભાગીદાર ગણાવ્યો કારણ કે તેણે દિલ્હી કેપિટલ્સ તરફથી રમતી વખતે તેની સાથે સૌથી વધુ ઓપનિંગ્સ રમી છે.

વોર્નર બ્રધર્સેની આગામી 'ધ બેટમેન'ની રિલીઝ મોકૂફ રખાઈ

આવતા વર્ષે પહેલી ઓક્ટોબરે રિલીઝ થશે



નવી દિલ્હી

વોર્નર બ્રધર્સે તેમની આગામી અનેક ફિલ્મ્સની રિલીઝ ડેટ્સમાં ફેરફાર કર્યો છે. આ વર્ષે જે હાઈપ્રોફાઈલ ફિલ્મ્સ રિલીઝ થવાની હતી એને ૨૦૨૧ સુધી મોકૂફ રાખવામાં આવી છે. બિગ ન્યૂઝ એ છે કે, રોબર્ટ પેટિન્સન સ્ટારર 'ધ બેટમેન' આવતા વર્ષે ૨૫મી જૂનના બદલે આવતા વર્ષે પહેલી ઓક્ટોબરે રિલીઝ થશે. અન્ય ફિલ્મ્સની વાત કરીએ તો 'ધ ફ્લેશ' ૨૦૨૨ની પહેલી જુલાઈના બદલે ૨૦૨૨ની ત્રીજી જૂને રિલીઝ થશે.

લૉકડાઉનમાં WWEનો રેસલર ખલી ઘરમાં જ રમ્યો ક્રિકેટ



નવી દિલ્હી

લૉકડાઉનના કરાણે દુનિયાભરના રમતવીરો હાલ ઘરમાં પુરાઈને બેઠા છે, ત્યારે ભારતની સ્ટાર રેસલર ક્રિકેર રમવામાં વ્યસ્ત છે. અહીં વાત ધ ગ્રેટ ખલીની થઈ રહી છે. ભારતનો મહાન પહેલવાન ધ ગ્રેટ ખલીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, તેમાં તે રેસલિંગ નહીં પણ ક્રિકેટ રમતો દેખાઈ રહ્યો છે. ધ ગ્રેટ ખલી પોતાના ઘરમાં ક્રિકેટ રમીને સમય વિતાવી રહ્યો છે, હાથમાં બેટ લઈને શૉટ ફટકારી રહ્યો છે,

વીડિયોમાં ખલી ધોતી પહેરીને બેટિંગ કરી રહ્યો છે, અને ઘરમાં ખલીએ ક્રિકેટનુ ગ્રાઉન્ડ બનાવી દીધુ છે. આ વીડિયોને લોકો ખુબ પસંદ કરી રહ્યાં છે. ધ ગ્રેટ ખલી ડબલ્યૂડબલ્યૂઈ ઉપરાંત ટીવી રિયાલિટી શૉ બિગબૉસમાં પણ કામ કરી ચૂક્યો છે, હાલ ફેમિલી સાથે સમય વિતાવી રહ્યો છે. ખલીનુ નામ દિલીપસિંહ રાણા છે. તેનો જન્મ ૨૭ ઓગસ્ટ, ૧૯૭૨માં થયો હતો. ખલીએ ફિલ્મોમાં પણ એક્ટિંગ કરી છે.

બોટાદમાં વધુ બે કેસ નોંધાયા

રાજકોટના જંગલેશ્વરમાં ૧૬ વર્ષના તરૂણને કોરોના પોઝિટિવ, કુલ સંખ્યા ૪૨ થઈ

જૂનાગઢ બીડી-સિગારેટ એસોસિએશને મનપાને પત્ર લખ્યો

રાજકોટ

રાજકોટના જંગલેશ્વરમાં લેઉવા પટેલ શેરી નં.૧માં રહેતા ૧૬ વર્ષના તરૂણને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આથી રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૧ અને ગ્રામ્યનો એક કેસ મળી ૪૨ થઈ છે. જંગલેશ્વરમાં કર્ફ્યુ લગાવવામાં આવી દીધું છે. છતાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધી રહી છે. ભાવનગરમાં ૨૩ સેમ્પલ લઈને પરીક્ષણ માટે મોકલાયા હતા, તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. રાજકોટમાં લેવામાં આવેલા ૬૨ સેમ્પલમાંથી ૪૫ નેગેટિવ અને ૧૬ના રિપોર્ટ આવવાના બાકી છે. બોટાદમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. શહેરના કલસ્ટર એરિયામાંથી બે કેસ પોઝિટિવ કેસ આવ્યા છે. બંને કોરોના પોઝિટિવ કેસમાં ૪૮ વર્ષ અને ૪૨ વર્ષના પૂરૂષનો સમાવેશ થાય છે. બોટાદ જિલ્લામાં હાલ ૯ કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં શહેરના ૮ અને એક બરવાળાના કેસનો સમાવેશ થાય છે. જ્યારે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

જૂનાગઢના બીડી સિગારેટ હોલસેલ એસોસિએશન દ્વારા મનપા કમિશનરને સંબોધીને એક પત્ર લખ્યો છે. જેમાં જણાવ્યું છે કે, વ્યસન આમ તો હાનિકારક છે પરંતુ આ વિસ્તરમાં મહત્તમ લોકો આ વ્યસન એટલી હદે ધરાવે છે કે, લોકોને એક ટંકનું ખાવાનું નહીં મળે તો ચાલશે પણ માવા સિગરેટ કે બીડી વગર નહીં ચાલી શકે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, હાલ આપણે સારા કે ખરાબની વાત નથી કરવી પરંતુ લોકોને ઘરમા રાખવાની વાતને પ્રાધાન્ય આપવા જો લોકોને તેની જરૂરી વસ્તુ મળી જાય એવી વ્યવસ્થા ઉભી કરી શકીએ તો લોકો ઘરની બહાર નીકળતા બંધ થઈ જશે. હાલ ઘરની બહાર નીકળતા લોકોમાં આશરે ૩૦થી ૪૦ ટકા લોકો માત્ર વ્યસનની તલાશમાં નીકળે છે જે એક નરી વાસ્તવિકતા છે. આ બધી બાબત ધ્યાનમાં લઈ વ્યવસ્થા ગોઠવવા આ પત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

૨૪ કલાકમાં પહેલા પાનાનું ચાલું

ફળોનું વેચાણ સવાર ૬ થી ૧૦ વાગ્યા સુધી કરવામાં આવશે.

રાજધાની દિલ્હીમાં પણ કોરોના ચેપનો મામલો વધી રહ્યો છે. રાજધાનીમાં અત્યાર સુધીમાં ૨,૧૫૬ કેસોમાં કોરોનાવાયરસ ૧,૪૯૮ સક્રિય કેસ છે. જ્યારે કોવિડ -૧૯ રોગચાળાને કારણે ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે, ૬૧૧ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

કોરોના સંકટ વચ્ચે ઉત્તરાખંડ ખાતે આવેલા કેદારનાથ મંદિરના કપાટ ૨૯ એપ્રિલે ખુલશે.

રુદ્રપ્રયાગ જિલ્લાના ડીએમ મંગેશ ઘિલ્ડિયાલે કહ્યું કે, આ અવસરે મુખ્ય પૂજારી સહિત કુલ ૧૬ લોકો હાજર રહેશે. કોઈ પણ શ્રદ્ધાળુઓને દર્શનની મંજૂરી આપવામાં નહીં આવે.

હરિયાણા સરકારે ચીનની કંપનીને આપેલો ૧ લાખ રેપિડ કીટનો ઓર્ડર રદ કર્યો છે. ચીન બમણો ભાવ લઈ રહ્યું છે. હરિયાણાની ખટ્ટર સરકારે હવે આ કીટ સાઉથ કોરિયાની કંપની પાસેથી લેવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ અન્ય ઘણા રાજ્યોની સરકારોએ તેની ક્વોલિટી પર સવાલ ઉઠાવ્યો છે.

અમેરિકામાં પહેલા પાનાનું ચાલું

પેકેજ મંજૂર કરાયું છે. આ રકમને કોરોના સંકટ દરમિયાન નુકસાન ઉઠાવી રહેલા નાના વેપારીઓ, હોસ્પિટલો અને દેશભરમાં થઈ રહેલા ટેસ્ટિંગ પાછળ ખર્ચ કરાશે.

મહારાષ્ટ્રમાં પહેલા પાનાનું ચાલું

એટલુ જ નહીં પણ અહીં નિયમો પણ વધારે કડક બનાવી દીધા છે. આ ઉપરાંત રાજ્યમાં ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં હાલ અમુક દુકાનોને છૂટ અપાઈ છે. જો કે, તેમના પર પણ ખાસ નજર રાખવામાં આવશે.

ગત રોજ થયેલા મોતના આંકડાઓને બાદ કરતા મંગળવારના રોજ ૧૫૧ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. ત્યારે આ બાબતમાં મહારાષ્ટ્રમાં સૌથી સારા સમાચાર કહી શકાય તેમ અહીં અત્યાર સુધીમાં ૭૨૨ દર્દીઓ સાજા થઈ ઘરે પહોંચ્યા છે.

રાજ્યમાં પહેલા પાનાનું ચાલું

ગુજરાત કોરોનાના દર્દીમાં દેશમાં બીજા નંબરે પહોંચ્યું છે. ત્યારે વધુ દર્દી હોવા છતાં ટેસ્ટ ઘટાડવા તે બાબતનો નિર્ણય આશ્ચર્ય જનક કહી શકાય તેમ છે. અમદાવાદમાં નવા ૬૧ કેસ નોંધાયા છે.

આ સાથે અમદાવાદમાં કોરોના પીડિતોની સંખ્યા ૧૪૩૪ પર પહોંચી છે. તો સુરતમાં કુલ કેસોની સંખ્યા ૩૬૪, વડોદરામાં ૨૦૭ અને રાજકોટમાં ૪૧ પર પહોંચી છે. તો પાંચ લોકોને સારવાર બાદ રજા પણ આપવામાં આવી છે.

રાજયમાં છેલ્લા ઘણા સમયથી કોરોના વાયરસના ટેસ્ટિંગની સંખ્યા વધારી દેવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૫૧૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૨૦૬ લોકોના રિપોર્ટ પોઝિટિવ અને ૨૩૧૦ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તો અત્યાર સુધી કુલ ૩૮૦૫૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૩૫૭૮૭ ટેસ્ટ નેગેટિવ અને ૨૨૭૨ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે.

ગુજરાતના કુલ ૩૩ જિલ્લામાંથી ૨૮ જિલ્લામાં કોરોના વાયરસ પહોંચી ગયો છે. માત્ર પાંચ જિલ્લામાં હજુ સુધી એકપણ કેસ નોંધાયો નથી. જેમાં સૌરાષ્ટ્રના ચાર જિલ્લા જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ સિવાય ડાંગ જિલ્લામાં પણ હજુ સુધી કોઈ કેસ નોંધાયો નથી.

બિહારમાં પહેલા પાનાનું ચાલું

કરવી. કૃષિ અધિકારી મનોજ કુમાર એટલા ગુસ્સે થયા કે પોલીસ અધિકારીએ તેની નારાજગીને જોતા હોમગાર્ડને જાહેરમાં સજા સંભળાવી. આ કેસમાં કૃષિ અધિકારી પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે, જ્યારે એએસઆઈ ગોવિંદસિંહને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આરોગ્ય કર્મચારી પહેલા પાનાનું ચાલું

લઈને વટહુકમ લાવી છે." મંત્રીએ કહ્યું કે, "મેડિકલ કર્મચારીઓ પર હુમલો કરનારાઓને જમાનત નહીં મળે, ૩૦ દિવસની અંદર આની તપાસ પુરી થશે. ૧ વર્ષની અંદર નિર્ણય લેવામાં આવશે, જ્યારે ૩ મહિનાથી ૫ વર્ષ સુધીની સજા થઈ શકે છે. આ ઉપરાંત ગંભીર કેસમાં ૬ મહિનાથી ૭ વર્ષની સજાની જોગવાઈ છે. ગંભીર કેસમાં ૫૦ હજારથી ૨ લાખનો દંડ પણ લગાવવામાં આવશે."

વટહુકમ પ્રમાણે, જો કોઈએ સ્વાસ્થ્ય કર્મચારીની ગાડી પર હુમલો કર્યો તો માર્કેટ વેલ્યૂથી બમણી વસૂલી કરવામાં આવશે. પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, "દેશમાં હવે ૭૨૩ કોવિડ હૉસ્પિટલ છે, જેમાં લગભગ ૨ લાખ બેડ તૈયાર છે. આમાંથી ૨૪ હજાર આઈસીયૂ બેડ છે અને ૧૨ હજાર ૧૯૦ વેન્ટિલેટર છે, જ્યારે ૨૫ લાખથી વધારે ૬૯૫ માસ્ક પણ છે. આ ઉપરાંત ૨.૫ કરોડનાં ઑર્ડર આપી દેવામાં આવ્યા છે."

વડાપ્રધાન નિવાસસ્થાને પીએમ મોદીની આગેવાનીમાં થયેલી બેઠકમાં કોરોના વાયરસની વર્તમાન અસર અને લોકડાઉનની સમીક્ષા કરવામાં આવી. આ ઉપરાંત આર્થિક સ્થિતિ પર પણ ચર્ચા થઈ. કેન્દ્ર સરકાર તરફથી પહેલા પણ રાહત તરીકે ૧ લાખ સત્તર હજાર રૂપિયાનાં આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી આ પહેલા પણ વિડીયો કોન્ફરન્સ દ્વારા કેબિનેટ મંત્રીઓ, રાજ્યનાં મુખ્યમંત્રીઓની સાથે વાતચીત કરતા આવ્યા છે.

કોરોનાની રફ્તાર પહેલા પાનાનું ચાલું

૧૭.૪૮ થઈ છે. તે જ સમયે, ૨૩ રાજ્યોમાં ૬૧ જિલ્લાઓ છે જેમાં છેલ્લા ૧૪ દિવસથી ચેપના કોઈ કેસની પુષ્ટિ થઈ નથી.

દેશમાં સૌથી વધુ કોરોના કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૫૨૧૮ છે. તે પછી ગુજરાત છે, જ્યાં ૨૧૭૮ કેસ છે. ત્રીજા નંબરે, રાજધાની દિલ્હીમાં ૨૧૫૬, રાજ્યમાં ૧૬૫૯, તમિળનાડુમાં ૧૫૯૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯૨, તેલંગાણામાં ૯૨૮, આંધ્રપ્રદેશમાં ૭૫૭ અને કેરળમાં ૪૨૮ કેસ છે.

કોરોનાને કારણે લથડી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની આર્થિક સ્થિતિ

પોતાના કર્મચારીઓ માટે સુપરમાર્કેટમાં અસ્થાયીરૂપે નોકરી શોધવાની કરી શરૂ

નવી દિલ્હી

કોરોનાવાયરસના કારણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. તે પોતાના કર્મચારીઓને સેલેરી આપવામાં પણ ઝઝૂમી રહ્યું છે. આ જ કારણ છે કે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પોતાના કર્મચારીઓ માટે મોટા સુપરમાર્કેટ અને પ્રાયોજક વૂલવર્થ જેવી મોટી સંસ્થાઓમાં અસ્થાયીરૂપે નોકરી શોધવાની શરૂઆત કરી છે. કોરોનાના કારણે આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં થનાર ટી-૨૦ વર્લ્ડ કપના રમાવવા પર પણ જોખમ છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના મુખ્ય



કાર્યકારી કેવિન રોબર્ટે કહ્યું કે, મેં વૂલવર્થના સીઈઓ બ્રેડ બંડુચીને એક પત્ર લખ્યો છે. અત્યારે તેમની સંસ્થાને કર્મચારીઓની જરૂર છે. તે સિવાય અન્ય સંગઠનો સાથે પણ વાત થઈ રહી છે. હાલમાં જ રોબર્ટ્સે પોતાના સ્ટાફને કહ્યું હતું કે, અમારી સામે આર્થિક સંકટ આવી ગયું છે. અમે કોઈને સેલેરી આપવાની સ્થિતિમાં નથી. તે પછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે ૮૦% કર્મચારીઓને ૩૦ જૂન સુધી માત્ર ૨૦% સેલેરી આપવાની જાહેરાત કરી હતી. આ સ્થિતિ ઓગસ્ટ સુધી પણ રહી શકે છે.

લોકડાઉનઃ બે પુત્રો અને પુત્રી છતાં એક માતાને ભોજન માટે પોલીસની લેવી પડી મદદ

અમદાવાદ

લોકડાઉન દરમિયાન સૌથી વધુ દયનિય સ્થિતિ એકલવાયું જીવન વિતાવી રહેલા સિનિયર સિટિઝનોની થઈ રહી છે.આવા લોકોના સંતાનો તેમને મદદરૂપ થઈ શકતા નથી કે વૃધ્ધો મદદ પણ માંગી શકતા નથી. આબરૂ જવાના બીકે તેઓ અસહ્ય પીડા વેઠી રહ્યા છે. આવો જ એક દર્દનાક કિસ્સો માંજલપુર વિસ્તારના અવધૂત ફાટક પાસેની સોસાયટીમાં બનતાં મહિલા પોલીસની આંખો પણ ભીંજાઈ ગઈ હતી. સાધન સંપન્ન પરિવારની સિનિયર સિટિઝન મહિલા મંજુલાબેન (નામ બદલ્યું છે)ના પતિનું નવ વર્ષ પહેલાં અવસાન થયું હતું. તેમના બે પુત્રો વિદેશમાં સ્થાયી થયા છે અને ખૂબ સારી આવક ધરાવે છે. બે પુત્રી પણ મુંબઈ શહેરમાં વેલસેટ છે.

પુત્રીઓ ખબર અંતર પુછી લેતી હોય છે. પરંતુ પુત્રો તેમની માતાની દરકાર લેતા નથી. બીમાર રહેતા મંજુલાબેનને એક સપ્તાહ પહેલાં દવાની જરૂર હોવાથી તેઓ કોને કહેવું તેની મુંઝવણમાં હતા. આખરે,તેમણે મહિલા પોલીસના સિનિયર સિટિઝન સેલના ડીસીપી સરોજકુમારીને જાણ કરતાં તેમણે મહિલા પીઆઇ જે આર સોલંકીને જાણ કરી હતી. પોલીસે મંજુલાબેનને દવા લાવી આપી હતી. પરંતુ ત્યારબાદ ઘરમાં અનાજ ખૂટવા માંડયું હતું. જેટલું અનાજ હતું તેનાથી મંજુલાબેને દિવસો વીતાવ્યા. સંતાનો તરફથી કોઇ ખબર પૂછનાર નહતું. આખરે અનાજ પણ ખૂટી જતાં આસપાસમાંથી મદદ લેવામાં તેમને ખૂબ સંકોચ થયો. મંજુલાબેને સંતાનોની મદદ માંગવાના બદલે ફરીથી મહિલા પોલીસ પાસે મદદ માંગી અને કીટ આપી જવા કહેતાં પોલીસ કરિયાણાની કીટ લઇ પહોંચી હતી. આબરૂ જવાની બીકે પહેલાં તો મંજુલાબેન ઘરની બહાર આવવા તૈયાર ન હતા અને તેમણે અંદરથી જ પોલીસને ઘરમાં આવવા વિનંતી કરી હતી. પરંતુ પોલીસે અંદર આવવાનો ઈનકાર કરતાં તેઓ રડી પડયા હતા. પોલીસ પણ સ્થિતિ સમજી ગઇ હતી અને તેમની આંખ પણ ભીંજાઇ ગઇ હતી. તેમણે દરવાજા પાસે કીટ મુકી હતી. મહિલા પીઆઇએ અમે તમારા સંતાનો છીએ, જ્યારે બોલાવશો ત્યારે મદદ માટે આવી જઇશું તેમ કહી આશ્વાસન આપતાં મંજુલાબેન કીટ લઇ ઝડપભેર અંદર ચાલ્યા ગયા હતા.

દિલ્હીમાં કોરોનાના દર્દીઓ ૨૧૦૦થી વધુ

દિલ્હીના આઝાદપુર મંડીના વેપારીનું કોરોના સંક્રમણથી મોત

ન્યુ દિલ્હી

દિલ્હીમાં આવેલી દેશની સૌથી મોટી સબજી મંડી આઝાદપુરમાં એક કારોબારીનું કોરોનાવાયરસ સંક્રમણથી મોત થયું છે. ૫૭ વર્ષીય મૃતક કારોબારીના ત્રણ દિવસ પહેલા સેમ્પલ લેવામાં આવ્યા હતા. કારોબારીના મોત બાદ આઝાદપુર મંડીના વેપારીઓમાં ડરનો માહોલ છે. લોકો આઝાદપુર મંડીને બંધ કરવાની માંગ કરી રહ્યા છે. ગઈકાલે જ આઝાદપુર મંડીને ૨૪ કલાક ખુલ્લી રાખવામાં આવી હતી.

મૃતક કારોબારીનું નામ ભોલાનાથ છે. ભોલાનાથને ૧૯ એપ્રિલે તાવ અને શરદીની ફરિયાદ બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે બાદ મંગળવારે તેનો રિપોર્ટ આવ્યો તેમાં કોરોના વાયરસથી સંક્રમિત મળી આવ્યો હતો. મૃતક કારોબારી દિલ્હીની મેક્સ સાકેત હોસ્પિટલમાં ભરતી હતો. આઝાદપુર મંડીમાં કોરોનાથી મોતનો આ પ્રથમ મામલો છે.

મંડીમાં દરરોજ સેંકડો સંખ્યામાં લોકો આવે છે. કારોબારીના મોત બાદ હવે મંડીના લોકોમાં ડરનો માહોલ છે. કારોબારીઓ દ્વારા તંત્ર પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે.

રાજધાની દિલ્હીમાં સંક્રમિત દર્દીની સંખ્યા ૨૧૫૬ થઈ છે. અત્યાર સુધીમાં સંક્રમણથી ૪૭ લોકોના મોત થયા છે. જ્યારે ૬૧૧ લોકો સ્વસ્થ થઈ ગયા છે.

મૌલાના સાદની અપીલ

કોરોનાથી સાજા થયેલા મુસ્લિમો-તબલીઘી જમાતીઓ બ્લડ પ્લાઝમાનું દાન કરે

ન્યુ દિલ્હી

તબલીઘી જમાતનાં વડા મૌલાના મુહમ્મદ સાદ કંધાલવીએ મુસ્લિમ અને જમાતી કાર્યકરોને અપીલ કરી છે કે તેઓ કોરોના સંક્રમણથી સ્વસ્થ થયા છે, તેઓએ તેમના બ્લડ પ્લાઝમાનું દાન કરવું જોઈએ જેથી આ રોગથી સંક્રમિત લોકોને ફાયદો થાય અને તેમની સારવાર કરવામાં આવે. તબલીગી જમાત પર આરોપ છે કે લોકડાઉન થયા પછી પણ મસ્જિદમાં મરકજના ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેનારા લગભગ બે હજાર લોકોને સાથે રાખ્યા હતા. તેમાંથી સાડા ત્રણસોથી વધુ લોકો કોરોના પોઝિટીવ નીકળ્યા હતા. આ ઉપરાંત, કાર્યક્રમમાં સામેલ લોકોના કારણે દેશના ઘણા ભાગોમાં કોરોના ફેલાયો હતો.

સાદે મંગળવારે મોડે એક પત્ર જાહેર કર્યો હતો. તેમાં જણાવાયું છે કે તે અને તેની સંસ્થાના અન્ય સભ્યો સેલ્ફ કોરેન્ટાઇન છે. દરેકનો કોરોના રીપોર્ટ નેગેટિવ છે. તેમણે કહ્યું કે જમાતનાં તે બધા સભ્યો કે જેઓ આ રોગથી સાજા થયા છે તેઓએ આગળ આવવું જોઈએ.

અમદાવાદમાં ટેસ્ટનો રેસીયો જાપાન કરતા વધુઃ વિજય નહેરા

અમદાવાદમાં કોરોનાના નવા ૬૧ કેસ નોંધાયા, કુલ સાજા થનારા દર્દી સામે મૃત્યુઆંક વધ્યો

કોરોનાથી સંકામીતોની કુલ સંખ્યા ૧૪૨૦ થઈ, મૃત્યુઆંક ૫૭ અને ૫૬ દર્દી સાજા થયા

અમદાવાદ

ગુજરાતમાં આજેય કોરોના પોઝિટીવના નવા કેસથી હાહાકાર મચેલો છે. આજે પણ રાજ્યમાં નવા ૯૪ કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં કુલ આંકડો ૨૨૭૨ થયો છે. અમદાવાદમાં આજે નવા ૬૧ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. આજે ૪ દર્દી કોરોના સામે જંગ જીતી સાજા થયા છે, તો બીજી બાજુ ૪ દર્દી જીવન સામેનો જંગ હારી ગયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં કોરોનાને લઈને શહેરમાં ચાલી રહેલી ગતિવિધિઓની જાણ જનતાને કરી હતી. વિજય નહેરાએ જણાવ્યું કે, અમદાવાદમાં આજે નવા ૬૧ કેસ નોંધાયા છે. તેની સાથે અમદાવાદમાં ૧૪૨૦ કેસ નોંધાયા છે. અમદાવાદમાં અત્યાર સુધી ૫૬ના મોત થયા છે. જ્યારે ૨૪ કલાકમાં ૨૧ લોકો ડિસ્ચાર્જ થઈને પોતાના ઘરે જતા રહ્યા હોવાની વાત પણ કરી હતી.

નહેરાએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદામાં ભલે કોરોનાના કેસ વધારે છે, પરંતુ બીજી બાજુ ડિસ્ચાર્જ થયેલા કેસની સંખ્યામાં પણ વધારો થયો છે. આપણે શહેરમાં પ્રોએક્ટિવ સર્વેલન્સથી ૧૦૬૪ કેસ શોધ્યા છે. અમદાવાદમાં ૧૦ લાખે ટેસ્ટ જાપાન કરતા વધુ છે. અત્યાર સુધી અમદાવાદમાં કોરોનાના કુલ ૧૫૯૨૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાં ૬૩૩૦ લોકો હાલ ક્વોરન્ટાઈન કરાયેલા છે. બીજી બાજુ ૪૧૩ સુપર સ્પ્રેડર્સની તપાસ ચાલી રહી છે, જેમાં ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બીજી બાજુ શહેરની જીકૅ હોસ્પિટલને લઈને માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, આજે મેં જાતે જઈને હોસ્પિટલની કામગીરીની તપાસ કરી હતી. કોરોના એક ગંભીર રોગ છે. તેની સામે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં, જેથી આગામી સમયને ધ્યાનમાં રાખીને ૪૦૦૦ની કેપિસિટીનું કોવિડ કેર સેન્ટર બનાવવા જઈ રહ્યા છીએ. અને ત્યાં જ લેબોરેટરીની સુવિધા પણ ઉભી કરી રહ્યા છીએ.

આજે અમદાવાદમાં નોંધાયેલા કેસોમાં મોટાભાગના કેસો હોટસ્પોટ વિસ્તારના છે. આજે દાણીલીમડા, રાયપુર, જમાલપુર, મેઘાણીનગર, ગોમતીપુર, બહેરામપુરા, શાહીબાગ, આસ્ટોડીયા અને થલતેજમાં કોરોના પોઝિટિવ દર્દીઓ સામે આવ્યાં છે. આજના ૬૧ કેસોમાં ૪૦ પુરુષ અને ૨૧ મહિલાના કેસ પોઝિટિવ આવ્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાના કારણે ૫૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં છેલ્લા બે-ત્રણ દિવસથી કોરોના પોઝિટિવની સંખ્યામાં અન્ય દિવસોની સરખામણીમાં ઘટાડો થયો છે. જોકે સામે મૃત્યુઆંકમાં વધારો થયો છે.

અમદાવાદ સિવિલમાંથી વધુ ચાર દર્દીને રજા આપવામાં આવી

અમદાવાદ સિવિલમાંથી વધુ ચાર દર્દીને રજા આપવામાં આવી છે. કોરોનાને મ્હાત આપી સાજા થયેલા દર્દીનું અન્ય દર્દીઓ દ્વારા તાળી વગાડી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. અમદાવાદમાં સિવિલ અને એસવીપીમાં કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. ત્યારે સાજા થયેલા દર્દીઓને રજા પણ આપવામાં આવી રહી છે. અમદાવાદના ચાંગોદરના દર્દીને સિવિલમાંથી રજા અપવામાં આવી છે. ચાંગોદરમાં સ્થાનિકો દ્વારા આ દર્દીનું સ્વાગત કરવામાં આવ્યુ છે. અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસના ૧૬ કેસ નોંધાયા છે. ત્યારે બે દર્દી સાજા થયા છે.

અમદાવાદમાં ચાર લોકોના અને સુરતમાં એક વ્યક્તિનું મોત થયું છે

શહેરમાં પોઝિટિવ કેસોની સંખ્યા ઘટી, પરંતુ મૃત્યુઆંક વધ્યો

અમદાવાદમાં છેલ્લા બે-ત્રણ દિવસથી કોરોના પોઝિટિવની સંખ્યામાં અન્ય દિવસોની સરખામણીમાં ઘટાડો થયો છે. જોકે સામે મૃત્યુઆંકમાં વધારો થયો છે. આજે વધુ ચાર કોરોના દર્દીના મોત નિપજયાં છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં કોરોનાના કારણે ૫૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

કોરોનાનોકેર જોતા કડીના લોકોએ પાંચ દિવસના સ્વૈચ્છિક કર્ફ્યૂનો નિર્ણય કર્યો

મહેસાણા

રાજ્યમાં કોરોના વાયરસના સતત વધી રહેલા કેસોને રોકવા માટે રાજ્ય સરકાર અનેક નિર્ણયો લઈ રહી છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૨૭૮ કેસ સામે આવી ચુક્યા છે. તો આ જીવલેણ મહામારીથી કુલ ૯૦ લોકોના મૃત્યુ પણ થયા છે. હવે કોરોનાને રોકવા માટે મહેસાણા જિલ્લાના કડીમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અહીં લોકોએ સ્વૈચ્છિક કર્ફ્યૂ પાળવાનો નિર્ણય લીધો છે.

કડીમાં કોરોના વાયરસના કેસોને રોકવા માટે લોકોએ ૨૩ તારીખથી ૨૭ તારીખ સુધી સ્વૈચ્છિક કર્ફ્યૂ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમિયાન કડીમાં માત્ર મેડિકલ અને દૂધના પાર્લર શરૂ રહેશે. શાકભાજી અને કરિયાણાની દુકાનો પણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કડીમાં મામલતદાર મહેશ ગોસ્વામી સાથે વિવિધ એસોસિએશન દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેરમાં કોરોનાને રોકવા માટે સ્વૈચ્છિક કર્ફ્યૂનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેડિકલ અને દૂધ સિવાયની તમામ દુકાનો આ પાંચ દિવસ દરમિયાન બંધ રહેશે. ત્યારબાદ ૨૮ એપ્રિલથી તંત્રની સૂચના પ્રમાણે દુકાનો ખોલવામાં આવશે. આમ સ્વૈચ્છિક રીતે કર્ફ્યૂ પાળવાનો નિર્ણય લેનાર કડી પ્રથમ ગામ બન્યું છે.

અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં હવેથી એકાંતરા શાકભાજી વેચાશે

અમદાવાદ

અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં હવેથી એકાંતરા શાકભાજી વેચાશે. દરરોજ બપોરે ૧થી ૪ દરમિયાન ખરીદીની મુક્તિ અપાય છે તેમાં શાકભાજી એક દિવસ વેચાશે, એક દિવસ બંધ રહેશે તેવો નિર્ણય પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ આજે જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા લાઈવમાં આ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, કરફ્યૂગ્રસ્ત વિસ્તારોમાં દરરોજ બપોરે ૩ કલાક જીવનજરૂરી ચીજવસ્તુ ખરીદીની છૂટ અપાઈ છે તેમાં શાકભાજીનું વેચાણ એકાંતરા દિવસે કરાશે.

આ વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. જો આ જ સ્થિતિ રહી તો આ છૂટછાટ વધુ સીમિત કરાય અથવા બંધ કરવાનો નિર્ણય લેવાઈ શકે છે. માટે, નાગરિકો કોરોનાથી બચવા સોશિયલ ડિસ્ટન્સનો અમલ અચૂક કરે. જ્યારે, શહેરના બાકી લોકડાઉન એરિયામાં નિશ્ચિત સમય પછી વેચાણ કરતાં અથવા તો સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતાં શાકભાજી વેચતા છ ફેરિયા સામે વસ્ત્રાપુર, વાસણા, માધવપુરામાં અને સોલા પોલીસમાં ગુના નોંધવામાં આવ્યાં છે.

કોરોનાના કારણે લોકડાઉન અને કરફ્યૂની સ્થિતિ વચ્ચે શાકભાજી, દૂધ, કરિયાણા, દવા જેવી જીવનજરૂરી વસ્તુની ખરીદીની મુક્તિ છે. છતાં, કોરોનાને અંકુશમાં લેવા કરિયાણા અને શાકભાજીના વેચાણના સમયને સીમિત કરવામાં આવ્યો છે. હવે, પોલીસે સત્તાવાર રીતે શાકભાજીના વેચાણ પર અંકુશ થકી કોરોના પર કન્ટ્રોલ મેળવવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

કોરોના સંકટઃ ગુજરાતમાં ૬૨ સ્વાસ્થયકર્મી અને ૪૪ પોલિસકર્મી કોરોનાની ઝપેટમાં

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાઈરસ સામેની લડતમાં તૈનાત ૧૦૦થી વધુ સ્વાસ્થયકર્મી અને પોલીસકર્મીઓ વાઈરસથી સંક્રમિત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૧૦૦માંથી ૬૨ સ્વાસ્થયકર્મી અને ૪૪ પોલીસકર્મીઓ છે. જેમાંથી સરકારી એલ.જી. હોસ્પિટલના ૧૨ કર્મચારીઓ છે. સ્વાસ્થય વિભાગના અધિક નિયામક (પબ્લિક હેલ્થ) ડો. પ્રકાશ વાઘેલાએ કહ્યુ કે, ૬૨ સ્વાસ્થય કર્મીઓમાં ડોક્ટર, નર્સ અને એમ્બયુલન્સ ડ્રાઈવર વગેરે સમાવિષ્ટ છે.ગુજરાત પોલીસના મહાનિર્દેશક શિવાનંદ ઝાએ જણાવ્યું હતું કે, ૪૪ પોલીસકર્મીઓ વાઈરસથી સંક્રમિત થયા છે, જેમાંથી ૪૦ પોલિસ કર્મચારી અમદાવાદ પોલીસનો ભાગ છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા લોકો સાથે વીડિયો કોન્ફરન્સથી વાતચાત કરી, તેમજ કોરોના વોરિયર્સની પ્રશંસા કરી.

લોકડાઉનના અમલ દરમિયાન ડાકોરમાં પાલિકાએ ૪૦૦ કિલો મીઠાઈનો નાશ કર્યો

ખેડા

ખેડા જિલ્લામાં લોકડાઉનના અમલ દરમિયાન ડાકોર નગરપાલિકાની ટીમ ધ્વારા મંદિરની આજુબાજુમાં આવેલી દુકાનો ખોલાવી ચેકિંગ હાથ ધરી ૫૦ વેપારીઓનો મગસ તેમજ ઘી ની મીઠાઈનો આશરે ૩૦૦ થી ૪૦૦ કિલોનો જથ્થો કબજે લઇ ટ્રેક્ટરમાં મુકાવવામાં આવ્યો હતો. જે મીઠાઈનો જથ્થો નગરપાલિકાએ નાશ કરવા માટે તજવીજ હાથ ધરી પટેલવાડી વિસ્તારમાં લઇ જઈ તેનો નાશ કર્યો હતો. કોઇના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે હેતુથી નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ પ્રમુખ દ્વારા આ પગલા લેવાતાં વેપારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વેપારીઓને ફરજિયાત આર્થિક નુકસાન વેંઢારવાનો વારો આવ્યો છે.

૮.૪૭ લાખ ખાતામાં ૧ હજાર રૂપિયા જમા કરવામાં આવ્યા

૨ લાખ ૩૧ હજાર ક્વિન્ટલ પાકની આવક અત્યાર સુધી થઈઃ અશ્વિની કુમાર

કેબિનેટ બેઠક માં રાજ્યમાં કોરોનાની સ્થિતિ, આરોગ્ય વિભાગની તૈયારી, છૂટછાટને લઈ કરાઈ ચર્ચા

ગાંધીનગર

કેબિનેટની બેઠકમાં રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિની સમીક્ષા કરવામાં આવીઃ અશ્વિની કુમાર

હિતલ પારેખ/ગાંધીનગરઃ રાજ્યમાં કોરોના વાયરસ અને લૉકડાઉનના પગલે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણયોની માહિતી મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદ યોજીને આપી હતી. અશ્વિની કુમારે કહ્યું કે, મુખ્યમંત્રી દ્વારા કેબિનેટની બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિ, આરોગ્ય વિભાગની તૈયારી, બાંધકામ ક્ષેત્રને છૂટછાટ અને ઉદ્યોગોની સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, રાજ્યમાં ૩૪,૦૦૦ જેટલા ઉદ્યોગોને શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં ૨ લાખ ૪૦ હજાર જેટલા કાગીગરો કામ કરી રહ્યાં છે. અશ્વિની કુમારે કહ્યું કે, આજે અમરેલી, બનાસકાંઠા, મહેસાણા, કચ્છ, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં લાભાર્થીઓના ખાતામાં ૧ હજાર રૂપિયા જમા કરાવી દેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, ૮ લાખ ૪૭ હજાર ખાતામાં આ પૈસા જમા થયા છે. તો ખેડૂતોને લગતી બાબતો પણ તેમણે કહ્યું કે, રાજ્યમાં ૧૨૧ માર્કેટિંગ યાર્ડ ચાલું છે.

૨ લાખ ૩૧ હજાર ક્વિન્ટલ પાકની આવક અત્યાર સુધી થઈ છે. તમામ ખેડૂતો પાસેથી ખરીદી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં શાકભાજી અને ફળની આવક રાબેતા મુજબ ચાલી રહી છે. તેમણે કહ્યું કેસ ૪૭ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવ્યું છે. ગઈકાલે ૧૩ લાખથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું આમ અત્યાર સુધી ૨ કરોડથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

મોરબીનાં શાક માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવા પોલીસ કરાઈ તૈનાત

મોરબી

મોરબી માર્કેટીંગ યાર્ડમાં બે દિવસ પૂર્વે થયેલી ભીડ મામલે પોલીસે ગંભીરતા પૂર્વક નોંધ લઈને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. લોકોને પોતાની જ ફરજોનું પાલન કરાવવા પોલીસને મેદાને ઉતરવું પડ્યું છે. જેના કારણે મોરબી માર્કેટીંગ યાર્ડનું ગેરજવાબદારીભર્યું વર્તન સામે આવ્યું છે. મોરબી પોલીસના શિરે લોકોને તેમની નૈતિક જવાબદારીનું પાલન કરાવવાની જવાબદારી આવી છે. જેથી પોલીસની ટીમ દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેમાં મોરબી માર્કેટીંગ યાર્ડમાં વહેલી સવારે શાક માર્કેટ ભરાય છે. સવારનાં ચાર વાગ્યાથી લઈને ૯ વાગ્યા સુધી બહારથી ખેડૂતો શાક ભાજી વેચવા તેમજ શહેરના લોકો સસ્તુ શાકભાજી મળે એ માટે ત્યાં પહોંચી જાય છે. ત્યારે મોરબી માર્કેટીંગ યાર્ડ દ્વારા સોશયલ ડિસ્ટનસિંગ માટે તંત્રની ગાઈડલાઈન છતાં કોઈ સૂચના કે ગોઠવણ કરવામાં કે પોલીસને પણ જાણ કરવામાં ન આવતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જેના કારણે માર્કેટીંગ યાર્ડની બેદરકારી સામે આવી હતી. થોડી જ વારમાં માર્કેટીંગ યાર્ડમાં લોકોની ભીડ જામી ગઈ હતી આ સાથે જ માર્કેટીંગ યાર્ડ અને શાકભાજીનાં વેપારીઓ તેમજ શાક ખરીદવા અને વેચવા આવતા લોકો દ્વારા કોરોના ના પગલે રાખવામા આવતા સોશિયલ ડિસ્ટનસિંગનાં નિયમનો છડેચોક ઉલળીયો કરવામાં આવ્યો હતો. જોકે, આ સમાચાર મીડિયામાં પ્રસારીત થતાંની સાથે જ માર્કેટીંગ યાર્ડના જવાબદાર બાબુઓ સફાળા જાગ્યા હતા અને તંત્ર દ્વારા પણ પોલીસને જાણ કરવામાં આવી હતી.

અમદાવાદમાં હોટલ ફર્ન પેમેન્ટ બેઝ્ડ કોવિડ સેન્ટરને રદ કરવા સ્થાનિકોની માંગ

અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એસજી હાઈવે વિસ્તારમાં સોલા બ્રિજ પાસે આવેલી ફાઈવ સ્ટાર હોટલ ફર્ન ખાતે પેમેન્ટ બેઝ્ડ કોવિડ કેર સેન્ટર શરૂ કર્યું છે. જોકે, તેની સામે આજે સ્થાનિકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જેને લઈને સ્થાનિક વિસ્તારોમાં કોરોના ફેલાવવાના ભયથી લોકોએ વિરોધ શરૂ કર્યો છે. સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે વિરોધ કરીને સ્થાનિકોની માંગ છે કે તાત્કાલિક ધોરણે સરકાર આ સેન્ટરને રદ કરી દે. હોટલ ફર્ન આસપાસની સિમંદર ફ્લેટ, પ્રાચી એપાર્ટમેન્ટ, કાંલિદી બંગ્લોઝ, રઘુકુળ, નિલંકઠ સહિતની સોસાયટીઓ અને એપાર્ટમેન્ટના રહીશોએ હોટલ ફર્ન આગળ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલને આવેદન આપ્યું હતું અને સવાલ કર્યો હતો કે કોરોના વાઈરસ ફેલાશે તો જવાબદારી કોની રહેશે. સાથે જ સ્થાનિકો દ્વારા કમિશનરને મેઈલ કરીને આવેદન આપવામાં આવ્યું હતું. કોરોનાના વાઈરસના એસિમ્પ્ટોમેટીક દર્દી જેમને લક્ષણો નથી. પરંતુ જેમનો રિપોર્ટ પોઝિટિવ છે. તેવા તમામ દર્દીઓ સરકારી કોવિડ સેન્ટરમાં રહેવા ઈચ્છતા ન હોય તેવા દર્દીઓ આ ફાઈવ સ્ટાર હોટલમાં જઈ શકશે. આ હોટલમાં રહેવા ઇચ્છતા દર્દીઓએ રહેવા અને જમવાનો ખર્ચો જાતે ભોગવવાનો રહેશે. આ હોટેલના સામાન્ય રૂમના ટેરિફ ખૂબ જ ઊંચા હતા. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશને હોટલ સાથે એમઓયુ કરી ટેરિફમાં ઘટાડો કરી જમવા સાથેનું ટેરિફ નક્કી કર્યું છે. પેમેન્ટ બેઝ્ડ કોવિડ કેર સેન્ટરમાં મ્યુનિ.ની મેડિકલ ટીમ અને એમ્બુલન્સની વ્યવસ્થા હશે.

સરકારની વાહવાહ વચ્ચે દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની..!

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાને રોકવામાં સફળતા મેળવી રહ્યાં હોવાના સરકારી અધિકારીઓ સહિત સરકાર વાહવાહીના રોજ ગાણા ગાય છે પણ મહારાષ્ટ્ર બાદ સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની છે. ગુજરાત એ કોરોનાના કેસો અને મોતના આંકમાં ત્રીજા નંબરે આવી ગયું છે. રિકવરીનો દર પણ અન્ય રાજ્યોની તુલનામાં નીચો હોવા છતાં પ્રશાસન સૌથી શ્રેષ્ઠ કામગીરી થઈ રહી હોવાનું રોજ પ્રદર્શન કરે છે. ખરેખર વાસ્તવિકતા એ છે કે ગુજરાતની સ્થિતિ બદથી બદ્તર થઈ રહી છે. સરકાર ૨૪મીથી રમઝાન ચાલુ થઈ રહ્યો હોવાથી કરફ્યુ હટાવી રહી છે. જ્યાં સૌથી વધારે કેસો છે ત્યાં તહેવારોના સમયમાં સૌથી વધારે કેસો વધવાની સંભાવના છે. મહારાષ્ટ્રમાં ૫૨૧૮ કેસો સાથે એ નંબર છે. ગુજરાતમાં પણ ૨૨૭૨ કેસ નોંધાયા છે. ગુજરાતે દિલ્હીને પાછળ ધકેલી દીધું છે. દિલ્હીમાં ૨,૧૫૬ કેસ પોઝિટીવ છે.

રાજસ્થાનમાં પણ ૧,૭૯૯ કેસ છે. ગુજરાતથી મોટા ગણાતા રાજ્યોના મુખ્યમંત્રીઓએ કોરોનાને પછાડ્યો છે અને વકરતો અટકાવ્યો છે. ગુજરાત કોરોનાને અટકાવવામાં સફળ રહ્યું નથી. આ રાજ્યોમાં ભાજપ શાસિત અને બિન ભાજપી રાજ્યોનો પણ સમાવેશ થાય છે. સરકાર કોરોનાને અટકાવવા માટે પહેલાંથી સક્રિય હતી તો કોરોનાના વધતા કેસો કેમ અટક્યા નથી આજે દરેક ગુજરાતીના મોંઢા પર એક સવાલ છે. સરકાર કોરોનાને રોકવામાં નહીં પણ ટ્રમ્પના કાર્યક્રમના વ્યસ્ત હતી. સરકારનું આરોગ્ય તંત્ર ભલે વાહવાહી કરતું હોય પણ સૌથી અસફળ ગુજરાત છે. દેશમાં કોરોનાથી મોતના આંકમાં ગુજરાત નંબર ૨ પર છે.

રાજ્યમાં ૯૫ લોકોનાં મોત થયા છે. રિકવરીનો આંક પણ ૧૩૯ છે. મહારાષ્ટ્રમાં કેસો વધારે પણ રિકવરીના આંક પણ ૭૨૨ છે. આમ દર્દીઓની રિકવરીમાં ગુજરાત નિષ્ફળ રહેતાં મોતનો આંક ઊંચકાયો છે. દેશભરમાં કોરોનાથી કુલ મૃત્યુ આંક ૬૪૫ થયો છે. જ્યારે ચાર હજાર જેટલા લોકોની તબિયત બિલકુલ સ્વસ્થ છે. ભારતમાં સૌથી મોટી ચિંતાનો વિષય એ છે કે,વગર લક્ષણે કોરોનાનાના દર્દીઓ નોંધાઈ રહ્યા છે. જાણીતા વાયરોલોજીસ્ટ પીટર કોલચિન્સકીએ પણ કોરોના વાયરસના વગર લક્ષણના કેસને સૌથી મોટો પડકાર ગણાવ્યો છે. ગુજરાતમાં જ્યાં મૃત્યુદર અન્ય રાજ્યો કરતા વધુ છે

ત્યાં બીજી બાજુ સાજા થનારા દર્દીની સંખ્યા અન્ય રાજ્યથી ઘણી ઓછી છે. દિલ્હીમાં ૨૧૫૬ નોંધાયેલા દર્દી સામે ૬૧૧ દર્દી સાજા થયા છે અને એક જ દિવસમાં ૧૮૦ દર્દી સાજા થયા છે.આમ રીકવરી રેટ ૨૮ ટકાથી વધુ છે તો ગુજરાતમાં ૨૧૭૮ નોધાયેલા કેસ સામે માત્ર ૧૩૯ લોકો જ અત્યાર સુધી સાજા થયા છે અને રીકવરી રેટ માત્ર ૬.૩૮ ટકા જ છે. એક હજારથી વધુ કેસ ધરાવતા રાજ્યમાં રીકવરી રેટ જોઈએ તો જ્યાં સૌથી વધુ કેસ છે તેવા મહારાષ્ટ્રમા ૫૨૧૮ કેસ સામે ૭૨૨ લોકો સાજા થયા છે અને રાજસ્થાનમાં ૧૬૫૯ દર્દી સામે ૨૩૦, તમિલનાડુમાં ૧૬૯૬ દર્દી સામે ૬૩૫ ,મધ્યપ્રદેશણાં ૧૫૫૨ સામે ૧૪૮ અને ઉત્તરપ્રદેશમાં ૧૩૩૭ દર્દી સામે ૧૪૦ લોકો સાજા થયા છે.આમ ગુજરાતની સ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી ખરાબ છે.

કોરોના સામેની જંગમાં મહીસાગરના અનેક લોકોએ મફત રાશનનો પોતાનો હક કર્યો જતો

લૂણાવાડા

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોના વાઈરસનો કહેર જોવા મળી રહ્યો છે, ત્યારે જીવલેણ વાઈરસના સંક્રમણને અટકાવવા માટે ૩ મે સુધી રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લાગૂ કરવામાં આવ્યું છે. આ લૉકડાઉનના કારણે ગરીબો અને મજૂર અને મધ્યમ વર્ગને વધારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આથી આવા જરૂરિયાત મંદોની મદદ માટે રાશનકાર્ડ ધારકોને મફત અનાજનું વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે, ત્યારે આવા કપરા સમયમાં ગુજરાતના મહિસાગર જિલ્લામાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, હાલ સમગ્ર દેશમાં લાગૂ લૉકડાઉનના પગલે લોકડાઉનમાં મધ્યમ વર્ગીય પરિવારોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા NON NFSA APL-1 રેશનકાર્ડ ધારકોને અનાજનો જથ્થો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાધનસંપન્ન લોકો પોતાને મળનારા અનાજનો જથ્થો સ્વેચ્છાએ જતો કરે તેવી ભલામણ તંત્ર દ્વારા કરાઈ હતી. આથી સરકારની માંગને અનુલક્ષીને મહિસાગર જિલ્લાના ૧૩,૦૮૨ જેટલા રેશનકાર્ડ ધારકોએ પોતાને મળનારા અનાજનો જથ્થો સ્વેચ્છાએ સરકારની તરફેણમાં જતો કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

હોટ સ્પોટ વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણમાં આવ્યા બાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં પર ફોકસ કરાશે

અમદાવાદ

હોટ સ્પોટ અમદાવાદ સહિત રાજ્યના પાંચ મહાનગરોમાં કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓને શોધવાની એક સપ્તાહથી ચાલતી કામગીરી હવે મોટા ભાગે પૂરી થતાં રાજ્યના અન્ય નગરો, ગ્રામ્ય વિસ્તારોમાં ફરીથી આવા ચેપગ્રસ્ત લોકોને શોધવા ઝુંબેશ શરૂ થશે, તેમ આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, હોટ સ્પોટ એવા અમદાવાદના ક્લસ્ટરમાથી વધુ ને વધુ કેસ શોધી તેનું સંક્રમણ આગળ વધતું રોકવા માટે કોટ અને અન્ય ક્લસ્ટરમાં સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં કરફ્યુ પણ નાખવામાં આવ્યો છે જેથી લોકોની બિન જરૂરી મુવમેન્ટને રોકી સંક્રમણને અન્ય વિસ્તારોમાં પ્રસરતું રોકી શકાય. બુધવારે સવાર સુધીમાં અમદાવાદમાં કોરોના પોઝિટિવ દર્દી ની સંખ્યા ૧૪૩૪ થઈ છે રાજ્યમાં સૌથી વધુ કેસની જેમ મૃત્યુમાં પણ ૫૭ સાથે ટોપ ઉપર છે.

રાજ્યના સુરત અને રાજકોટના હોટ સ્પોટ અને સંક્રમીત ક્લસ્ટરમાથી વધુ ને વધુ કેસ શોધી તેનું સંક્રમણ રોકવા પ્રયાસ ચાલી રહ્યા છે. સુરતમાં હોટ સ્પોટ સિવાયના અન્ય વિસ્તારોમાંથી પણ કેસ વધી રહ્યા છે. શહેરમાંથી સવાર સુધીમાં કુલ ૩૬૪ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. રાજકોટમાં જંગલેશ્વરમાં કરફ્યુ લાદી કન્ટેન્ટમેન્ટની કામગીરી શરૂ થઈ છે ત્યાંથી ૪૧ કેસ મળ્યા છે. વડોદરામાં ૨૦૭ અને ભાવનગરમાંથી ૩૨ કેસ અત્યાર સુધીમાં શોધાયા છે. આમ, હવે રાજ્યના હોટ સ્પોટ વિસ્તારમાં કન્ટેન્ટમેન્ટની કામગીરી લગભગ પૂરી થતાં અન્ય વિસ્તારોમાં શંકાસ્પદ ચિન્હો સાથેના લોકોને શોધી એમનાં ટેસ્ટ કરવા કામગીરી શરૂ કરવાની જાહેરાત તેમણે કરી હતી.

લોકડાઉન ૨.૦માં ફ્લોર મિલો, ઈલેક્ટ્રીક દુકાનો સહિત ઘણી સેવાઓ માટે અપાઈ છૂટ

અમદાવાદ

વરિષ્ઠ નાગરિકોને ટેકો આપનારા લોકો હવે લોકડાઉન દરમિયાન પણ તેમની સેવાઓ પ્રદાન કરી શકશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે કહ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોને મદદ કરતા લોકોની સાથે શાળાના પુસ્તકો, ઈલેક્ટ્રિકની દુકાનો અને પ્રીપેઈડ મોબાઈલ કનેક્શન્સ માટેના રિચાર્જની સુવિધાઓને પણ સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવશે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં સ્થિત બેકરીઓ અને ફ્લોર મિલોને પણ લોકડાઉન દરમિયાન સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે અત્યાર સુધી જારી કરવામાં આવેલા માર્ગદર્શિકા દ્વારા વિશેષ સેવાઓ અને પ્રવૃત્તિઓને છૂટ આપવા સંબંધિત કેટલાક પ્રશ્નો મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આદેશમાં જણાવાયું છે કે વરિષ્ઠ નાગરિકોની મદદ કરતા ઘરમાં બેઠેલા લોકોને કામ કરવાની છૂટ આપવામાં આવી છે, જ્યારે પ્રીપેઈડ મોબાઈલ માટે રિચાર્જ સુવિધાના સંચાલનને પણ મંજૂરી આપવામાં આવી છે. આદેશમાં જણાવાયું છે કે ફૂડ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ જેવા કે બ્રેડ ફેક્ટરીઓ, દૂધના પ્લાન્ટ્સ, લોટ અને શહેરી વિસ્તારોમાં સ્થિત કઠોળ મિલોને પણ લોકડાઉન દરમિયાન સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે કાર્યાલયો, વર્કશોપ, ફેક્ટરીઓ વગેરેમાં સામાજિક અંતરનું ગંભીરતાથી પાલન કરવું પડશે.

મહેસાણાનાં ૬ ગંજબજારોમાં વિવિધ ખેતપેદાશોની ૫૫૬૪ ક્વિન્ટલ આવક થઈ

મહેસાણા

મહેસાણા જિલ્લાનાં છ ગંજબજારોમાં વેપારો શરૂ થતાં કુલ ૫૫૬૪ કિલોખેતપેદાશોની આવક અને વેપાર થયા હતા.લોકડાઉન જાહેર કરાયું છે તેવા સમયમાં જ ખેડૂતોએ પકવેલા ઘઉં, એરંડા સહિત ખેતપેદાશોનું ઉત્પાદન થયું છે. લોકડાઉનના કારણે ખેડૂતોને નાણાંની જરૂરિયાત હોવા છતાં માલ વેચી શકતા નહોતા અને મુશ્કેલી વેઠી રહ્યા હતા ત્યારે સરકારે સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તે રીતે ખેડૂતો પોતાનો માલ વેચી શકે તેવી વ્યવસ્થા કરવા માર્ગદર્શિકા જાહેર કરી હતી. જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં પણ વિવિધ માર્કેટયાર્ડમાં સત્તાધિશો અને અધિકારીઓ દ્વારા અગાઉથી ખેડૂતોનું રજીસ્ટ્રેશન, ટ્રેક્ટર કે અન્ય વાહનમાં માત્ર બે જ ખેડૂતો આવે, સવારે ૯ વાગ્યા પહેલાં માલ લઈને ગંજબજારમાં પહોંચી જવું વગેરે નિયમો બનાવી ગંજબજારમાં વેપારનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લાનાં વિસનગર, વિજાપુર, મહેસાણા, કડી, બહુચરાજી અને જોટાણા ગંજબજારમાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવનારા ખેડૂતો પોતાની ઉપજ લઈને આવ્યા હતા. જિલ્લામાં ૪૧૬૮ ક્વિન્ટલ ઘઉં, ૧૨૪૩ ક્વિન્ટલ એરંડા, ૨૦ ક્વિન્ટલ રાયડો, ૧૦૩ ક્વિન્ટલ કપાસ સહિત કુલ ૫૫૬૪ ક્વિન્ટલ ખેતપેદાશોની આવક થઈ હતી, અંદાજીત રૂ.૧.૨૫ કરોડનો વેપાર થયો હતો.

આણંદમાં કોરોનાના નામે લોકો પાસેથી પૈસા પડાવતો નિવૃત પોલીસ ASI ઝડપાયો

આણંદ

કોરોના વાઈરસ સામે લોકો જરૂરિયાતમંદોની મદદ કરી રહ્યા છે. તેનાથી વિપરીત ઘટના આણંદ જિલ્લાના નિસરાયા ગામમાં બની છે. ગામમાં રહેતા કાકા-ભત્રીજા પાસેથી કોરોના વાઈરસના નામે ૧૫૦૦ રૂપિયા પડાવનારા આણંદના નિવૃત્ત એએસઆઈ અને તેનો ડ્રાઈવર પકડાતા પોલીસ બેડામા ચકચાર મચી ગઈ છે.સમગ્ર ભારતમાં કોરોના વાઈરસના ફેલાવાને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ મે સુધી લોકડાઉનની જાહેરાત કરી છે. આ લોકડાઉન દરમિયાન કોઈ જરૂરિયાતમંદ કે ગરીબ વ્યક્તિને તકલીફ ન પડે તેની પુરતી કાળજી સરકાર તેમજ સામાજિક સંસ્થાઓ લઈ રહી છે. કોરોના વાઈરસ અને લોકડાઉન દરમિયાન દાનની સરવાણી વહી રહી છે. આ બધા વચ્ચે આણંદના નિવૃત્ત એએસઆઈ દ્વારા કોરોના વાઈરસના નામે લોકો પાસેથી પૈસા પડાવવાની ઘટના પ્રકાશમાં આવી છે. આણંદ જિલ્લા પોલીસની છબીને કલંકિત કરવાનું કાર્ય આ નિવૃત પોલીસ કર્મચારીએ કર્યું છે.

એક વેગનાર કાર નંબર GJ-23 CB-7813ની બોરસદ તાલુકાના નિસરાયા ગામે આવેલી મજૂર તલાવડી, દેવીયા મહાદેવ પાસે પહોંચી હતી. જ્યાં એક લીમડાના ઝાડ નીચે સુઈ રહેલા જશવંતસિંહ પ્રભાતસિંહ રાજને ડ્રાયવરની જોડેની સીટમાં બેઠેલા એક સફારી અને કાળા કલરના ચશ્મા પહેરેલા શખ્સે પોતાની ઓળખ પોલીસની આપી હતી. આ ઈસમે જણાવ્યું કે, હું આણંદથી આવું છુ, હાલમાં ચાલી રહેલા કોરોના વાઈરસ સંદર્ભે પૈસા ઉઘરાવું છું, તમારે જે કાંઈ ફાળો આપવો હોય તે આપો. તેમ જણાવતાં જ ઘરમાંથી જશવંતભાઈનો ભત્રીજો અલ્પેશકુમાર રંગીતભાઈ રાજ પણ બહાર આવ્યો હતો અને બન્ને જણાએ ૧૫૦૦ રૂપિયાનો ફાળો આપ્યો હતો. આ દરમિયાન આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા.

પોલીસે રમેશભાઈ અને તેમના ડ્રાયવર હર્ષદભાઈની ધરપકડ કરીને તેમના વિરૂદ્ધ છેતરપીંડી, વિશ્વાસઘાત, લોકડાઉનના ભંગ બદલ ગુનો દાખલ કર્યો છે.

કાવ્ય અભિવ્યક્તિ



સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

આ જિંદગીનો કંઈક તો સાર હોવો જોઈએ.
કરીલો કર્મ એવા કે બેડો પાર હોવો જોઈએ.
દ્વેષ-ઈર્ષા છોડીને માફ કરતાં શીખીએ આપણે.
બસ લાગણી સભર વ્યવહાર હોવો જોઈએ.
મળીએ બધાંને પ્રેમથી લાગશે પછી એવું કે,
આજ આપણો મોટો તહેવાર હોવો જોઈએ.
તડકો-છાંયો તો આવતો રહેવાનો છે જીવનમાં.
હસીને વેઠીએ, ના એનો ભાર હોવો જોઈએ.
થામી લઈએ હાથ જરૂરતમંદનો કદી સ્નેહથી.
આપણા હાથે કોઈનો ઉધ્ધાર હોવો જોઈએ.

- કુસુમ કુંડારિયા. જૂનાગઢ

•

મેતો અમસ્તા જ સપનાઓ જોયા હતાં,
દિલની નજીકનાં પ્યારાને મે ખોયા હતાં,
આવશે કદી લેખા જોખાનો હીસાબ તો,
કહીશ ઈશને કે લોયના આંસુ રોયા હતાં,
કહીદેજો એ કાન્હા ને વાંસળી મુકીદે,
પ્રેમના રંગે અમે પણ કોઈને રોળ્યા હતાં.
ખોવાઇ ગયાં હતા કોઈ અમારા દિલમાં,
તેને ધબકારા મહી અમે પણ ખોળ્યા હતાં.
મને તો જોઈએ એ બસ એજ ચાંદની,
'કુમારે' એને જોવા કેટલા દાડા ડોળ્યા હતાં.

- પ્રજાપતિ વિજય "કુમાર"

•

સનમની ઈજાજતને ઈબાદત જેમ નિભાવી છે.
ઈશ્ક ને જ ખુદા માની તેના દ્વારે મુંડી નમાવી છે
હદયમાં કંડારેલી છે તારી એ મનમોહક છબી,
બસ દિલદાર ના દિદાર માટે જીંદગી ખપાવી છે.
જન્મોજન્મ નો છે આપણો આ પવિત્ર સંબંધ,
કયામત સુધી પહોંચવા અમે નજર લંબાવી છે.
જેમાં છે તારી ખુશી, નથી કીધી લગીરે ફરિયાદ,
ભાગ્યમાં મળેલી સુખ દુઃખની ઘડીને સ્વીકારી છે.
ઈશ નો દરજ્જો આપી તમને હરઘડી પૂજ્યા,
હકીકત માં તારી ચાહ ને દિલથી અપનાવી છે.
કેટકેટલા મહેણાં મારે છે આ લોકો અમને તો,
દુન્યવી દસ્તુર છોડી આશિકની ફરજ બજાવી છે.
વિરહ કે વ્હાલ જે આવે જોગણ ની ઝોળી એ,
સનમની ઈચ્છા ને ઈબાદત જેમ માથે ચડાવી છે

- ફાલ્ગુની વસાવડા, ભાવનગર

•

આજનો માનવી પૈસા પાછળ મરે છે,
કુદરતના પરિબળોને વેરવિખેર કરે છે.
બીજા જીવોને યોગ્યતા ન આપતા એ,
આજે સામે આવતા મોતથી તે ડરે છે.
જીવનમાં હર ઘડીએ વૃક્ષો સાથ આપે,
કાપી નાખી પછી કહે કે પાંદડા ખરે છે.
બગાડે છે માપ વગરનું પાણી માનવી,
ટીપે ટીપે પાણીથી ડેમ આખો ભરે છે.
શોખ ખાતર મૂક પ્રાણીને કેદ કરતો તું,
ગુના વગર જેલમાં કેદ થયેલો ઘરે છે.
પારકા તો પોતાના હોય એમ સમજી,
મિલકત માટે ભાઈઓ ઝગડી મરે છે.

- કાતરીયા વૈશાલી "વૈરીયા" રાજુલા

•

હિમાલય દીસે રળિયામણો અરજ કરતો હોય
વહેતી ગંગા ધીર બની જમ પાસ ફરતો હોય
કાળજાળ ઉનાળે લીમડો લચી લળતો હોય
છાંય અર્પી દેહની પોતાની પીડા કળતો હોય
જ્યા સુદામાને મળવા કાન રસ્તે રઝળતો હોય
ત્યાં દોસ્તી દેખી દુશ્મન દિલમાં જ બળતો હોય
દિલમાં ભરી દર્દ અનેક કાન કંઈ ના કળતો હોય
છતાં જીવ્યો એકલો એવો સંદેશ મળતો હોય
કોઈ કહે કંઈ પણ અરથ સાચો સરતો હોય
જીવન એવું જીવીએ 'તેજ' સાર મળતો હોય

- તેજલ વઘાસીયા ,ઉમરાળી, જૂનાગઢ

•

શબ્દ રાગ है,
શબ્દ દ્વેષ है,
યે શબ્દ કી જંજાલ है,
શબ્દ સે હી જીવનપાર है।
શબ્દ અમૃત है,
શબ્દ ગરલ है,
યે શબ્દ કી સબ બાત है,
શબ્દ સે હી જીવનપાર है।
શબ્દ ફૂલ है,
શબ્દ કાઁટે है,
યે શબ્દ કી માયાજાલ है,
શબ્દ સે હી જીવનપાર है।
શબ્દ જન્મ है,
શબ્દ મૃત્યુ है,
યે શબ્દ કી સૌગાત है,
શબ્દ સે હી જીવનપાર है।

- ઉમરાણીયા બ્રિન્દા

કાળ એને પછી પાસે બોલાવે, પાપ પુણ્યના પોટલાં ખોલાવે,
કરમ ફળનાં એને ભાથા બંધાવે, હાય રે! આવ્યો બુઢાપો.

- નીતિન ઠક્કર "કવિરાજ "



મિત્રો,જિંદગીને જો આપણે એક નાટક કહેતાં હોય તો આ નાટકનું છેલ્લું દ્રશ્ય એટલે બુઢાપો.જીવનપથ પર જીવાત્માનો અંતિમ પડાવ એટલે બુઢાપો.પોતેજ ખીલવેલી સુંદર વાડીનાં પુષ્પો જયારે મીઠી ફોરમને બદલે કંટકનાં દર્દનો અનુભવ કરાવે ત્યારે એકાંતમાં રડતી આ અવસ્થા,દેહની શિથીલતા સામે લાચાર આ અવસ્થા,મોતનાં ભણકારાથી હરપળ કાંપતી આ અવસ્થા જોઈને સહજ આપણું હદય કંપી ઉઠે.અને એ કંપારીનો આર્તનાદ શબ્દો રૂપે કંઈક આ રીતે બહાર આવે...

આવી બહુ મોટી બીમારી,
રહી ગઈ બસ લાચારી,
બની જિંદગી બિચારી,
હાય રે ! આવ્યો બુઢાપો.
હવે કરમ એના એને રડાવે,
છોકરાં તો ઠીક,એની વહુએય છણકાવે,
પેટને ખાતર એને ઠેબે ચડાવે,
હાય રે ! આવ્યો બુઢાપો.
પગ એના એને લાકડી લેવરાવે,
આંખે એને અંધારા આવે,
પડે આખડે કોઈ હાથ ના ઝાલે,
હાય રે ! આવ્યો બુઢાપો.
દેહ એનો આજ એને જ સતાવે,
કોઈ ના એને બેઠું બોલાવે,
માંગ્યું એને મોતેય ના આવે,
હાય રે ! આવ્યો બુઢાપો.
કાળ એને પછી પાસે બોલાવે,
પાપ પુણ્યના પોટલાં ખોલાવે,
કરમ ફળનાં એને ભાથા બંધાવે,
હાય રે! આવ્યો બુઢાપો.

મિત્રો,બૂઢાપાનું આ ચિત્ર બહુ બિહામણું લાગ્યું ને ! પરંતુ આજના સમાજની આ એક કડવી વાસ્તવિકતા છે.હવે પ્રશ્ન એ નથી કે આવું કેમ છે,આનાં માટે કોણ જવાબદાર છે.પ્રશ્ન એ છે કે શું આ ચિત્ર સુંદર હોઈ શકે ? ખરેખર તો જીવનરૂપી નાટકનું આ છેલ્લું દ્રશ્ય કંઈક એવી રીતે ભજવાવું જોઈએ કે પડદો પડી ગ્યા પછી પણ લોકો તાળીઓ બજાવતાં રહે.જીવનની દરેક અવસ્થાનું એક આગવું મહત્વ છે.વીતેલી જિંદગીમાં કરેલા કર્મોનો હિસાબ કરવાનો,એનું સરવૈયું કાઢવાનો આ સમય છે.મોહ અને માયાનાં તત્વો જે અંતે અહીં જ રહી જવાનાં છે એનાથી થોડાં વિલુપ્ત થઈ પોતાનાં માટે સુકર્મોનું ભાથું જે અનંતની મુસાફરીએ સાથે આવવાનું છે એને ભેગું કરવાનો આ સમય છે.કેમકે અંતે જગદીશનાં દરબારમાં જવાબ તો આપવાનો જ છે.કર્મોનું ફળ નિર્વિવાદ ભોગવવાનું છે.આ સનાતન સત્યને સમજવાં એક ડોકિયું કરીએ આપણી મહાન ભારતીય સંસ્કૃતિનાં આધારસ્તંભ સમા બે મહાન ગ્રંથો રામાયણ અને મહાભારતમાં.મહાભારતનું સૌથી વૃદ્ધ પાત્ર એટલે ભિષ્મ પિતામહ.હસ્તિનાપુરનાં રાજદરબારમાં જયારે દ્રૌપદીનું ચીરહરણ થતુંતું ત્યારે આ મહાપરાક્રમી,મહાજ્ઞાની ભિષ્મ એ રાજસભામાં હાજર હતા.પોતે દુર્યોધનનું આ જઘન્ય કૃત્ય રોકવા સમર્થ હોવાં છતાં નિસહાય એવી પોતાની જ પુત્રવધુ દ્રૌપદીની અસ્મતનાં રક્ષણ માટે તેમણે એક હરફ સુદ્ધા ના ઉચ્ચાર્યો.જયારે રામાયણનું સૌથી વૃદ્ધ પાત્ર એટલે જટાયુ.રાવણ જયારે દેવી સીતાને હરી આકાશમાર્ગે લંકા લઇ જતો હોય છે ત્યારે આ મહાત્મા સીતાજીની રક્ષા માટે રાવણ સાથે યુદ્ધ કરે છે.શક્તિશાળી રાવણ સાથે યુદ્ધ કરવા પોતે સમર્થ ના હોવાં છતાં એ પરસ્ત્રીનાં રક્ષણ માટે પોતાનાં પ્રાણની આહુતિ આપે છે.અને કર્મોની ગતિ જુઓ મિત્રો,ભિષ્મ પિતામહ છેલ્લાં શ્વાસ બાણની સૈયા પર લે છે અને જટાયુ છેલ્લાં શ્વાસ શાક્ષાત નારાયણનો અવતાર એવાં પ્રભુ શ્રીરામનાં ખોળામાં લે છે.તાત્પર્ય કહેવાનું એટલું જ છે કે આ બધી સમજણનો અભાવ એજ ઘડપણનાં ચિત્રને બિહામણું બનાવે છે.બાકી તો ઘડપણ એ જીવનરૂપી વૃક્ષને આવેલું એક મધુર ફળ છે.સામાજિક બંધનોથી થોડાં મુક્ત થઈ પ્રકાર પ્રકારનાં અનુભવોથી ઘડાયેલી આ અવસ્થા માણવાની પણ એક મજા છે.

પરંતુ આપણું ઊંધું છે.જેમ જેમ ઘડપણ આવતું જાય એમ એમ મોહ-માયાનું આપણું બંધન મજબુત થતું જાય છે.અને એટલે જ સમાજ આદર આપવાને બદલે તિરસ્કાર કરે છે.સત્ય એ સમજવાનું છે કે જેમ જમણમાં ભાત આવી જાય પછી મીઠાઈની અપેક્ષા રાખવી એ મુર્ખામી છે એમ જયારે માથે ધોળાં આવી જાય પછી ભૌતિક સુખોની અપેક્ષા એ નરુ ગાંડપણ છે.આંબાની કેરી જેમ પાકેને એમ મીઠી થતી જાય અને ખાનારને એની મીઠાસનો આહલાદક અનુભવ કરાવે એમ માણસે પણ પાકતી ઉંમરે વાણી,વર્તન અને વ્યવહારમાં મીઠાસ લાવી પોતાનાં પરિવારને એનો એવો મીઠો અનુભવ કરાવવો જોઈએ કે આ ફળ જયારે પરિવારનાં વટવૃક્ષ પરથી ખરેને ત્યારે એની હરેક ડાળને આ મધમીઠું ફળ ગુમાવાનો અફસોસ થાય.

શહેરમાં ત્રણ કોવિડ સેન્ટર ઉભા કરાયા

અમદાવાદમાં પશ્ચિમ વિસ્તારમાં ઉભુ કરશે ૪૦૦૦ બેડનું સૌથી મોટું કોવિડ સેન્ટર

અમદાવાદ

રાજ્યના હોટસ્પોટ અમદાવાદમાં સર્વેલન્સ અને ટેસ્ટિંગના કારણે કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. પોઝિટિવ આવતા કેસોના દર્દીઓ માટે થ્રી લેયર સારવાર માટે ૨૦૦૦ બેડનું અલગ કોવિડ સેન્ટર ગુજરાત યુનિવર્સિટી પાસે આવેલી સમરસ હોસ્ટેલમાં ઉભું કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે તેના કરતાં ડબલ એટલે કે ૪૦૦૦ બેડની સુવિધાઓ વાળું વધુ એક કોવિડ સેન્ટર પશ્ચિમ વિસ્તારમાં ઉભુ કરશે. આગામી અઠવાડિયામાં આ કોવિડ સેન્ટર તૈયાર થઈ જશે. સમરસ હોસ્ટેલમાં કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. જેથી હવે કોર્પોરેશનનો સ્ટાફ ફ્રી થઈ જતા પશ્ચિમ વિસ્તારમાં નવા ઉભા કરવામાં આવનાર આ કોવિડ સેન્ટરમાં સ્ટાફ મુકવામાં આવશે. કોટ વિસ્તારમાં પણ કાલુપુર હજ હાઉસમાં કોવિડ કેર સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. SVP હોસ્પિટલમાં પણ ૫૦૦માંથી ૧૦૦૦ બેડ હવે કોરોના માટે ઉભા કરવામાં આવ્યા છે.

લોકડાઉનમાં વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રકમાંથી ચારસો પેટી દારૂ ઝડપાયો

વડોદરા

અમદાવાદ — વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી આવશ્યક ચીજ વસ્તુઓની આડમાં દારૂની મોટાપાયે હેરાફેરી થતી હોવાનો ઘટસ્ફોટ થયો છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકની હદમાં હાઈવે પરથી પસાર થઈ રહેલી બટાકા ભરેલી ટ્રકમાંથી ચારસોથી વધુ દારૂની પેટીના જથ્થાને સ્ટેટ મોનીયરીંગ સેલ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. તેની સાથે હાલમાં એક ચાલકની ધરપકડ કરીને ભાદરવા પોલીસ મથકમાં કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા મળેલી પ્રાથમિક વિગતો મુજબ એક્સપ્રેસ હાઈવે પરથી ટ્રકમાં બટાકા ભરીને જઈ રહ્યા હતા. હાલના લોકડાઉનના માહોલમાં આવશ્યક ચીજવસ્તુઓની હેરાફેરીને છુટ આપવામાં આવી છે. પરંતુ બટાકા ભરેલી આ ટ્રકમાં બટાકાની આડમાં દારૂનો જથ્થો જઈ રહ્યો હોવાની વિગતો સ્ટેટ મોનીટરીંગ સેલને મળી હતી. જેના પગલે સેલની ટીમે રસ્તામાં જ ટ્રકને આંતરીને તપાસ કરતાં તેમાંથી લગભગ ચારસો જેટલી દારૂની પેટીઓ જણાઈ હતી. જેના પગલે તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. હાલમાં ટ્રક ચાલકની ધરપકડ કરવામાં આવી હતી. આ ટ્રકમાં કેટલો મુદ્દામાલ હતો, ક્યાંથી આવ્યો હતો અને ક્યાં જતો હતો? કોણે મોકલ્યો હતો અને કોને મંગાવ્યો હતો? તે અંગની વિગતોની સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

તાપી જિલ્લાના માયપુર ગામને કવોરોન્ટાઈન વિસ્તાર જાહેર કરાયો

વ્યારા

વ્યારા તાલુકાના માયપુર ગામે એક મહિલાનો 'કોરોના' ટેસ્ટનો રિપોર્ટ પોઝેટિવ આવતા તેમને જિલ્લા વહીવટી તંત્ર વ્યારાની જનરલ હોસ્પિટલ ખાતે આઈસોલેટ કર્યા છે.

માયપુર ગામના ૩૫ વર્ષની ઉંમરના કંસાબેન સેવનભાઈ ગામીતનો રિપોર્ટ પોઝીટીવ આવતા તેમના પરિવારના ત્રણ સભ્યોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે, તેમ જણાવતા તાપી કલેકટર શ્રી આર. જે. હાલાણીએ આ બેનના સંપર્કમાં આવનારા ૬ પોલીસ જવાનો અને ૨ ગ્રામ રક્ષક દળના જવાનોને પણ હોમ કોરોન્ટાઈન કરવા સાથે તેમના 'કોરોના' ટેસ્ટ માટેના સેમ્પલ લેવામાં આવ્યા છે, તેમ જણાવ્યું હતું.

જિલ્લાના મીડિયાકર્મીઓ સાથે ચર્ચા કરતા કલેકટરશ્રી એ જિલ્લામાંથી અત્યાર સુધી ૧૬૬ સેમ્પલ આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવ્યા છે, જે પૈકી ૧૫૬ નેગેટિવ, ૧ પોઝેટીવ અને ૯ રિપોર્ટ પેન્ડિંગ છે તેમ જણાવ્યું હતું. કલેકટર શ્રી હાલાણીએ, તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માયપુર ગામને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરીને, ગામના તમામ વિસ્તારોને ડિસઈન્ફેક્શનની કામગીરી હાથ ધરવા સાથે, ગ્રામજનોને ઘરની અંદર જ રહેવા, અને તેમને આવશ્યક ચીજવસ્તુઓની જરૂરત હોય તો તે તેમને ઘરબેઠા જ પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેમ ઉમેરી, ગ્રામજનોને ફેસ માસ્કના વિતરણ સાથે તેમને સોશિયલ ડિસ્ટનસિંગ વિશે સમજ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું.

માયપુર ગામના ૬ ફળિયાની ૧૧૭૧ ની વસ્તી (૨૭૧ કુટુંબ) માટે આરોગ્ય વિભાગની ૬ ટિમો તૈનાત કરીને, ઘનિષ્ઠ ચકાસણીની કાર્યવાહી હાથ ધરવા સાથે, સેમ્પલ એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેમ પણ શ્રી હાલાણીએ વધુમાં ઉમેર્યું હતું.

જિલ્લાના પ્રજાજનોને 'લોકડાઉન'ના નિયમોનું કડક રીતે પાલન કરવા સાથે બિનજરૂરી ઘર બહાર નહિ નીકળવાની તાકીદ કરતા કલેકટર શ્રી આર. જે. હાલાણીએ સોશિયલ ડિસ્ટનસિંગ જાળવવાની પણ સૌ નાગરિકોને અપીલ કરી છે.

દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર. જે. હાલાણીએ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ની કલમ-૨, અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે માયપુર ગામને Covid-૧૯ કન્ટેઈનમેન્ટ વિસ્તાર તરીકે જાહેર કરી, પ્રજાજનોને હોમ ક્વોરોન્ટાઈન રહેવાનો હુકમ કર્યો છે.

સાથે ગામના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ ઉપર ફરજિયાત થર્મલ સ્ક્રિનિંગ, ચુસ્ત પોલીસ બંદોબસ્ત સહિતના પગલાંઓ લેવામાં આવ્યા છે.

આ પ્રતિબંધિત હુકમમાંથી અધિકૃત કરેલા અધિકારી દ્વારા અપાયેલી પરવાનગી ધરાવતા વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાંના ભંગ બદલ કડક કાર્યવાહીના નિર્દેશ પણ અપાયા છે.

એપાર્ટમેન્ટ તથા સોસાયટીના પ્રમુખો માટે મનપાની સૂચના

લોકોને ક્રમાનુસાર ખરીદી કરવા માટે નિકળવા દેવા

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની અસર સમગ્ર વિશ્વની સાથે સાથે દેશના વિવિધ રાજ્યોમાં પણ થઈ છે. જેના સંક્રમણને અટકાવવા માટે સુરત મહાનગર પાલિકા સતત સક્રિય રહી છે. શહેરના સોસાયટી કે એપાર્ટમેન્ટના પ્રમુખોને આથી જણાવવામાં આવે છે કે તેઓના એપાર્ટમેન્ટ કે સોસાયટીના રહીશો એક જ સમયે ખરીદી કરવા બહાર નીકળતા હોવાનું ધ્યાને આવેલ ચે. જેના કારણે સોશિયલ ડિસ્ટન્સ જળવાતુ નથી અને કોરોના વાયરસનું સંક્રમણ થવાની શકયતા રહેલી છે તેથી તમામ સોસાયટી કે એપાર્ટમેન્ટના પ્રમુખોને અપીલ કરવામાં આવે છે કે સોસાયટી કે એપાર્ટમેન્ટના રહીશોને એક સાથે ખરીદી કરવા બહાર ન જવા દઇ સોસાયટી કે એપાર્ટમેન્ટમાં આવેલ ઘરની સંખ્યાના આધારે રહીશોને ક્રમાનુસાર અલગ અલગ સમયાં ખરીદી કરવા બહાર નીકળવા મંજુરી આપવા જણાવવામાં આવે છે.

રમઝાનમાં કરફ્યુ વિસ્તારોમાં વધુ સમય છુટછાટ આપવા સુરત કોંગ્રેસની માંગ

છુટનો સમય બપોરને બદલે સવારે કરવા બાબુભાઈ રાયકાની રજૂઆત

સુરત

સુરત શહેરમાં કોરોના પગપેસારો ખૂબજ ઝડપથી વધી રહ્યો છે. જેની પાછળનું કારણ અહીં વધુમાં વધુ લેવામાં આવી રહેલા સેમ્પલો છે. જેના કારણે ઘણા વિસ્તારોમાં કેસો ખુબજ ઝડપથી સામે આવી રહ્યા છે. જેથી તંત્ર દ્વારા ઘણા વિસ્તારોને હોટસ્પોટ જાહેર કરાયા છે તો ઘણા વિસ્તારોમાં કરફ્યુ પણ લાગુ કરાયો છે. પહેલા ૨૦ એપ્રિલ સુધી કરફ્યુ લાગુ કરાયો હતો. પરંતુ પરિસ્થિત જોતા કરફ્યુને ૨૪ એપ્રિલ સુધી લંબાવી દેવામાં આવ્યું છે.

કરફ્યુમાં માત્ર બપોરે ૧ થી ૪ વાગ્યા ના સમયમાં મહિલાઓને જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરાવા માટેની છુટ આપવામાં આવી છે. હાલમાં ઉનાળો ચાલતો હોવાથી બપોરના સમય ખુબજ તાપ હોય છે. જેથી આ છુટ સવારના સમયમાં આપવામાં આવે એ માટે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બાબુ રાયકા દ્વારા પોલીસ કમિશનરને રજુઆત કરવામાં આવી છે. રજુઆતમાં તેમણે જણાવ્યું છે કે સુરત શહેરમાં જે વિસ્તારોમાં કરફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. તે વિસ્તારોમાં મોટા ભાગની વસતી મુસ્લિમ સમાજની છે. અને ૨૪ એપ્રિલથી રમઝાન પણ શરૂ થશે. જેથી જરૂરી ખરીદી માટે બપોરના સમયે બહાર નીકળવું ખુબજ કપરું છે. કારણકે હાલમાં ખુબજ ગરમી પણ પડી રહી છે. જેથી બહાર નીખલવાની છુટછાટના સમયમાં ફેરફાર કરવામાં આવે અને બપોરના ૧ થી ૪ની જગ્યાએ સવારે ૮ થી ૧૧નો સમય આપવામાં આવે એ માટેની રજુઆત તેઓ દ્વારા કરવામાં આવી હતી.

ભરૂચમાં એક સાથે ૩ દર્દીઓ કોરોના મુક્ત થયા, અપાઇ રજા



ભરૂચ : ભરૂચમાં કોરોના વાઈરસના આજે ૩ દર્દી સાજા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. દેવલાના એક અને ઈખરના ૨ જમાતીઓ કોરોના મુક્ત થયા છે. કોવિડ હોસ્પિટલ બાદ ભરૂચની પટેલ વેલ્ફેર હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ રખાયેલા ૩ દર્દીઓને આજે રજા આપવામાં આવી છે. હોસ્પિટલ સ્ટાફે તાળીઓના ગડગડાટ સાથે ત્રણેય દર્દીને વિદાય આપી હતી. દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતી વખતે દુઆઓ પઢી હતી.

નવસારી જિલ્લામાં પ્રથમ પોઝિટિવ કેસ: વધુ ૫૪૩ લોકોના ટેસ્ટ કરાયા

તપાસમાં ૪૫૩ લોકોના રિપોર્ટ નેગેટિવ આવ્યાં

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૫૪૩ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૪૫૩ નમુના નેગેટીવ આવ્યા છે. ૮૯ રિપોર્ટ આવવાના બાકી છે. નવસારી જિલ્લામાં આજરોજ જલાલપોર તાલુકાના હાંસાપોર ગામના ૪૨ વર્ષના દિનેશભાઇ નો કોરોનો પોઝીટીવ રિપોર્ટ આવ્યો છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં ૭,૩૩,૪૫૭ ઘરોનો સર્વે થયો છે. જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૬૪ કેસ કરીને રૂપિયા ૬૮,૯૦૦ વસુલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં જુદા જુદા ૧૪ સ્થળોએ કુલ-૨૧૫ કોરેન્ટાઈન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આજરોજ ૫૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૧૧, જલાલપોર-૧૨, ગણદેવી-૦૮, ચીખલી-૦૫, ખેરગામ-૦૫, વાંસદા-૦૯ સેમ્પલ લેવામાં આવ્યાં છે.

રાજ્યમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઇ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે.

રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪ બ ૦૭ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીંગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૮૦૨૮ ઉપર સંપર્ક સાધી શકાશે.

સુરતમાં કતારગામ સહિતના વિસ્તારોમાં ગરીબોને વિનામુલ્યે શાકભાજી વિતરણ કરાઈ



સુરત

હાલના કોરોનાના મહામારીના સમયમાં વિશ્વ આખું પરેશાન થયું છે. ઠેર ઠેર લોકાડાઉનની સ્થિતિ સર્જાઈ છે. લોકોની મજબૂરીનો લાભ લઈને અમુક વેપારીઓ શાકભાજીના કાળાબજાર કરી રહ્યા છે ત્યારે કતારગામ સહિતના ડભોલી,સિંગણપોર અને અમરોલી વિસ્તારમાં ક્વોલિમી ગ્રુપના સંચાલક વિરેશ તરસરીયા દ્વારા વિનામુલ્યે શાકભાજી સહિતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વિરેશભાઈના પેરીસ,યુએસએ અને સિંગાપોરમાં પણ સુપર સ્ટોર માર્ટ આવેલા છે જયાં કોરોનાની સ્થિતિમાં ગુજરાતીઓને વિનામુલ્યે શાકભાજી સહિતની જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ આપવામાં આવી રહી છે.

વિરેશભાઈએ જણાવ્યું હતું કે, આજના સમય કોરોનાની મહામારીમાં આખુ વિશ્વ હેરાન થઈ રહ્યું છે. મોત ના ડર થી અને વિશ્વ માં ઘણાં દેશે બચવાં માટે લોકડાઉન ની પરિસ્થિતિ નિર્માણ કરેલું છે. તે હેતુને ધ્યાનમાં લઈને લોકોની આવકના સ્ત્રોત બંધ થયા હોવાથી જીવન જરૂરિયાત વસ્તુ જેવી કે બાળકો માટે દૂધ,જમવા માટે શાકભાજી અને એવી તમામ વસ્તુ ઓ ખરીદવી ખૂબ જ મુશ્કેલ થઈ ગઈ હોવાથી અમે ક્વોલિમી ગ્રુપ દ્વારા આ વસ્તુઓ દેશ અને પરદેશમાં જયાં શક્ય છે ત્યાં વિનામુલ્યે આપવાનું શરૂ કર્યું છે.

અબુધાબીમાં પ્રોજેક્ટના કામ માટે ગયેલા સુરતના ૭૦ એન્જીનિયરો ફસાયા

સુરત

અબુધાબીમાં કંપની સહિતના કામ અર્થે ગયેલા સેકડો ભારતીયોને વતન પરત આવવું છે, પરંતુ ભારત સરકાર તરફથી અબુદાબી સહિત યુએઈમાં અટકી પડેલા સેકડો ભારતીયને દેશાં લાવવા માટે કોઈ જ હકારાત્મક જવાબ આપવામાં આવતો નથી. અબુદાબીમાં એડીએનઓસી એલએનજી કંપનીનાં શટડાઉનના કામ અર્થે ૭૦ ભારતીય એન્જીનિયરો અબુધાબી ગયા હતા. જેઓ ૭૦ કામ ૩૧મી માર્ચે પૂર્ણ થયા બાદ તેઓને ભારત પરત આવવું છે. આ ભારતીય એન્જીનિયરો ના પ્રતિનિધિ તરીકે સુરતના રહેવાસી હેમંત દેસાઈએ અબુદાબીથી પ્રતાપ દર્પણ સાથે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે ભારત દેશમાં કોવિડ-૧૯ના કેસો વધતા અમો પણ ચિંતિત થઈ ગયા હતા. અબુધાબી ખાતે અમો ૭૦ ભારતીય એન્જીનિયરો કંપનીના કામ અર્થે આવ્યા હતા. જે કામ ૩૧મી માર્ચે પૂર્ણ થયા બાદ અમોએ ત્યાંની બારતીય એમ્બેસીને ભારત પરત મોકલાવવા માટે સતત ઈ-મેઈલ સહિતની રજુઆતો કરી હતી. તેમ છતાં ભારત સરકાર દ્વારા અમોને કોઈ હકારાત્મક જવાબ મળ્યો ન હતો. એક તરફ ભારત સરકાર બીજા દેશોના નાગરિકોને ભારતીય જહાજમાં તેઓના વતનમાં મુકીને આવ્યા છે. ભારત દેશમાં ફસાયેલા પોતાના નાગરિકોને વિદેશી સરકાર એરલિફ્ટ કરી રહ્યા છે ત્યારે અબુદાબીમાં ફસાયેલા સેકડો ભારતીયોને પરત દેશમાં લાવવા માટે કોઈજ વ્યવસ્થા કરતુ નથી. અથવા એરલિફ્ટ માટે મંજૂરી આપતું નથી. આ અંગે હેમંત દેસાઈએ સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયક જોડે ટેલિફોનિક વાતચીત કરી ભારત સરકાર દ્વારા તેઓને એરલિફ્ટ કરવામાં આવે તેવી રજુઆત સરકારમાં કરવા વિનંતી કરી હતી.

વધુમાં હેમંત દેસાઈએ જણાવ્યું હતું કે અહિથી આરોગ્ય તપાસ સહિત કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ તમામ નિયમોનું પાલન અમો કરીશું. જો ભારત સરકાર દ્વારા એરલિફ્ટની પરવાનગી નહિ આપવામાં આવશે, તો ન કરે નારાયણ અમારા પરિવારને અમારો મૃતદેહ પણ જોવા નહિ મળશે તેવી વેદના ઠાળવી હતી.

લોકડાઉન દરમિયાન ડાંગ જિલ્લામાં શરતોને આધિન કેટલી છુટછાટ

જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી પ્રસિદ્ધ કરાયેલું જાહેરનામુ

સુરત

હાલમાં નોવેલ કોરોના વાયરસ (કોવીડ-૧૯) ના સંક્રમણને રોકવા માટે ભારત સરકાર દ્વારા લોકડાઉનનો સમયગાળો ૩ મે સુધી લંબાવવામાં આવેલ છે. લોકડાઉનના સમયગાળામાં અનેક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાગુ કરવામાં આવેલ હતો, જે સંદર્ભે ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન.કે.ડામોરે તેમને મળેલી સત્તાની રૂએ ભારત સરકારની માર્ગદર્શિકાની જોગવાઈઓ મુજબ પ્રજાની હાડમારી ઓછી કરવાં માટે કેટલીક છુટછાટો જાહેર કરી તા. ૨૦ મી એપ્રિલ, ૨૦૨૦થી કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં કેટલીક શરતોને આધીન રહીને નીચે મુજબની પ્રવૃત્તિઓ શરૂ કરી શકાશે તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે.

તમામ આરોગ્ય વિષયક સેવાઓ (આયુષ સહિત) , કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ , સમગ્ર કૃષિ અને બાગાયતી પ્રવૃતિઓ , માછીમારી / મત્સ્યોદ્યોગની પ્રવૃતિઓ , બગીચાઓ (પ્લાન્ટેશન) ને લગતી પ્રવૃતિઓ, પશુપાલનમાં પ્રવૃતિઓ, નાણાકીય ક્ષેત્રમાં કેટલીક પ્રવૃતિઓ ,સામાજિક ક્ષેત્રમાં પ્રવૃતિઓ, ઓનલાઈન શિક્ષણ/ દૂરવર્તી શિક્ષણ (Distance Learning), મનરેગા હેઠળની કામગીરી, જાહેર ઉપયોગિતાઓ માટે પ્રવૃતિઓ, રાજયની અંદર અને આંતર-રાજય માલવાહકની અવર-જવર અને માલનું લોડિંગ – અનલોડિંગની પ્રવૃતિઓ, આવશ્યક ચીજવસ્તુનો પુરવઠા (સપ્લાય) ને લગતી બાબતો,પોસ્ટ ઓફિસો સહિતની પોસ્ટલ સેવાઓ, વાણિજય અને ખાનગી સંસ્થાઓ જેવી પ્રવૃતિઓ, ઉદ્યોગો / ઔદ્યોગિક એકમો (સરકારી અને ખાનગી બન્ને) , બાંધકામ પ્રવૃતિઓ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિઓની અવર-જવરની છૂટનો સમાવેશ થાય છે. તદઉપરાંત ભારત સરકારની કચેરીઓ, તેની સ્વાયત્ત / તાબાની કચેરીઓ ઉપરાંત રાજય સરકારની કચેરીઓ, તેની સ્વાયત સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને કેટલીક શરતોને આધીન રહીને જરૂરી છુટછાટ અપાઈ છે.

લોકડાઉન તેમજ કરફ્યુના ભંગ બદલ વધુ ૧૮૩ લોકોની અટક

સુરત પોલીસ દ્વારા ૧૦૭ વાહનો જપ્ત કરાયા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૮૩ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૭ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૩ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૬૨૨ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૨,૯૨૫ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું અમલી છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

તાપમાનમાં થોડીક રાહત થઈ બે-ત્રણ દિવસમાં ફરી વધશે

દક્ષિણ ગુજરાત પાછું તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી જશે

સુરત

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી ગરમી યથાવત રહી છે. પવનની દિશા અને ગતિમાં દિવસ દરમ્યાન બે થી ત્રણ વખત ફેરફાર થતો હોવાથી સરેરાશ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાય છે.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધિકતમ તાપમાન ૩૭.૭ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦ મિલીબાર નોંદાયુ છે. શહેરમાં સવારથીજ દક્ષિણ પશ્ચિમ દિશાથી દરિયાઈ ભેજવાળો પવન ફુંકાઈ રહ્યો છે. બપોર બાદ પવનની દિશા અને ગતિ બદલાતા ગરમીમાં વધારો શરૂ થયો છે.

નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગત રોજ અધિકતમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૧.૭ ડિગ્રી નોંધાયુ છે પવનની દિશા બદલાતા સાંજ સુધી ગરમીમાં વધારો થવાથી પુરી શકયતા છે એપ્રિલ મહિનાના ચોથા સપ્તાહ દરમ્યાન શહેરીજનોને આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે.

સુરતના ચોર્યાસી ,ઉમરપાડા,કામરેજ અને ચોર્યાસીમાંથી વધુ ૫ કેસ નોંધાયા

સુરત મનપાના વધુ ૩ કર્મી સાથે નવા ૧૭ કોરોના કેસો આવતા કુલ સંખ્યા ૩૬૫ થઈ

સુરત

શહેર-જિલ્લામાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. વધુ પાંચ કેસ નોંધાતા પોઝોટિવ કેસનો આંક ૩૫૩ પર પહોંચ્યો છે. જેમાં વધુ ત્રણ મનપાના કર્મીઓ સહિતનાનો સમાવેશ થાય છે. શહેરને કોરોના વાઈરસ ભરડામાં લઈ રહ્યું છે. ત્યારે મનપા દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સ અને કર્ફ્યુનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, પોઝિટિવ દર્દીઓ પૈકી એક વેન્ટીલેટર પર છે. જયારે અન્ય ત્રણની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન પુણા વિસ્તારમાં ક્વોરન્ચીન વોર્ડમાં પોઝિટિવ દર્દીઓના પરિવારજનો દ્વારા જમવાની બાબતને લઈને હોબાળો મચાવવામાં આવ્યો છે.



પુણા વિસ્તારમાં ક્વોરન્ટીન વોર્ડમાં લઇ જવાયેલા પોઝિટિવ દર્દીઓના પરિવારજનોએ હોબાળો મચાવ્યો છે. પુણા ભૈયાનગર પાસે પાલિકા સંચાલિત સ્કૂલમાં હોબાળો કરવામાં આવ્યો છે. જમવાની બાબતને લઈને હોબાળો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. નાની નાની બાબતને લઈ હોબાળો કરવામાં આવી રહ્યો છે. પોલીસકર્મી સાથે પણ દૂરવ્યવહાર કરવામાં આવી રહ્યો છે. મનપાના ચોથા વર્ગના કર્મચારીઓ બાદ હવે ત્રીજા વર્ગના કર્મચારીઓમાં પણ કોરોનાનો ચેપ ફેલાયો છે. પુણામાં ફરજ બજાવતા એક કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ મંગળવારે ટેકનિકલ આસિસ્ટન્ટ તેમજ બે એસએસઆઈનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મોટા વરાછામાં એસએસઆઈ તરીકે ફરજ બજાવતા અને ઈમરજન્સી ડ્યુટીમાં સતત ફીલ્ડ પર રહેતા કાંતીભાઈ છોટુ સુરતીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

કાંતીભાઈ કોસાડ પાસે સૂર્યનગરમાં રહે છે.તેમને ત્યાં કામ કરતા કર્મચારીઓ મોટાભાગના સેન્ટ્રલ ઝોનમાંથી આવે છે. આ ઉપરાંત કતારગામ લલીતા ચોકડી પાસે આવેલા રણછોડજીપાર્કમાં રહેતા આનંદ હરીવતન ખંભાતી પણ મનપામાં એસએસઆઈ છે અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સુરત મનપાના લિંબાયત ઝોનમાં ટેક્નીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ખુશાલભાઈ એમ.પરમાર (૫૪) (રહે. શાંતીકુંજ સોસાયટી, પાલનપુર જકાતનાકા)નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.ખુશાલભાઈ અને મનપાના અન્ય કર્મચારી થોડા દિવસ અગાઉ પોઝિટિવ આવેલો બિલ્ડર જ્યાં જમતો હતો ત્યાં જ જમતા હતા.

સગર્ભા મહિલાઓ માટે ચોખ્ખા ઘીની સુખડી અને ચેવડાનું વિતરણ કરાશે

સુરત

કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકારના માર્ગદર્શન નીચે રાજ્ય સરકારો દ્વારા અનેક પગલાઓ લેવામાં આવી રહ્યા છે. હાલની આ વિકટ પરિસ્થિતિમાં સ્થાનિક પ્રશાસન સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી સંગઠનો પણ ખભે-ખભો મિલાવી આ ભગીરથ કાર્યમાં યથાયોગ્ય યોગદાન આપી રહ્યા છે. હાલ કોરોના વાયરસના ચેપને ફેલાવતો અટકાવવા અગમચેતીનાં પગલાં રૂપે જાહેર કરવામાં આવેલ લોકડાઉનની પરિસ્થિતિમાં શ્રમિકો, ઘરવિહોણા લોકો તથા અનેક જરૂરિયાતમંદ લોકો માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બન્યું છે. આ વિકટ સમયમાં સગર્ભા મહિલાઓની સ્થિતિ વધુ વિકટ બની છે. માતા અને બાળકની સુરક્ષા અને વિકાસ માટે સગર્ભા મહિલાઓને પોષણક્ષમ આહારની જરૂરિયાત હોય, આવી જરૂરિયાતમંદ મહિલાઓને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવા અંગેનું ભગીરથ કાર્ય માજી સ્થાયી સમિતિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વનિતા રેસીડન્સી, આમ્રકુંજ સોસાયટી, આશીર્વાદ રેસીડન્સી તથા અન્ય શુભેચ્છક મિત્રોના સથવારે અઠવા ઝોન ઘટક-૦૫ માં વોર્ડ નં. ૧૯,૨૦, ૨૧ તેમજ ૨૨ ની આંગણવાડી કેન્દ્રોમાં આવેલ વિસ્તારો જેવા કે ડુમસ, ભીમપોર, સુલતાનાબાદ, મગદલ્લા, આભવા, વાટા, ગવિયર, વેસુ, ઉમર, પીપલોદ, પનાસ, સિટીલાઈટ, ભરથાણા, અંબાનગર, તાજનગર, આઝાદનગર, ન્યુ ભટાર, અલથાણ, ખોડીયાર નગર, રસુલાબાદ વગેરેમાં ૫૦૦ થી વધુ સગર્ભા બહેનો આઈ. સી. ડી. એસ. (ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ) હેઠળ નોંધાયેલ છે. આ નોંધાયેલ ૫૦૦ જેટલી સગર્ભા બહેનોને એક બહેન દીઠ ચોખ્ખા ઘીમાંથી બનાવેલ ૫૦૦ ગ્રામ સુખડી તેમજ સગર્ભા બહેનના પરિવાર માટે ૫૦૦ ગ્રામ ચેવડો બનાવી વિતરિત કરવામાં આવશે.

મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા દર્દીઓ અને મુલાકાતીઓને ફેસ માસ્ક, સાબુ અને વિટામીન સી ટેબ્લેટનું વિતરણ

સૂરત

સુરત જિલ્લાના મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કોરોના વાઈરસ અને ફ્લુ સામે રક્ષણ મેળવી શકાય તે માટે દર્દીઓ અને મુલાકાતીઓને ફેસ માસ્ક, સાબુ અને વિટામીન સી ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, હાથ ધોવાની વૈજ્ઞાનિક પદ્ધતિનું નિદર્શન તેમજ રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન અપાયું હતું. સોશ્યલ ડિસ્ટન્સનું મહત્વ સમજાવી કફ અને શરદી ઉધરસ ધરાવતા દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી શંકાસ્પદ જણાતા સેમ્પલને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

યશફીન હોસ્પિટલમાં વિનામૂલ્યે તપાસ કરાશે

નવસારી

નવસારી ખાતે આવેલી યશફિન હોસ્પિટલ ખાતે કોરોના ફ્લુ (શરદી, ખાસી, તાવના ચિન્હો ધરાવતા દરદીઓ) માટેની ઓપીડી સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ તથા બપોરે ૨-૦૦ થી ૪-૦૦ દરમિયાન ઉપલબ્ધ છે. આવા દરદીઓની સંખ્યા વિનામૂલ્યે તપાસ અને દવાઓ સરકારશ્રી તરફથી આપવામાં આવે છે. નવસારીના એક જ વિસ્તારના બે કે તેથી વધુ દરદીઓ હોય તો યશફીન હોસ્પિટલ તરફથી વિનામૂલ્યે લાવવા લઇ જવાની સુવિધા આપવામા આવે છે. ઉપરોકત ચિન્હો ધરાવતા દરદીઓએ નવસારી યશફીન હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયું છે.

નવસારીમાં લોકડાઉનનો ભંગ બદલ કુલ ૫ હજારની અટકાયત

નવસારી જિલ્લા પોલીસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૦ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ ત્મ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૨૩૮ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૫૪ ની અટક કરવામાં આવી છે. તેમજ ધએપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૦૩ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૦૪ વ્યકિતની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૭૨ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૨૦ એપ્રિલ સુધીમાં કુલ ૫૦૦૦ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૫૫૦૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરતમાં કોરોના સંકટમાં આરામ ફરમાવતા ૧૬ TRB જવાનોને કરાયા સસ્પેન્ડ

સુરત

સુરતમાં કોરોનાના કેસમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૧૭ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૩૬૫ પર પહોંચ્યો છે. જેમાં વધુ ત્રણ મનપાના કર્મીઓ સહિતનાનો સમાવેશ થાય છે. શહેરને કોરોના વાઈરસ ભરડામાં લઈ રહ્યું છે. ત્યારે મનપા દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સ અને કર્ફ્યુનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આી રહી છે. આ તમામ વાતો વચ્ચે સુરત પોલીસ કમિશનરે લાલઆંખ કરીને મોટી કાર્યવાહી કરી છે. સુરત પોલીસ કમિશનરે ૧૬ ટીઆરબી જવાનોને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરી દેતા ચર્ચાનો વિષય બન્યો છે.



સુરત પોલીસ કમિશનરે ૧૬ ટીઆરબી જવાનોને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ૧૬ ટીઆરબી જવાનોને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરવા પાછળ સરપ્રાઈઝ ચેકિંગમાં આરામ કરતા હોવાનું સામે આવ્યું છે અને તેઓ રંગેહાથે ઝડપાયા છે. ૧૬ ટીઆરબી જવાનોમાં સુરતના મજૂરા ગેટના ૮, ઉધના દરવાજાના ૮ કર્મી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સુરતમાં લોકડાઉનના અમલ માટે ટીઆરબી જવાનોની મદદ લેવાઈ છે. ત્યારે તેમની બેદરકારી સામે આવતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, સુરતમાં કોરોના વાઈરસના કેહર વચ્ચે પોલીસ કમિશનરે લાલ આંખ કરીને આજે એક મોટી કાર્યવાહી કરી છે. સુરતમાં આજે ૧૬ ટીઆરબી જવાનોને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. લોકડાઉનનું અમલ બરાબર થાય તે માટે ટીઆરબીની મદદ લેવાઈ છે, ત્યારે ટીઆરબીજવાનોને જયાં પોઈન્ટ આપવામાં આવ્યા છે, ત્યાં પોલીસ કમિશનરની સરપ્રાઈઝ ચેકીંગમાં આરામ કરતા નજરે આવ્યા હતા. સુરતના મજુરા ગેટ ખાતે ફરજ બજવતા ૮ અને ઉધના દરવાજા નજીક ફરજ બજવતા ૮ જવાનો પર તાડ પડી છે. સુરત પોલીસ કમિશનરે તમામને સસ્પેન્ડ કર્યા છે. અત્રે નોંધનીય છે કે, પોઝિટિવ દર્દીઓ પૈકી એક વેન્ટીલેટર પર છે. જ્યારે અન્ય ત્રણની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન પુણા વિસ્તારમાં ક્વોરન્ટીન વોર્ડમાં પોઝિટિવ દર્દીઓના પરિવારજનો દ્વારા જમવાની બાબતને લઈને હોબાળો મચાવવામાં આવ્યો છે.

સુરતમાં રાજસ્થાનની સંસ્થા દ્વારા રોજ ૨૫ હજાર લોકોને કરાવાય છે ભોજન



સુરત

ના ભૂખ્યા રહીશું અને ના રાખીશું ના ગુરુ મહારાજ ના ઉદેશથી રાજસ્થાનની પ્રભુ લક્ષ્મીનાથ મહારાજની સંસ્થાએ છેલ્લા ૨૬ દિવસમાં ૬.૫ લાખ લોકોને જમાડી માનવતાનું ઉદાહરણ આપ્યું છે. રોજના ૨૫-૩૦ હજાર લોકોના ભોજન માટે આ સંસ્થામાં ૭ રસોઈયા મહારાજ સહિત ૪૫ જણા સવારે ૫ વાગ્યાથી રસોડાના કામે લાગી જાય છે. જોકે, આટલા મોટા ભોજન બનાવવાના રસોડામાં શાક અને રોટલીનો લોટ મશીન પર તૈયાર થાય છે અને રોટલી બનાવવાનું ૧ મશીન દર કલાકે ૧ હજાર રોટલી શેકીને આપી દે છે એવી ૭ મશીન પર રોજની ૬૫ હજાર રોટલીઓ તૈયાર થાય છે. નવાઈની વાત એ છે કે આટલા મોટા રસોડામાં દરેક કામની અલગ અલગ વ્યક્તિને જવાબદારી સોંપાઈ હોવાથી કામ સરળ થઈ જતું હોવાનું અહીંના વહીવટદારો કહી રહ્યા છે. એટલું જ નહીં પણ પ્રભુ લક્ષ્મીનાથ મહારાજ નામની સંસ્થાની કામગીરી લોટ, ચોખા, દાળ, તેલ સહિતના દાતાઓની ઉદારતાને લઈ રોજબરોજ મજબૂત બની રહી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત જિલ્લાના ૨૪૮૯ ખેડૂતો દ્વારા શાકભાજી અને ફળોનું સીધું વેચાણ

છેલ્લા ૧૩ દિવસમાં ખેડૂતોએ જંગી પ્રમાણમાં કેત પેદાશોનું સીધુ વેચાણ કર્યું

સુરત

નોવેલ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જરૂરી ચીજવસ્તુઓના વેચાણમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે અનેક પગલાઓ લેવામાં આવ્યા છે, જે સંદર્ભે શહેરીજનોને સરળતાથી શાકભાજી અને ફળફળાદિ મળી રહે, સુરત જિલ્લાના ખેડૂતો પોતાના શાકભાજી છુટક વ્યાપારીઓને સીધુ વેચાણ કરી શકે તે માટે શહેરના જુદા જુદા પાંચ સ્થળોએ ૮મી એપ્રિલથી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ૧૩ દિવસ દરમિયાન શહેરના પાંચ સ્થળોએ જિલ્લાના ૨૪૮૯ ખેડુતો દ્વારા ૬૧૧૬૭૦ કિ.ગ્રા. જેટલા શાકભાજી અને ફળફળાદિનું વેચાણ કરવામાં આવ્યું છે. ખેડુતોએ પોતાના માલનું છુટક વ્યાપારીઓને સીધુ વેચાણ કરતા હોવાથી ભાવ પણ સારો મળ્યો હોવાથી ખેડુતો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

જે અનુસાર ચોર્યાસી, બારડોલી, મહુવા અને પલસાણા તાલુકાના ખેડૂતો સૂરત શહેરના ભીમરાડ એસ. એમ. સી.પ્લોટ, દેવભૂમિ એપાર્ટમેન્ટની સામે જયારે ભેસ્તાન એસ. એમ. સી. પાર્ટી પ્લોટ, એન. એફ. આઈ. ગાર્ડનની સામે જયારે ઓલપાડ તાલુકાના ખેડૂતો પાલનપોર ભેસાણ એસ. એમ. સી. પ્લોટ, પ્રેસ્ટીજ રેવાન્ટા પાસે, ગૌરવપથ, પાલનપોર ખાતે તથા સિંગણપોર એસ. એમ. સી. પ્લોટ, જમુનાપાર્ક સોસાયટી પાસે, નવનાથનો ખાડો ખાતે ખેડુતો દ્વારા વેચાણ કરવામાં આવ્યું હતું. કામરેજ, માંગરોળ, માંડવી અને ઉમરપાડા તાલુકાના ખેડૂતો મોટા વરાછા એસ.એમ.સી. પ્લોટ, ગોકુલધામ સોસાયટીની સામે, રામચોક નજીક, મોટા વરાછા, સુરત ખાતે શાકભાજીનું વેચાણ કરી રહય છે. જેનો સારો ભાવ મળતા ખેડુતો ખુશખુશાલ થયા છે.

સુરતમાં સ્કૂલમાં ક્વોરન્ટીન કરાયેલ કોરોના સંક્રમિત પરિવારે પોલીસ સાથે કર્યો દૂર્વ્યવહાર

સુરત

કોરોના વાઈરસના પોઝિટિવ દર્દીઓના સગા સંબંધીઓને પણ તંત્ર દ્વારા કવોરન્ટીન કરવામાં આવે છે. ત્યારે પુણા વિસ્તારમાં કવોરન્ટી વોર્ડમાં લઈ જવાયેલા લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. પુણા ભૈયા નગર પાસે પાલિકા સંચાલિત સ્કૂલમાં ભારે હોબાળો કરવામાં આવ્યો હતો. જમવાના મુદ્દે પોલીસ જવાનોને ઉશ્કેરીને તેમની હાજરીમાં હોબાળો કરી ઘરે જવા દેવાની માંગ કરી હતી.



પોઝિટિવ કેસના પરિવારજનોને સ્કૂલમાં રાખવામાં આવતાં હોબાળો મચાવ્યો હતો. જમવાની બાબતને લઈ ધમાલ કરી રહ્યા છે.નાની નાની બાબતને લઈ હોબાળો કરવામાં આવી રહ્યો છે.પોલીસકર્મી સાથે દૂર્વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. વ્યવસ્થામાં રહેલા આયા બહેન સાથે પણ દૂર્વ્યવહાર પરિવારજનો કરી રહ્યાં છે. પોલીસને ઉશ્કેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોતાનો જીવ જોખમમાં મૂકી પોઝિટિવ પરિવારજનોની વચ્ચે ફરજ બજાવતા પોલીસકર્મી અમરતભાઈ સાથે દૂર વ્યવહાર કરવામાં આવ્યો હતો.

૧૮૦ ક્રૂ મેમ્બર્સ સાથે સુરતમાં ફસાયા સિરિયલ 'રાધાકિષ્ના'ના કલાકારો

ઉમરગામ

માયથોલોજીકલ સિરિયલ 'રાધાકિષ્ના'ના લીડ એક્ટર્સ સહિત ૧૮૦ ક્રૂ મેમ્બર્સ છેલ્લાં એક મહિનાથી શૂટિંગ લોકેશન પર ફસાયેલા છે. આ સિરિયલનું શૂટિંગ સુરત નજીક ઉમરગામમાં કરવામાં આવતું હતું. સૂત્રોના મતે, સિરિયલના લીડ એક્ટર્સ સુમેધ તથા મલ્લિકા સિંહ તથા ૧૮૦ ક્રૂ મેમ્બર્સ છેલ્લાં એક મહિનાથી અહીંયા છે. સિરિયલમાં સુમેધે કિષ્નાના રોલ કર્યો છે જયારે મલ્લિકાએ રાધાનો રોલ પ્લે કર્યો છે. મલ્લિકાએ એન્ટરટેઈન્મેન્ટ પોર્ટલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેમને શરૂઆતમાં એમ હતું કે થોડાંક જ દિવસો માટે લોકડાઉન હશે પરંતુ હવે તો એક મહિનો થવા આવ્યો છે. મલ્લિકાએ વધુમાં કહ્યું હતું કે જયારે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું ત્યારે મુંબઈ રહેતા તેના પરિવારે તેને સલાહ આપી કે તે જ્યાં છે ત્યાં જ રહે. હાલમાં મુસાફરી કરવી સલામત નથી. તે તેની મમ્મી સાથે અહીંયા છે. તેને એમ હતું કે થોડાં દિવસો બાદ તે મુંબઈ જશે પરંતુ તેઓ અહીંયા ફસાઈ ગયા છે.

મલ્લિકાએ સિંહે આગળ એમ પણ કહ્યું હતું કે સિરિયલના મેકર્સ તમામ બાબતોનું ધ્યાન રાખે છે. સેટ પર ભોજન તથા રહેવાની યોગ્ય વ્યવસ્થા છે. ડોક્ટર્સ પણ નિયમિત રીતે સેટની મુલાકાત લે છે અને તમામને તપાસે છે. આટલું જ નહીં સેનિટાઈઝેશન પણ નિયમિત રીતે કરવામાં આવે છે. સુમેધે કહ્યું હતું કે હાલના સમયે સૌથી મહત્ત્વની વાત સલામતી છે. તે પુનાનો છે પરંતુ શૂટિંગ શિડ્યૂઅલને કારણે તે પેરેન્ટ્સને બહુ ઓછું મળી શકતો હતો. આજે જ્યારે કામ નથી ત્યારે પણ તે પેરેન્ટ્સ તથા પરિવારથી દૂર છે. સિરિયલના અન્ય કલાકારો તથા ક્રૂ મેમ્બર્સે પણ કહ્યું હતું કે હાલમાં તેઓ પરિવારને મિસ કરે છે પરંતુ પરિવારને પણ ખ્યાલ છે કે આજના સમયે મુસાફરી કરવી સહેજ પણ સલામત નથી.



લોકડાઉન કોરોનાનું સંક્રમણથી લોકોની સુરક્ષા માટે કીમ પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. હેમંત આજરા સાહેબ દ્વારા કીમ બજારમાં ભીડ તથા ટ્રાફિક ન થાઈ તે માટે જાતે જ માઈક વડે એલાઉન્સ કરી વધુ ટ્રાફિક વારા રસ્તાઓ બંધ કરવામાં આવેલ હતા જેથી ટ્રાફિક સમસ્યાનો કીમ બજારમાં નિકાલ જોવા મળ્યો હતો.

સુરત તાપી ઓર્ગેનિક ફાર્મર કંપની શાકભાજીની હોમ ડિલીવરી કરશે

સજીવ ખેતી કરતા ખેડૂતો દ્વારા નહી નફો, નહી નુકસાનના ધોરણે શાકભાજીનું વેચાણ

સુરત

કોરોનાની આપત્તિના વિકટ સમયમાં પસાર થઈ રહેલા સુરતવાસીઓ માટે દક્ષિણ ગુજરાતના સજીવ ખેતી કરતા ખેડૂતો દ્વારા ચલાવવામાં આવતી સુરત તાપી ઓર્ગેનિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીએ ગુણવત્તાયુક્ત શાકભાજીની હોમ ડિલીવરી કરવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે.

સુરત કૃષિ બજાર(એ.પી.એમ.સી.માર્કેટ)ના સંચાલકો દ્વારા સુરત તાપી ઓર્ગેનિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીને લોકડાઉનમાં લોકોની શાકભાજીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે વિનામૂલ્યે દુકાન ફાળવવામાં આવી છે. સજીવખેતીથી પકવવામાં આવતાં કામરેજ, ઓલપાડ, મહુવા તાલુકાઓ સહિત નવસારી જિલ્લાના તેમજ સૌરાષ્ટ્રના અંદાજીત ૨૦૦ ખેડૂતોને પોતાની ખેતપેદાશની વેચાણનું યોગ્ય પ્લેટફોર્મ મળે, શાકભાજીનો બગાડ ન થાય તેમજ ખેડૂતોને ખેતજણસોના સારા ભાવ મળી રહે તે માટે આ સંસ્થા દ્વારા પ્રતિદિન ૧૪૦૦ જેટલા પરિવારોને શાકભાજી તેમજ ફળ, અનાજ, કઠોળ તેમજ અન્ય વસ્તુઓની ૪૦ જેટલી હોમ ડિલિવરી કરવામાં આવે છે. આ વ્યવસ્થાના કારણે ખેડૂતોને માળનું વળતર અને સુરતની જનતાને ઉત્તમ ગુણવત્તા અને કેમિકલમુક્ત શાકભાજી, ફળ, અનાજ, કઠોળ, ગોળ તેમજ ખેડૂત દ્વારા તૈયાર સ્વાસ્થ્યવર્ધક ચીજવસ્તુઓ ઉપલબ્ધ થઈ છે.

સંસ્થાના કૃષિબજાર, રીંગ રોડ સ્થિત સ્ટોર પરથી ખરીદી કરવા આવતા ગ્રાહકને અંદાજિત ૩૦૦૦ થી ૪,૦૦૦ કિલો શાકભાજી તેમજ ૧૦૦૦ કિલો કઠોળ, ૫૦૦ લિટર તેલનું લોકડાઉન દરમિયાન સીધું વેચાણ કરવામાં આવ્યું છે. આમ, લોકડાઉન તેમજ કર્ફ્યૂ જેવી પરિસ્થિતિમાં શાકભાજી સહિત અન્ય વસ્તુની માંગને પહોંચી વળવા સુરતાપી ઓર્ગેનિક ફાર્મર કંપનીના ટેમ્પા વાહન દ્વારા હોમ ડિલીવરી કરી કપરા સમયમાં લોકોને સહાયરૂપ થઈ રહ્યા છે.

નોંધનીય છે કે, સુરતાપી ઓર્ગેનિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીનો હેતુ ખેડૂત દ્વારા સજીવ ખેતીથી પકવેલા શાકભાજી, ફળ, અનાજ, કઠોળનું સીધું વેચાણ ખેડૂતના નામથી વપરાશકર્તા સુધી 'નહિ નફો, નહિ નુકસાન' ના ધોરણે કરાઈ રહ્યું છે. જેમાં ૨૦૦૦ જેટલા સુરત શહેરના ગ્રાહકો તેમજ ગુજરાત અને ગુજરાત બહારના ૭૦૦ ખેડૂત જોડાયેલા છે. સુરત ખાતે સ્ટોર પ્રારંભ થયાને ૬ મહિના જેટલો સમયમાં સ્ટોર દ્વારા ફક્ત સોશ્યલ મીડિયાના માધ્યમથી ઓર્ડર લઈ વહેલા તે પહેલાના ધોરણે હોમ ડિલિવરી કરે છે. આ કાર્યમાં જિલ્લા ખેતીવાડી વિભાગ, કૃષિવિજ્ઞાન કેન્દ્ર, આત્મા વિભાગ, સુરત કલેકટર કચેરી, પોલીસ વિભાગ, એ.પી.એમ.સી.નો સહયોગ મળી રહ્યો છે.

કોરોના સંકટ જોતા સુરતમાં મનપાની ઓફિસનું કરાયું સ્થળાંતર

સુરતમાં તંત્ર દ્વારા બે નવા ક્લસ્ટર ઝોન જાહેર કરાયાં



સુરત

ગુજરાતમાં કોરોનાનો મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યમાં સૌથી વધારે કોરોનાના કેસ અમદાવાદ અને સુરતમાં જોવા મળ્યાં છે. જો કે અમદાવાદ, સુરત અને રાજકોટના કેટલાંક વિસ્તારોમાં લોકડાઉન હોવા છતાં કર્ફ્યું લગાવામાં આવ્યો છે. આ સાથે જે તે શહેરમાં જે વિસ્તારોમાંથી વધારે કોરોના વાયરસના દર્દીઓ જોવા મળે છે તે વિસ્તારને તંત્ર દ્વારા ક્લસ્ટર ઝોન જાહેર કરવામાં આવે છે.

ત્યારે સુરત શહેરમાં નવા બે ક્લસ્ટર ઝોન જાહેર કરાયાં છે. કોરોનાના કહેરને લઈને સુરતમાં તંત્ર દ્વારા બે નવા ક્લસ્ટર ઝોન જાહેર કરાયાં છે. જેમાં શહેરના ભટાર વિસ્તારના બે નવા ક્લસ્ટર ઝોન જાહેર કરાયા છે. આ વિસ્તારમાં આવેલા આઝાદનગર અને તાજનગરના ૧૪૬ ઘરોને ક્લસ્ટર કરાયાં છે. શહેરના ભાટર વિસ્તારમાં નવા જાહેર કરાયેલાં ક્લસ્ટર ઝોનમાં ૫૩૦ જેટલા લોકોને હોમકોરોન્ટાઈન કરાયાં છે. જો કે આ અગાઉ ભટાર શાકભાજીના વિક્રેતાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દ્વારા ૧૨મોં વિસ્તાર ક્લસ્ટર જાહેર કરાયો છે.

સુરત શહેરમાં કોરોના વાયરસની મહામારી કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના કેટલાંક વિસ્તારમાંથી રોજ નવા કેસો સામે આવે છે. શહેરના માનદરવાજા વિસ્તારમાં કોરોનાના વધુ પોઝિટિવ કેસ સામે આવતા તંત્ર દ્વારા શહેરની મનપા ઓફિસનું સ્થળાંતર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા કર્મચારીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. આમ સુરત મનપાની ઓફિસનું માનદરવાજા વિસ્તારમાંથી સ્થળાંતર કરાયું. શહેરના માનદરવાજા વિસ્તારમાંથી ભાટેના ભારતનગરમાં સ્થળાંતર કરાયું છે.

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરતી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ

અંકલેશ્વર

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ તથા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ હાલમાં કોરોના વૈશ્વિક મહામારી વાયરસનું સંક્રમણ અટકે તેના માટે લોકડાઉનનો અસરકારક રીતે અમલ થાય તે હેતુથી જિલ્લામાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સરકાર દ્વારા જાહેરનામા બહાર પાડેલ હોય જેનો ભંગ કરનાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવેલ છે જેના આધારે જીઆઈડીસી વિસ્તારમાં આવેલ પશુપતિનાથ મંદિર સામે આવેલ આરાધના એવન્યુ મ. નં. એ-૨૦૧માં રહેતા ગીતાબેન અરવિંદભાઈ પટેલ ઘરે તેમના ભાઈ જયેન્દ્રભાઈ મંછાભાઈ પટેલ, રહે. પાટણ તા. જી. પાટણનાઓ તેની બહેનના ઘરે આવ્યાની માહિતી મળતા સદર ઈસમને સરકારે અધિકૃત કરેલ અધિકારી દ્વારા બહારના જિલ્લાથી અત્રેના ભરુચ જિલ્લામાં આવવા અંગેની પરમીશન મેળવેલ હોય તે રજૂ કરાવા જણાવતા આવી કોઈ પરમીશન મેળવેલ ન હોય આથી સરકારના જાહેરનામાનો ભંગ થતો હોય સદર ઈસમ વિરુદ્ધ અંકલેશ્વર જીઆઈડીસી પો. સ્ટે.માં ઈપીકો કલમ ૧૮૮ તથા ઈપીકો કલમ ૧૩૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ કલમ ૫૧ (બી) મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરતી ઉમલ્લા પોલીસ

ભરુચ

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ તથા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ હાલમાં કોરોના વૈશ્વિક મહામારી વાયરસનું સંક્રમણ અટકે તેના માટે લોકડાઉનનો અસરકારક રીતે અમલ થાય તે હેતુથી જિલ્લામાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા સારું સરકાર દ્વારા જાહેરનામા બહાર પાડેલ હોય જેનો ભંગ કરનાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સૂચનાના આધારે ઉમલ્લા પો. સ્ટે. વિસ્તારમાં આવેલ કાકરપાડા ગામ તા. નેત્રંગ જિ. ભરુચ ખાતે રહેતા શાંતિલાલ છેલાભાઈ વસાવાના ઘરે અમદાવાદથી ખેમચંદ વરશનભાઈ વણકર ઉ. વ. ૪૦ રહે. બાભોસણ તા. હારીજ જી. પાટણ ઠાકોરવાસ આવ્યાની માહિતી મળતા સદર ઈસમને સરકારે અધિકૃત કરેલ અધિકારી દ્વારા બહારના જિલ્લાથી અત્રેના ભરુચ જિલ્લામાં આવવા અંગેની પરમીશન મેળવેલ હોય તે રજૂ કરવા જણાવતા આવી કોઈ પણ પરમીશન મેળવેલ ન હોય આથઈ સરકારના જાહેરનામાનો ભંગ થતો હોય સદર ઈસમ વિરુદ્ધ ઉમલ્લા પો. સ્ટે. ઈપીકો કલમ આઈપીસી કલમ ૧૮૮ તથઆ જીપીએક્ટ કલમ ૧૩૯ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ ૫૧ (બી) મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સંકટના સમયમાં ફિનો પેમેન્ટ બેંકનો માનવતાવાદી અભિગમ

કિઓસ્ક કેન્દ્રો દ્વારા સમાજના પરિસરમાં બેંકિંગ વ્યવહાર

સુરત

કોવિડ -૨૯ નો વધતો જતો અને બેંકોમાં ભીડને રોકવા માટે સોસાયટીઓએ હવે સોસાયટીઓના પરિસરમાં બેંકના મિત્રોને પ્રવેશ આપવાની પહેલ કરી છે. ફિનો પેમેન્ટ બેંકના બેંક મિત્રોએ માત્ર બે જ કલાકમાં સુરતમાં સોસાયટીમાં આશરે સાડા ત્રણ લાખનું લેણદેણ કર્યું હતું. ફિનો પેમેન્ટ બેંકને સોસાયટીની સમિતિની વિનંતી પર, સોસાયટીના પરિસરમાં સામાજિક અંતર જાળવી રાખીને આ તમામ વ્યવહાર કરવામાં આવ્યા હતા. બેંકમાં ભીડ ન થાય તે માટે ઘરે વૃદ્ધોને પેન્શન વિતરણ કરવામાં આવી રહ્યું છે. કિઓસ્ક સેન્ટરની સ્થાપના કરવામાં આવી રહી છે અને સરકારી યોજનાઓ દ્વારા અપંગ અને સગર્ભા મહિલાઓ અને વિધવાઓને ભંડોળ વહેંચવામાં આવી રહ્યું છે. સુરત ના ખાનગી સોસાયટીના પ્રાંગણમાં કિઓસ્ક સેન્ટર સ્થાપિત કરીને, ફિનો પેમેન્ટ બેંકે મુંબઈકારોને માઈક્રો એટીએમ સેન્ટર દ્વારા તેમના બેંક ખાતામાંથી પૈસા ઉપાડવાનું શક્ય બનાવ્યું છે. મુંબઈની જેમ થાણે ખોડબંદર વિસ્તારમાં આવેલી શ્રીજી સ્પ્લેન્ડર સોસાયટીમાં પણ આજ રીતે બેંકિંગનું સંચાલન કરવામાં આવ્યું હતું. હવે સમાજના પરિસરમાં આવી રીતે બેંકિંગ કરવામાં રુચિ દર્શાવતા હવે કેટલીક વધુ સોસાયટીઓએ પહેલ કરી છે.

જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુનો દાખલ કરી અટક કરતી ભરુચ શહેર એ ડીવીઝન પોલીસ

ભરુચ

ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલ છે જેના અનુસંધાને નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરુપે ભરુચ જિલ્લા કલેક્ટર મારફતે બહાર પાડવામાં આવેલા જાહેરનામા અંતર્ગત કોઈપણ વ્યક્તિ સક્ષમ સત્તા અધિકારીની લેખિત પૂર્વ મંજૂરી સિવાય ભરુચ જિલ્લાની હદ પસાર કરી શકશે નહિ તેમજ બહારથી ભરુચ જિલ્લાની હદમાં પ્રવેશ કરી શકશે નહી જે જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી મળેલી સૂચનાના આધારે નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરુચ શહેર એ ડીવીઝન પોલીસ દ્વારા સદર જાહેરનામાની અમલવારી દરમ્યાન મીતાલીબેન રીકેશભાઈ ઠાકોરભાઈ સોલંકી રહે. બી-૪, નારાયણ એસ્ટેટ, શક્તિનાથ ભરુચ બારેજડી તા. દસકોઈ, જિ. અમદાવાદ ખાતેથી કોઈપણ સક્ષમ અધિકારીની પાસ પરમીટ લીધા વિના ભરુચ ખાતે પોતાના પતિના ઘરે રહેવા આવી જાહેરનામા અમલવારીનો ભંગ કરેલ હોય તેના વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જીપી એક્ટ ૧૩૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ ૫૧ (બી) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

રાજ્ય સભા સાંસદ એહમદ પટેલે દત્તક લીધેલ નર્મદા જિલ્લાના અંતરિયાળ વાંદરી ગામે ૧૭૫ અનાજ કીટનું વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના ના કહેર ને કારણે સમગ્ર ભારત માં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ગરીબ વર્ગ મુશ્કેલી માં મુકાયું છે તેવામાં ઘણા નેતાઓ તેમજ સામાજિક સંસ્થાઓ લોકોની વ્હારે આવ્યા છે.ત્યારે નર્મદા જિલ્લાના અંતરિયાળ વાંદરી ગામ કે જે કોંગ્રેસના રાજ્ય સભા સાંસદ એહમદભાઈ પટેલે દત્તક લીધુ છે તે ગામમાં પેહલા રસ્તાની સુવિધા ન હતી કોઈ બીમાર પડે કે હોસ્પિટલ લઈ જવાનું થાય તો ઝોળી બનાવી લઈ જવા પડતા ઉપરાંત વીજળી ની સુવિધા પણ ન હતી લોકોને ખેતી કરવા માટે સિંચાઈ નું પાણી પણ મળતું ન હતું ત્યારે અહેમદભાઈ પટેલે દત્તક લીધા બાદ વાંદરી ગામ માં રોડ રસ્તા,વીજળી,સિંચાઈ સહિત ની સુવિધાઓ ઉભી થઈ છે.

હાલ જ્યારે કોરોનાની મહામારી ના કારણે લોકડાઉન ની પરિસ્થિતિમાં લોકોની રોજી રોટી પણ બંધ થઈ છે અને ગરીબ મજૂરીયાત લોકો નિરાધાર બન્યા છે એ પરિસ્થિતિ માં અહેમદભાઈ પટેલ ની સૂચના મુજબ વાંદરી ગામમાં ગરીબ જરૂરીયાતમંદોને નાંદોદ ધારાસભ્ય પી.ડી. વસાવા એ આજરોજ ૧૭૫ જેટલી અનાજ ની કિટનું વિતરણ કર્યું હતું. સાથે નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ દામાભાઈ વસાવા, ડેડીયાપાડા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ દેવજી ભાઈ વસાવા, ડેડીયાપાડા એ.પી.એમ.સી ચેરમેન જાતર ભાઈ સહિત ના હોદેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા

આ બાબતે નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે રાજ્યસભા સાંસદ એહમદભાઈ પટેલ ની સૂચના મુજબ તેમણે દત્તક લીધેલ નર્મદા જિલ્લાના વાંદરી ગામે ૧૭૫ જેટલી અનાજની કીટ નું વિતરણ કર્યું છે એહમદ ભાઈ એ દત્તક લીધા બાદ આ ગામમાં રસ્તા, વીજળી,સિંચાઈ અને શિક્ષણની સુવિધાઓ ઉભી થઈ છે.

ગુજરાત બ્યુટી એસો.દ્વારા લોકડાઉનમાં બ્યુટીશનોના ધંધા બંધ થતા આર્થિક સહાય બાબતે સી. એમ.ને રજુઆત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી એ પગપેસારો કર્યો છે હાલ લોકડાઉન ચાલુ હોવાથી મોટાભાગના ધંધા બંધ છે ત્યારે ગુજરાત સરકારે ઘણાને સહાય આપવા રજુઆત કરી હોય તેવામાં ગુજરાત બ્યુટી એસો. દ્વારા પણ બ્યુટીસીયનોના ધંધા બંધ હોય આર્થિક સહાય આપવા સી.એમ.ને લેખિત રજુઆત કરવામાં આવી છે.

આ રજુઆત મુજબ હાલની વર્તમાન કોરોનાની મહામારી અને કેન્દ્ર સરકારના લોક ડાઉનના આદેશ મુજબ ગુજરાત સરકાર ગુજરાતમાં તેનું ચુસ્ત પાલન કરી રહી છે. સાથે સાથે કેન્દ્ર સરકારે ખેડુત માટે જે આર્થિક સહાય જાહેર કરી છે. તેનું પણ રાજ્ય સરકાર પાલન કરી રહી છે. છુટક મજુરી કરતા શ્રમજીવોકોને કામ ચાલુ કરવાની જાહેરાત કરેલી છે.ત્યારે ખેડુતોની સીઝન ફેઈલ ગઈ છે તેમ સમગ્ર ગુજરાત ની બ્યુટીશનોની પણ આ કોરોનામાં સીઝન ફેઈલ ગયેલ છે અને તે પણ ખુબજ આર્થિક સમસ્યામાં છે. તો તેમને આર્થિક સહાય અને તેમના પાર્લર અને ઘરના વીજ બીલ માફ કરવા અને તેમને સરકારના ધારા ધોરણ મુજબ કામ ચાલુ કરવાની સરકારની શરતોને આધીન રહીને છુટછાટ આપવા રજુઆત કરવામાં આવી છે તેમ ગુજરાત બ્યુટી એસોશીયેશનના અશ્વિનભાઈ બહ્મભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

રાજપીપળા માં વીજ કર્મીઓને સુરક્ષાના સાધનોનો અભાવ..?!: જીવના જોખમે બળબળતા તાપમાં લોખંડના પોલ પર કામ કરતા બે કર્મચારીઓ





- રાજપીપળા દરબાર રોડ મોચીવાડ ની સાંકડી ગલીમાં મોડીરાત્રે બ્લાસ્ટ થતા લોકોના જીવ તાળવે ચોટયા
- જોકે વીજ કંપનીની બેદરકારીમાં સર્વિસ વાયરો ગમેતેમ લટકતા શોર્ટ સર્કિટ ના કારણે ધડાકો થયો હતો જેમાં આકરી ગરમીમાં એક કલાક લાઈટો બંધ રહી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ રાજપીપળા માં આકરી ગરમી અને લોકડાઉનના કારણે લોકો પોતપોતાના ઘરમાજ હોય ત્યારે વહેલી સવારે ત્રણ વાગે દરબાર રોડ મોચીવાડ ની સાંકડી ગલીમાં લોકો મીઠી નિંદર માણી રહ્યાં હતાં ત્યારે અચાનક જોરાદર ધડાકો થતાં લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. જોકે આખા વિસ્તારની લાઈટો જતાં આકરી ગરમીમાં લોકો બહાર નીકળ્યા ત્યારે જોયું કે વીજ કંપની ની લાઈન ના આડેધડ લટકતા વાયરો ના કારણે શોર્ટ સર્કિટ થયું હતું.ત્યારબાદ સ્થાનિકો એ વીજ કંપનીમાં ફોન કરતા લાઈનમેન આવી કામચલાઉ કામગીરી કરી ગયા જેમાં પાંચેક ઘરની લાઈટો ન આવતા લોકો ગરમી ના કારણે હેરાન થઈ ગયા હતા.બીજા દિવસે બપોર સુધી પણ આ પાંચ ઘર ની લાઈનોનું કામ ન થતા લોકો અકળાઈ ઉઠ્યા હતાં.ત્યારે વીજ કંપની માંથી એમ જાણવા મળ્યું કે હમણાં કલેક્ટર કચેરીનું મેન્ટેનન્સ ચાલે છે એ પતે એટલે માણસો આવશે.સ્થાનિકોના જણાવ્યા મુજબ આ શોર્ટ સર્કિટ મોડી રાત્રે થયું,જો દિવસ દરમિયાન થયું હોત તો ત્યાં નાના બાળકો રમતા હોય મોટી દુર્ઘટના બનતી માટે વીજ કંપની પહેલા અમારી ગલીના લટકતા વાયરો બરાબર કરી લોકોના માથે મંડરાતું જોખમ દૂર કરે.

વીજ કંપનીના લાઈનમેનો સુરક્ષાના સાધનો વગર જોખમી કામ કરતા જોવા મળ્યા

રાજપીપળા માં વીજ કંપનીના લાઈનમેનો સુરક્ષા ના સાધનોનો અપાતા નથી..? મોચીવાડ વિસ્તારમાં ભર બપોરે જીવના જોખમે બળબળતા તાપમાં લોખંડના પોલ પર ખુલ્લા પગે કામ કરતા બે કર્મચારીઓ ન કરે નારાયણ અને કઈ થાય તો કોણ બેલી..?શુ એમને સેફટી માટેના સાધનો નથી આપતા..?!

નર્મદા જિલ્લામાં ૧૧ કોરોના પોઝીટીવ કેસ પૈકી એક વૃદ્ધાની તબિયત ગંભીર: વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં રીફર કરાયા



આજે એક પણ નવો પોઝીટીવ કેસ નથી પરંતુ અત્યાર સુધી કોરોના પોઝીટીવના ૧૧ કેસ હતા જેમાંના ગત ૧૫ એપ્રિલે પ્રથમ ૨ પોઝીટીવ કેસ આવ્યા હતાં તે પૈકીની દુમખલ ની મહિલા ની હાલત ગંભીર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ નો આંકડો ૧૧ દર્દીઓ પર સ્થિર છે નવા કોઈ પોઝીટીવ કેસ જોવા મળ્યા નથી પરંતુ ૧૧ પૈકી ગત ૧૫ એપ્રિલે શરૂઆત માજ પોઝીટીવ આવેલા બે કેસો પૈકી ની એક દુમખલ ગામની વૃદ્ધા સરિતાબેન નટવરભાઈ જાધવ ની હાલત વધુ ખરાબ થતા તેમને વડોદરા ગોત્રી હોસ્પિટલ માં રીફર કરવામાં આવ્યા છે. જોકે આ બાબતે રાજપીપળા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડો.જ્યોતિ ગુપ્તા એ જણાવ્યું હતું કે વડોદરા રીફર કરાયેલા દર્દીને શ્વાસ ની તકલીફ વધતા તેમને ગોત્રી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે.

કેન્દ્રીય NVBDCP ના ડાયરેક્ટર ડૉ.નિરજ ઢીંગરાની આગેવાની હેઠળ રાજપીપળા ની કોવિડ હોસ્પિટલ ખાતે બેઠક મળી





આરોગ્ય ટીમે રાજપીપળા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે કાર્યરત ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા


વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના ઝડપી સંક્રમણને અનુલક્ષીને તેની સામે રક્ષણાત્મક ઉપાય અને તકેદારીના ભાગરૂપે રાજપીપળા સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે કાર્યરત ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલની કેન્દ્રીય NVBDCP-નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંન્ટ્રોલ પ્રોગ્રામના ડાયરેક્ટર ડૉ.નિરજ ઢીંગરાની આગેવાની હેઠળની કેન્દ્રિય આરોગ્ય ટુકડીએ આજે મુલાકાત લઈ વિવિધ વિભાગોમાં ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય આરોગ્ય ટૂકડીની સાથે રાજ્યકક્ષાએથી પણ આરોગ્ય ટૂકડી આ પ્રવાસમાં સાથે જોડાઈ હતી.

કેન્દ્રિય નિયામક ડૉ.નિરજ ઢીંગરાએ કોવીડ હોસ્પિટલની મુલાકાત લીધા બાદ હોસ્પિટલ ખાતે જ જિલ્લા કલેક્ટર મનોજ કોઠારી, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કે.પી.પટેલ, સીવીલ સર્જન ડૉ.જ્યોતિબેન ગુપ્તા સહિત સિવીલ હોસ્પિટલ ઉપરાંત આરોગ્ય વિભાગના અન્ય તબીબો તેમજ હોસ્પિટલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો સાથે બેઠક યોજીને નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારી સંદર્ભે પ્રવર્તમાન લોકડાઉનના અમલ તેમજ કોરોના વાયરસના સંક્રમણથી અસરગ્રસ્ત પોઝીટીવ દરદીઓને આઈસોલેશન હેઠળ અપાઈ રહેલી સારવાર ઉપરાંત હોમ કોરન્ટાઈન અને ગવર્મેન્ટ બેઈઝ ફેસીલીટી હેઠળ રખાયેલા કોરન્ટાઈન વ્યક્તિઓ, માસ સેમ્પલીગની જિલ્લામાં થયેલી કામગીરી અંગેની જાણકારી મેળવી હતી. જિલ્લા એપેડેમિક મેડીકલ ઓફિસર ડૉ. આર.એસ. કશ્યપે આ બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા નોવેલ કોરોનાના ૧૧ પોઝીટીવ કેસવાળા દરદીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સહિત તેમના તરફથી અન્ય વ્યક્તિઓ સાથે થયેલાં સંપર્ક અંગેની વિસ્તૃત જાણકારી આપવા ઉપરાંત જિલ્લામાં સારવાર હેઠળના દરદીઓના સેમ્પલની ચકાસણી સહિત માસ સેમ્પલીગની ચકાસણી અન્વયે પ્રાપ્ત થયેલ પોઝીટીવ-નેગેટીવ રિપોર્ટની વિગતો ઉપરાંત કોરન્ટાઈન હેઠળની વ્યક્તિઓ ની આંકડાકીય જાણકારી થી પણ કેન્દ્રિય ટૂકડીને વાકેફ કર્યા હતા.

સુરત લોકડાઉનમાં પોલીસ દ્વારા સોસાયટીમાં દેશભક્તિનો કાર્યક્રમ, કોલોએ બાલ્કનીમાંથી આપ્યું સમર્થન

સુરત

જહાંગીરપુરા વિસ્તારના નક્ષત્ર નેબ્યુલા રેસિડેન્સીમાં જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ પાટીદાર અને પોલીસ સ્ટાફ દ્વારા દેશભક્તિના ગીતનો કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમને સોસાયટીના રહીશોએ પોતાની બાલ્કનીમાંથી માણ્યો હતો. જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં એક પણ કેસ કોરોનાનો હજુ



સુધી આવ્યો નથી અને આપણે સહુએ સાથે મળીને આવવા દેવાનો પણ નથી જે માટે આપ જે રીતે લોકડાઉનનું પાલન કરો છો તેજ રીતે કરતા રહેજો તેવું પી.આઈ પાટીદાર દ્વારા જણાવવામાં આવ્યું હતું. તમામ લોકો દ્વારા મોબાઈલની ફ્લેશ લાઈટ દ્વારા પોલીસ સ્ટાફનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

રાજસ્થાનના કોટામાં ફસાયેલા દમણના વિદ્યાર્થીઓને વતન પરત લવાશે

દમણ

કોરોના મહામારીના લોકડાઉનને કારણે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દિવના વિદ્યાર્થિઓ અભ્યાસઅર્થે રાજસ્થાનના કોટામાં ગયા હતા તે ફસાઈ ગયા છે. ફસાયેલા પર વિદ્યાર્થીઓને પરત લાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત સંઘપ્રદેશ પ્રશાસને બુધવારે ૩ બસ દ્વારા આ વિદ્યાર્થીઓને પરત લાવવાની જાહેરાત કરી અન્ય વિદ્યાર્થીઓની માહિતી માગી છે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના કલેક્ટર સંદીપકુમાર સિંઘ અને દમણના કલેક્ટરે જાહેરાત કરી હતી કે, પ્રસાશન દ્વારા આ વિસ્તારના જે વિદ્યાર્થીઓ રાજસ્થાનના કોટામાં અભ્યાસ માટે ગયા બાદ લોકડાઉનમાં ફસાયેલા છે તેમને પરત લાવવા પ્રશાસને વ્યવસ્થા કરી છે. પ્રશાસન દ્વારા રાજસ્થાન સરકાર સાથે વાત કરી બુધવારે ત્રણ બસ કોટા રવાના કરી આ વિદ્યાર્થીઓને પરત લાવવાની કામગીરી હાથ ધરી છે. એક અનુમાન મુજબ રાજસ્થાનના કોટામાં દાદરા નગર હવેલીના ૩૫ વિદ્યાર્થીઓ, દમણના ૯ વિદ્યાર્થીઓ અને દીવના ૮ વિદ્યાર્થી ફસાયેલા છે. જે લોકોના નામ અને વિગત પ્રશાસન પાસે આવી છે. એ ઉપરાંત પણ જો કોઈ વિદ્યાર્થી કોટામાં ફસાયેલા હોય તો તેની વિગતો વહેલી તકે પ્રશાસનને આપવા અપીલ કરી છે. જેથી એ વિદ્યાર્થીઓને વતન પરત લાવી શકાય.

કપરા સમયે કડોદરા પોલીસથી ફરજ નિષ્ઠા: પોલીસનું અભિવાદન કરાયું

અરુણ દુબે દ્વારા ૧૪૦૦ પરિવારોને રાશનનું વિતરણ

સુરત, તા.૨૨

કોરોનાની મહામારીના લીધે કડોદરામાં દિવસ રાત લોકોની સેવામાં તત્પર રહેતા કડોદરા પો.સ્ટેના અધિકારી તથા કર્મચારીઓને અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમને ઠંડા પાણીના જંગની સામે ગુલાબનું ફુલ આપી અભિવાદન કરાયું હોવાનું પલસાણા તાલુકા પંચાયતના સદસ્ય અરૂણ ડુબેએ જણાવ્યું હતું કોરોના ને ફેલાતો રોકવા માટે કડોદરા પો.સ્ટેના પો.સ.ઇ વળવી તથા પોલીસ કર્મીઓ કડોદરા વિસ્તારોમાં લોકોને સોશ્યલ ડિસ્ટન્સ તથા લોકડાઉનનું પાલન કરાવવા માટે તડકા તાપમાં પણ છેલ્લા એક મહિનાથી લોકોની સેવામાં લાગેલા છે કડોદરા વિસ્તાર ઔદ્યોગિક હોવાથી પરપ્રાંતિઓની સંખ્યા પણ મોટા પ્રમાણ છ. આથી ડીવાયએસપી સહિત ઉચ્ચ પોલીસ અધકારીઓ પણ આ વિસ્તારનું નિરીક્ષણ કરીને પોતાની ફરજ નિભાવી રહ્યા છે. કડોદરામાં તકેદારીની સાથે ફરજ બજાવતા વળવી સાહેબ સહિત પોલીસ કર્મચારીઓનું અભિવાદન કરાયું હતું. વધુમાં ઉમેરયું કે વળવી સાહેબની સાથે જરૂરિયાત મંદ ૭૦ લોકોને રાશનનીસામગ્રી પણ વિતરણ કરાઈ હતી . અત્યાર સુધીમાં ૧૪૦૦ જેટલા પરીવારોને રાશનની સામગ્રી વિતરણ કરી ચુક્યા છે અને ૬૦૦ રાશન કીટ બનાવવામાં આવી રહી છે.